પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

વાંચકોનો અખંડ વિશ્વાસ જ અમારી સફળતાનો સિમ્બોલ

શહેર આવૃત્તિ    પાના:૧૬    તા. ૧૫-૧૦-૨૦૨૬, ગુરૂવાર વર્ષ: ૧૫, અંક : ૧૯૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia







મતદારોના નામ કાપવા મુદ્દે

# રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમ કોર્ટેની ચૂંટણી પંચ-જ્ઞાનેશ કુમારને નોટિસ

## અદાલતે ચૂંટણી પંચ અને સીઈસી પાસેથી જવાબ માંગતા આ કેસને વિવિધ રાજ્યોમાં એસઆઈઆરની માન્યતાને પડકારતી અન્ય પેન્ડિંગ અરજીઓ સાથે જોડી દીધો

### જંતર મંતરને પ્રદર્શન સ્થળમાંથી હટાવી દેવાતા કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને પણ નોટિસ ફટકારી

**અબતક, રાજકોટ**

દેશભરમાં ચાલી રહેલી મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન - એસઆઈઆર પ્રક્રિયા અને તે દરમિયાન મોટા પાયે મતદારોના નામ રદ કરવાના ગંભીર આરોપો સાથે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન સુપ્રીમ કોર્ટ પહોંચ્યું છે. વિપક્ષની અરજી બાદ સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભારતીય ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે.આ કેસમાં ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની વિશેષ બેંચે સુનાવણી હાથ ધરી હતી. અદાલતે ચૂંટણી પંચને નોટિસ આપવાની સાથે સાથે અરજદારોમાંના એક નેતાના આચરણ પર ગંભીર સવાલો પણ ઉઠાવ્યા છે.ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી દિગ્ગજો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી. અદાલતે ચૂંટણી પંચ અને સીઈસી પાસેથી જવાબ માંગતા આ કેસને વિવિધ રાજ્યોમાં એસઆઈઆરની માન્યતાને પડકારતી અન્ય પેન્ડિંગ અરજીઓ સાથે જોડી દીધો છે.આ ઉપરાંત જંતર મંતરને પ્રદર્શન સ્થળમાંથી હટાવી દેવતા કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસ પણ નોટિસ ફટકારી છે.

આ સમગ્ર સુનાવણીમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે તેઓ આગામી તારીખે અરજદારોમાંથી એક નેતાને તેમના અગાઉના આચરણ અંગે જવાબ આપવા કહેશે. જોકે, ખંડપીઠે તે નેતાનું નામ જાહેર કર્યું નહોતું.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, નોટિસ ઈશ્યૂ કરવામાં આવે છે, પરંતુ તે પહેલાં એક વાંધો છે. આગામી સુનાવણીની તારીખે અમે અરજદારોમાંથી એક નેતાને તેમના વલણ અને આચરણ અંગે સવાલ પૂછવા માંગીશું. નોટિસ પાઠવવાનો અર્થ એ નથી કે અમે કંઈપણ પૂર્વગ્રહપૂર્વક સ્વીકારી રહ્યા છીએ કે કશાની ટીકા કરી રહ્યા છીએ.આ કાનૂની લડત અચાનક શરૂ નથી થઈ. દિલ્હીમાં

(અનુ. આઠમા પાને)

### અરજદાર પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી

સીજેઆઈ જસ્ટિસ સૂર્ય કાંતે કહ્યું, નોટિસ જારી કરો. અમે એ જ કહી રહ્યા છીએ.પરંતુ તે પહેલાં, એક વાંધો છે... અમે આગામી સુનાવણીની તારીખે અરજદારોમાંથી એકને તેમના વર્તન વિશે પૂછવા માંગીએ છીએ. નોટિસ જારી કરવાનો અર્થ એ નથી કે અમે કંઈપણ માફ કરી રહ્યા છીએ. અમે નોટિસ જારી કરી રહ્યા છીએ. પરંતુ અરજદારોમાંથી એકના સંદર્ભમાં અમે ચોક્કસપણે આ મુદ્દા પર વિચાર કરીશું. અમે એક અરજદારના કિસ્સામાં તેના વર્તનના ખુલાસાના આધારે નોટિસ પર વિચાર કરીશું.


શૌર્ટસ    વિણાટ દેશી
કાઠિયાવાડી
ખમણ નમકીન
કરીયાણાના વેપારી
મોલ-સુપર માર્કેટ માટે ઓફર
અપ્પુ
ચણાદાળ
ડીલર એજન્ટ જોઈએ છે
વિણાટ ચણા મળશે
9824200970


તેજીના સથવારે રોકાણકારો ઝુમી ઉઠ્યાં

# શેરબજારમાં તેજીનો ટીટોડો: રૂપિયામાં રોનક!

## સેન્સેક્સમાં ૧૪૩૦ પોઈન્ટથી વધુ અને નિફ્ટીમાં ૪૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો

### ડોલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો: ૯૫ની અંદર આવી ગયો: બુલીયન બજાર પણ ગ્રીન ઝોનમાં

**અબતક, રાજકોટ**

નવલા નોરતામાં ભારતીય શેરબજારમાં તેજીનાં ટીટોડાએ જમાવટ કરી છે. રૂપીયાએ પણ રિવર્સ સ્ટેપની ચલતી પકડી લીધી છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઉછાળા જોવા મળ્યા છે. રોકાણકારો તેજીના તાલમાં ઝુમી ઉઠ્યા છે. બુલિયન બજારમાં પણ તેજીની ચાલ જોવા મળી છે.

આજે ભારતીય શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં ખૂલ્યા હતા રોકાણકારોએ ઉત્સાહ સાથે નવેસરથી ખરીદીનો દોર શરૂ કરતા આજે સેન્સેક્સ વધુ એકવાર ૭૪૦૦૦ની સપાટી કુદાવી હતી. ઈન્ટ્રાડેમાં ૭૪૩૩૦.૨૯ની સર્વોચ્ચ સપાટીએ પહોચી ગયો હતો. નીચલી સપાટી ૭૨૮૯૬.૩૮ રહેવા પામી હતી. નિફ્ટીમાં પણ તેજીનો તોખાર જોવા મળ્યો હતો. આજે દિવસ દરમિયાન નિફ્ટીની ઉપલી સપાટી ૨૩૦૫૬.૪૦ રહેવા પામી હતી. જયારે નીચલી સપાટી ૨૨૬૩૭.૪૦ રહેવા પામી હતી. બેંક નિફ્ટીમાં પણ ૪૭૮ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો જયારે નિફ્ટી મીડકેપ માં ૭૧ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. બુલીયન બજારમાં પણ તેજીનો ચોકડી રાસ જોવા મળ્યો હતો.

એમસીએક્સ પર આજે સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧૬૪૦નો વધારો રહ્યો હતો. જયારે ચાંદીના ભાવમાં એક કિલોએ રૂ.૭૫૦ વધ્યા હતા. રૂપીયો પણ ૨૦ પૈસા મજબૂત બન્યો હતો.

આજની તેજીમાં ટેક મહિન્દ્ર, ભારતીય એરટેલ, એચસીએલ ટેક, ગોદરેજ પ્રોપર્ટી, ટીસીએસ, ભારતી

(અનુ. આઠમા પાને)







### આપણા હાથ, લાખો સંપર્કો અને આરોગ્યનો સવાલઃ હાથ ધોવાનું વિજ્ઞાન સમજો

# હથેળી પર અદ્રશ્ય જીવાણુઓનું વિશ્વઃ સાબુથી હાથ ધોવાની ટેવ, સ્વસ્થ જીવનની ચાવી

## નિયમિત હાથ ધોવાથી હાથ પર રહેલા હાનિકારક બેક્ટેરિયા, વાયરસ અને પરોપજીવીઓ દૂર થાય છે, જે મોઢા, નાક કે આંખ દ્વારા શરીરમાં પ્રવેશતા અટકે છેઃ આ ટેવથી ઝાડા, કોલેરા, ટાઈફોઈડ, હેપેટાઈટિસ એ, શરદી, ફ્લૂ, કોવિડ જેવા શ્વસન ચેપ અને ત્વચાના ચેપનું જોખમ ઘટાડે છે

આજના યુગમાં શરીરની સ્વચ્છતા સૌથી અગત્યની બાબત છે ત્યારે, માત્ર હાથ વ્યવસ્થિત થવાથી આપણે ઘણી આરોગ્ય સમસ્યાને ગંભીર ચેપથી બચી શકીએ છીએ. ખાસ નાના બાળકોને બાળપણથી આ ટેવ પાડવી જરૂરી છે.હથેળીથી સ્વચ્છતા સુધી, હાથ ધોવાની નાનકડી ટેવ, લાખો જીવ બચાવવાની વૈજ્ઞાનિક શક્તિ છે.આપણા હાથ આખો દિવસ અનેક વસ્તુઓના સંપર્કમાં આવે છે, મોબાઈલ ફોન, દરવાજાના હેન્ડલ, ચલણી નોટો, વાહનોનાં સ્ટિયરિંગ, ઓફિસનાં સાધનો અને જાહેર સ્થળોની સપાટીઓ. આ સંપર્ક દરમિયાન હાથ પર બેક્ટેરિયા, વાયરસ અને અન્ય સૂક્ષ્મજીવો આવી શકે છે. માનવ હાથ પર રહેલા સૂક્ષ્મજીવોની સંખ્યા દરેક વ્યક્તિ, પરિસ્થિતિ અને સ્વચ્છતાની સ્થિતિ પ્રમાણે બદલાય છે.

કેટલાક સૂક્ષ્મજીવો શરીરની સામાન્ય જીવસૃષ્ટિનો ભાગ છે, જ્યારે કેટલાક રોગ ફેલાવી શકે છે. ખાસ કરીને મળના અતિસૂક્ષ્મ કણોથી દૂષિત હાથ, ખોરાક, પાણી કે મોઢાના સંપર્કમાં આવે ત્યારે ઝાડા, ઊલટી અને અન્ય ચેપનો ફેલાવો થઈ શકે છે. એટલે હાથ ધોવા એ માત્ર સ્વચ્છ દેખાવાની ક્રિયા નથી, પરંતુ ચેપની સાંકળ તોડવાનું એક વૈજ્ઞાનિક અને અસરકારક સાધન છે.જમતાં પહેલાં અને પછી હાથ ધોવાની ટેવ આરોગ્ય જાળવવામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. જમતાં પહેલાં સાબુથી હાથ ધોવાથી હાથ પર રહેલા હાનિકારક સૂક્ષ્મજીવો ખોરાકમાં ભળવાની શક્યતા ઘટાડે છે. જમ્યા પછી હાથ ધોવાથી ખોરાકના અવશેષો, તેલ અને અન્ય ગંદકી દૂર થાય છે. જોકે, જમ્યા પછી હાથ ધોવાનો મુખ્ય હેતુ સ્વચ્છતા જાળવવાનો છે.

ચેપ અટકાવવા માટે જમતાં પહેલાં હાથ ધોવું ખાસ જરૂરી છે. અમેરિકાની સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન સંસ્થાના વૈજ્ઞાનિક સંદર્ભો મુજબ, સાબુથી હાથ ધોવાની યોગ્ય ટેવ ઝાડા સંબંધિત બીમારીઓમાં આશરે ૨૩થી ૪૦ ટકા અને શરદી જેવા શ્વસનતંત્રના ચેપમાં આશરે ૧૬થી ૨૧ ટકા ઘટાડા સાથે સંકળાયેલી છે. હાથ ધોતી વખતે સ્વચ્છ વહેતા પાણી અને સાબુનો ઉપયોગ કરીને હથેળી, હાથની પીઠ, આંગળીઓ વચ્ચે, અંગૂઠા અને નખની આસપાસ ઓછામાં ઓછા ૨૦ સેકન્ડ સુધી ઘસવું જોઈએ. શૌચાલયનો ઉપયોગ કર્યા પછી, ખોરાક બનાવતાં પહેલાં, કાચા માંસને સ્પર્શ કર્યા પછી, ઉધરસ કે છીંક બાદ અને કચરો હાથ ધર્યા પછી પણ હાથ ધોવા જોઈએ.




યુનિસેફના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૪માં વિશ્વના આશરે ૧.૭ અબજ લોકોના ઘરોમાં પાણી અને સાબુ સાથે હાથ ધોવાની પાયાની સુવિધા ઉપલબ્ધ નહોતી. આ પરિસ્થિતિ જાહેર આરોગ્ય સામેનો મોટો પડકાર છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનિસેફના સંશોધનોમાં હાથની સ્વચ્છતાને ઝાડા, શ્વસનતંત્રના ચેપ અને અન્ય ચેપી રોગોનો ફેલાવો ઘટાડવાના અસરકારક ઉપાય તરીકે ઓળખવામાં આવી છે. તેથી વ્યક્તિગત સ્વચ્છતાને માત્ર વ્યક્તિની જવાબદારી ન ગણતાં, તેને પરિવાર, શાળા, કાર્યસ્થળ, હોટેલ, હોસ્પિટલ અને સમગ્ર સમાજની સામૂહિક સંસ્કૃતિ બનાવવાની જરૂર છે. સ્વચ્છ હાથ એટલે દરેક રોગથી સંપૂર્ણ સુરક્ષા નહીં, પરંતુ અનેક ચેપનું જોખમ ઘટાડતું સરળ, ઓછા ખર્ચાળ અને વૈજ્ઞાનિક રીતે સમર્થિત પગલું. દિવસમાં યોગ્ય સમયે, યોગ્ય રીતે હાથ ધોવાની ટેવ અપનાવીએ કારણ કે સ્વચ્છતાની શરૂઆત આપણા પોતાના હાથથી જ થાય છે.

૨૦૦૯ થી દર વર્ષે ''સેવ લાઈવ્સઃ ક્લીન યોર હેન્ડ્સ'' અભિયાનનો ઉદ્દેશ્ય આરોગ્ય સંભાળમાં હાથની સ્વચ્છતા અને ચેપ નિવારણ અને નિયંત્રણના મહત્વ પર વૈશ્વિક જાગૃતિ માટે તથા તેમના ધ્યેયને આગળ વધારવાનો છે. આ વર્ષની ઉજવણી થીમ ''જીવન બચાવોઃ તમારા હાથ સાફ કરો'' છે, જેનો હેતુ આરોગ્ય સંભાળ ડિલિવરી દરમિયાન થતા ટાળી શકાય તેવા ચેપનો મોટો હિસ્સો હજુ પણ યોગ્ય સમયે હાથની સ્વચ્છતા અને ચેપ નિવારણ અને નિયંત્રણ પગલાં દ્વારા અટકાવી શકાય છે. જીવન બચાવોઃ તમારા હાથ સાફ કરો સૂત્ર - ક્રિયા જીવન બચાવે છે. આરોગ્ય સંભાળ સંકળાયેલ ચેપ દરરોજ આરોગ્ય પ્રણાલીઓને અસર કરે છે અને જાહેર આરોગ્ય કટોકટી દરમિયાન સહિત દરેક આરોગ્ય સંભાળ સેટિંગમાં દર્દીઓ માટે દૈનિક ખતરો છે. તેઓ એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકાર બોજમાં ફાળો આપે છે, દર્દીઓ, પરિવારો અને આરોગ્ય કર્મચારીઓને ભારે દુઃખ પહોંચાડે છે, અકાળ મૃત્યુ અને અપંગતા, ઉચ્ચ આરોગ્ય સંભાળ ખર્ચ અને બધા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળી સંભાળ પ્રાપ્ત કરવાના પ્રયાસોને અવરોધે છે. પાણી, સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતાના અભાવ સહિત બિલ્ટ પર્યાવરણ દ્વારા હાથની સ્વચ્છતા અને શ્રેષ્ઠ પ્રથાઓ પણ પ્રભાવિત થાય છે, જે સંભાળ પૂરી પાડનારા અને મેળવનારા બંને વચ્ચે સમાનતા અને ગૌરવને પણ અસર કરે છે. એક પ્રચલિત માન્યતા એ છે કે ગરમ પાણીનો ઉપયોગ કરવાથી વધુ જંતુઓ મરી જાય છે. જોકે, અભ્યાસો દર્શાવે છે કે પાણીનું તાપમાન જંતુઓ દૂર કરવાની પ્રક્રિયાને ખાસ અસર કરતું નથી, તે સમયગાળો અને તકનીક છે જે સૌથી મહત્વપૂર્ણ છે. વિશ્વભરના કલાકારોએ હાથ ધોવાના સંદેશાઓ ફેલાવવા માટે ભીંતચિત્રો, ગીતો અને પ્રદર્શનો બનાવ્યા છે.ઉદાહરણ તરીકે ઈબોલા ફાટી નીકળ્યા દરમિયાન, પશ્ચિમ આફ્રિકાના સંગીતકારો એ સમુદાયોને શિક્ષિત કરવા માટે હાથની સ્વચ્છતા વિશે ગીતો રચ્યા, સંસ્કૃતિને જાહેર આરોગ્ય પહેલ સાથે મિશ્રિત કરી હતી. ૨૦૦૮ માં પ્રથમ વૈશ્વિક હાથ ધોવાના દિવસે ૭૦ થી વધુ દેશોમાં ૧૨ કરોડથી વધુ બાળકોએ સાબુથી હાથ ધોયા, જે સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટેનો વિશ્વનો સૌથી મોટો રેકોર્ડ બ્રેક પ્રયાસ હતો.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

નિયમિત હાથ ધોવાથી હાથ પર રહેલા હાનિકારક બેક્ટેરિયા, વાયરસ અને પરોપજીવીઓ દૂર થાય છે, જે મોઢા, નાક કે આંખ દ્વારા શરીરમાં પ્રવેશતા અટકે છે. આ ટેવથી ઝાડા, કોલેરા, ટાઈફોઈડ, શરદી, ફ્લૂ, કોવિડ જેવા શ્વસન ચેપ અને ત્વચાના ચેપનું જોખમ નોંધપાત્ર રીતે ઘટે છે. ખાસ કરીને જમતા પહેલા, શૌચાલય વાપર્યા પછી, અને બહારથી આવ્યા પછી હાથ ધોવાથી રોગનું સંક્રમણ તૂટે છે. આ ટેવ રોગપ્રતિકારક શક્તિ પરનો ભાર ઘટાડે છે, હોસ્પિટલમાં દાખલ થવાનું ટાળે છે, પરિવાર સમુદાયમાં બીમારી ફેલાતી અટકાવે છે. વૈશ્વિક સ્તરે સુધારાને સમર્થન આપવા માટે 'લોકોને એકસાથે લાવવાનો છે. અને વૈશ્વિક સ્તરે સુધારાને સમર્થન આપવા માટે 'લોકોને એકસાથે લાવવાનો છે.આજે શાળાઓમાં હાથ સ્વચ્છતાને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## સાબુથી હાથ ધોવાની યોગ્ય ટેવ ઝાડા સંબંધિત બીમારીઓમાં આશરે ૨૩થી ૪૦ ટકા અને શરદી જેવા શ્વસનતંત્રના ચેપમાં આશરે ૧૬થી ૨૧ ટકા ઘટાડા સાથે સંકળાયેલી છેઃ મળના અતિસૂક્ષ્મ કણોથી દૂષિત હાથ ખોરાક, પાણી કે મોઢાના સંપર્કમાં આવે ત્યારે ઝાડા, ઊલટી અને અન્ય ચેપનો ફેલાવો થઈ શકે છે

### આપણા હાથ પર ૧૫૦ થી લઈને ૧,૦૦૦ થી વધુ વિવિધ પ્રજાતિના બેક્ટેરિયા હોય છે

માનવ શરીર અને તેની સ્વચ્છતા અંગે વૈજ્ઞાનિક સંશોધનો અનુસાર આપણા ગંદા કે ધોયા વગરના હાથો પર અસંખ્ય પ્રકારના અને લાખોની સંખ્યામાં સૂક્ષ્મજીવાણુઓ (બેક્ટેરિયા) રહેતા હોય છે.રિપોર્ટ મુજબ આપણા હાથ પર ૧૫૦ થી લઈને ૧,૦૦૦ થી વધુ વિવિધ પ્રજાતિના બેક્ટેરિયા હોય શકે છે, અને કુલ બેક્ટેરિયાની સંખ્યા શરીરના એક ચોરસ સેન્ટીમીટર વિસ્તારમાં ૧ કરોડથી લઈને ૧૦૦ કરોડ સુધી પહોંચી શકે છે. આ બેક્ટેરિયામાં સ્ટેફાયલોકોકસ ઓરિયસ અને ઈ. કોલાઈ જેવા હાનિકારક રોગકારક જીવાણુઓ પણ સામેલ હોય છે, જે શૌચાલયનો ઉપયોગ કર્યા પછી, ભીડભાડ વાળી જગ્યાએ સ્પર્શ કરવાથી કે ખાણીપીણીની વસ્તુઓ અડવાથી સરળતાથી ત્વચા પર ચોંટી જાય છે અને યોગ્ય રીતે સાબુથી હાથ ન ધોવા પર શરદી, ફ્લૂ કે ફૂડ પોઈઝનિંગ જેવા સંક્રમણો ફેલાવી શકે છે.

# બાલભવન નવરાત્રીમાં મમ્મી સાથે બાળકો પણ ઝુમી ઉઠ્યાં

### ૭૦૦ બાળ ખેલૈયામાંથી દરરોજ ૭૦થી વધુ બાળકોને લાખેણા ઈનામ અપાયા

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા નવરાત્રીનું એકમાત્ર એવું આયોજન કરવામાં આવે છે કે જ્યાં ફક્ત બાળકો ઓરકેસ્ટ્રાનાં તાલમાં, જગમગાટ રોશની અને માતાજીની આરાધના સાથે ઝુમી ઉઠે છે. બાલભવન રાજકોટનાં ટ્રસ્ટી ડો.યજ્ઞેશભાઈ જોષી અને ડો.અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન)નાં માર્ગદર્શન હેઠળ બાલભવનનાં ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા બાળકો તથા મમ્મીઓ - બહેનો માટે કિડ્સ એન્ડ મોમ નવરાત્રિ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં બાલભવનનાં વિશાળ જોકર ગ્રાઉન્ડમાં ઓરકેસ્ટ્રા વસંત સાઉન્ડનાં તાલે રાત્રે ૮:૩૦થી ૧૧:૩૦ દરમ્યાન ૫ થી ૧૦ વર્ષ (એ-ગૃપ) ૧૧ થી ૧૬ વર્ષ (બી - ગૃપ) અને ૧૬ વર્ષથી મોટા બહેનો (સી - ગૃપ) પ્રમાણે સીઝન પાસ ધરાવતા ખેલૈયાઓએ ગરબા -દાંડિયા રાસની રમઝટ બોલાવી સાથે સનેડો, ભાઈભાઈ અને ટીટોડાનાં તાલમાં પણ ઝુમ્યા તથા બાલભવનની ખાસ કૃતિ વંદે માતરમ તો બાળકોની સાથે ઉપસ્થીત તમામ મહેમાનો - વાલીઓનાં મનમાં વસી ગઈ. રોજેરોજ ૫૦ થી ૭૦ જેટલા બાળકો - બહેનોને પ્રિન્સ / પ્રિન્સેસ જાહેર કરી ઈનામ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવે છે.





પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, મહેશભાઈ રાજપૂત, સુરેશભાઈ પરમાર, મીલીબેન રાજપુત, પુષ્પાબેન રાઠોડ અને રમાબેન હેરભા સહિતના મહેમાનોએ માં જગદંબાની આરતીથી કાર્યક્રમની શરૂઆત કરી તેમજ નિર્ણાયકો દક્ષાબેન, નિધિબેન શેઠ, સંજનાબેન ભટ્ટ અને ઈશાબેન હાલારીએ સેવા આપી હતી.

કાર્યક્રમનું સંચાલન માલાબેન રાઠોડે કરેલ હતું.

# ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં ''ખોડલ રમવા આવો'' ગીત પર ખેલૈયાઓ મનમૂકીને રમ્યાં

### નોર્થ, વેસ્ટ, સાઉથ અને ઈસ્ટ ઝોનમાં મોટી સંખ્યામાં લોકોએ ગરબા રમી મા ખોડલની આરાધના કરી હતી

**અબતક, રાજકોટ**



ખોડલધામ ટ્રસ્ટ - કાગવડ દ્વારા અલગ - અલગ ચાર ઝોનમાં જાજરમાન નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ચોથા નોરતે તમામ ઝોનમાં હૈયે હૈયું દળાય તેટલી જનમેદની ઉમટી પડી હતી. નોર્થ ઝોન, વેસ્ટ ઝોન, સાઉથ ઝોન અને ઈસ્ટ ઝોનના ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી શોભી ઉઠ્યું હતું.

સુપ્રસિદ્ધ સિંગરોએ 'ખોડલ રમવા આવો... કુમ કુમ પગલે પધારો... ખોડલ વહેલી વહેલી આવ...,''જા કાગવડ જા... ખોડલને વ્હાલો થા...,' 'જીણા મોર બોલે મારી ખોડલના રાજમાં....' સહિતના ગીતો પર ખેલૈયાઓને મન મૂકીને ડોલાવ્યા હતા. સાથે જ ડાકલાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત દેશભક્તિના ગીતો પર પણ ખેલૈયાઓએ ગરબે રમીને મા ખોડલની આરાધના સાથે દેશભક્તિના રંગ દેખાડ્યા હતા. શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં ચારેય ઝોનમાં ઉત્કૃષ્ટ ગરબા રમનાર અને આકર્ષક વેશભૂષામાં સજ્જ થઈને આવેલા ખેલૈયાઓને દરરોજ ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચાર વિભાગના અધ્યક્ષ તરીકે ડો.નિદત બારોટની નિયુક્તિ

### રાજકીય અને સંગઠનાત્મક ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા ડો. બારોટને પ્રદેશ કક્ષાની મહત્વપૂર્ણ જવાબદારી

**અબતક, રાજકોટ**



અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વિવિધ વિભાગો પૈકીના મહત્વપૂર્ણ એવા વિચાર વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય સેનાના નિવૃત્ત કેપ્ટન પ્રવીણ દાવર દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા તથા ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને સાંસદ રણદીપ સુરજેવાલા સાથે વિચારવિમર્શ કરી રાજકોટના જાણીતા શિક્ષણવિદ્, સામાજિક કાર્યકર અનઃ કોંગ્રેસના આગેવાન ડો. નિદત્ત બારોટની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચાર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવા માટે રાષ્ટ્રીય નેતૃત્વ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી.

આ દરખાસ્તને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંજૂરી આપતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ (સંગઠન) અને સાંસદ કે. સી. વેણુગોપાલે તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સત્તાવાર જાહેરાત કરી ડો. નિદત્ત બારોટની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચાર વિભાગના અધ્યક્ષ તરીકે તાત્કાલિક અસરથી નિયુક્તિ કરી છે.

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૧૫-૧૦-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (સાહેબ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાવા જાંબુન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ ચસ્કાની મોજ
૦૪:૩૦ થી ૦૫:૦૦ નુમેરોલોજી શો
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ લોક વાર્તા
૦૭:૩૦ થી ૦૮:૦૦ શિવ આરાધના
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૧૦-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૬-૧૦-૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુદ છઠ છઠ્ઠુ નોરતુ
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** શોભન **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૪૫ **સુર્યાસ્તઃ** ૬.૨૧
**ચંદ્ર રાશી** વૃશ્ચિક સવારે ૬.૪૮થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | ૨ | ૬ | ૮ | ૩ |
| | ૮ | ૨ | | | ૬ | ૯ | | |
| | ૧ | | | | | ૫ | | ૨ |
| ૭ | | | | | | | | |
| ૨ | ૬ | ૮ | | ૯ | ૪ | | | |
| | | | ૬ | | | | | |
| ૪ | | ૯ | ૮ | ૧ | | ૭ | ૩ | ૬ |
| | | | | | | ૮ | ૨ | ૯ |
| | | | ૭ | ૨ | ૯ | | ૫ | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |

## તા.૧૬/૧૦ ને શુક્રવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ છઠ, જ્યેષ્ઠા નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ આજ સવારે ૬.૪૮ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.
**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય,શુભ દિન.
**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.
**કર્ક (ડ,હ) :** નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.
**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.
**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.
**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.
**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
**કુંભ (ગ,સ,શ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.


પોઝિટિવ ન્યુઝ ઈન્ફોર્મેટિવ
ન્યુઝની ટેગ લાઈન સાથે
પ્રસિધ્ધ થતા અબતક દૈનિકને
દિલથી શુભકામના
શ્રી ભરતભાઈ આર્ય
પ્રભારીશ્રી
શ્રી અલ્પેશભાઈ ઢોલરિયા
પ્રમુખશ્રી
શ્રી નરેન્દ્રસિંહ જાડેજા
મહામંત્રીશ્રી
શ્રી વલ્લભભાઈ ઝાપડિયા
મહામંત્રીશ્રી
શ્રી રવિભાઈ માંકડિયા
મહામંત્રીશ્રી
રાજકોટ જિલ્લા ભાજપ પરિવાર


પોઝિટિવ ન્યુઝ ઈન્ફોર્મેટિવ ન્યુઝની
ટેગ લાઈન સાથે પ્રસિધ્ધ
થતા અબતક દૈનિકને દિલથી
શુભકામના
શ્રી ડૉ.માધવભાઈ દવે
પ્રમુખશ્રી
રાજકોટ શહેર ભાજપ


મૂલનિષ્ઠ પત્રકારત્વને
વરેલા અબતક
દૈનિકને અઢળક
શુભકામના
શ્રી અરવિંદભાઈ
રૈયાણી
પૂર્વ મંત્રીશ્રી ગુજરાત સરકાર


મૂલ્યનિષ્ઠ પત્રકારત્વને વરેલા
અબતક સાંધ્ય દૈનિકને
અઢળક શુભકામના
શ્રી મુકેશભાઈ દોશી
પૂર્વ પ્રમુખશ્રી રાજકોટ શહેર ભાજપ

# સસ્પેન્સ, હાસ્ય અને લાગણીઓથી ભરપૂર ગુજરાતી ફિલ્મ 'ડમરુ' ૨૩મીએ રિલીઝ થશે

## ફિલ્મના કલાકારો નિરાલી ઓઝા અને મૌલિક ચૌહાણએ અબતકની મુલાકાત લઈને પરિવાર સાથે આ મુવી જોવા આગ્રહ કર્યો

### ફિલ્મમાં એક ડાઈલોગ છે કે આ રિસોર્ટમાં એક કોન્ટ્રાક કીલર છુપાયેલો છે તો જોઈએ હવે એમાં શું હશે : મૌલિક ચૌહાણ



અબતક સાથેની વાતચીતમાં મૌલિક ચૌહાણએ જણાવ્યું કે આ ફિલ્મ કોમેડીથી ભરેલી છે જે તમે બધા સાથે મળીને જોઈ શકશો . ૧૮ જેટલા કલાકારોએ આ ફિલ્મમાં કામ કરેલ છે અને કોમેડીના કિંગ કહી શકીએ એવા સંજય ગોરડિયા પણ એમાં છે તો ફિલ્મ જોવાની જ મજા આવશે. ફિલ્મમાં તેઓ એક પોલીસ ઈન્સ્પેકટરનું પાત્ર ભજવી રહ્યા છે, તેમનો ફિલ્મમાં એક ડાઈલોગ છે કે આ રિસોર્ટમાં એક કોન્ટ્રાક કીલર છુપાયેલો છે તો જોઈએ હવે એમાં શું હશે . ફિલ્મ સિનેમામાં જઈને જરૂરથી જોવો તેવું એમને આગ્રહ કર્યો

**અબતક રાજકોટ**

ગુજરાતી ફિલ્મપ્રેમીઓ માટે મનોરંજનથી ભરપૂર ફિલ્મ 'ડમરુ' ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગુજરાતભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

હાસ્ય, સસ્પેન્સ, લાગણીઓ અને પારિવારિક મનોરંજનથી ભરપૂર આ ફિલ્મ દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ કરાવશે. ફિલ્મના કલાકારો નિરાલી ઓઝા અને મૌલિક ચૌહાણે અબતકની મુલાકાત લીધી હતી.

ગુજરાતસવ પ્રોડક્શન અને વ્રજ ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત આ ફિલ્મનું દિગ્દર્શન હાર્દિક પરીખે કર્યું છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

ફિલ્મના નિર્માતાઓમાં રમેશ પ્રજાપતિ, કૃપા સોની અને સંજય સોનીનો સમાવેશ થાય છે.

'ડમરુ'માં ગુજરાતી મનોરંજન જગતના જાણીતા કલાકારો સંજય ગોરડિયા, નક્ષરાજ, નીરવ વૈદ્ય, નિરાલી ઓઝા, સૌરભ રાજ્યગુરુ, મૌલિક ચૌહાણ, હેમાંગ દવે, સંજય ગલસર, મકરંદ શુક્લા, ભાગવત પરમાર, વિશાલ વૈદ્ય, ઉર્પના અને સતીશ ભદ્ર સહિતના કલાકારો જોવા મળશે.

ફિલ્મમાં હાસ્ય અને સસ્પેન્સની સાથે લાગણીઓ તથા પારિવારિક સંબંધોને પણ મહત્વ આપવામાં આવ્યું છે.

ફિલ્મની વાર્તા અને કલાકારોનો અભિનય દર્શકોને અંત સુધી જકડી રાખે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુજરાતી ફિલ્મપ્રેમીઓ માટે 'ડમરુ' દિવાળી પૂર્વે મનોરંજનની નવી ભેટ બની રહેશે.

### આ ફિલ્મ ફક્ત ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં રિલીઝ થવાની છે : નિરાલી ઓઝા



અબતક સાથેની વાતચીતમાં નિરાલી ઓઝાએ જણાવ્યું કે આ મુવી એકદમ હાસ્યથી ભરેલી છે, જેવી રીતે હેરાફેરી , વેલકમ મુવીઝ આપણે જોતા પણ નથી થાકતા તેવી જ આ ફિલ્મ છે. પહેલી વખત ટ્રેલર જોયા પછી તેમની પ્રતિક્રિયા હતી કે ફિલ્મને ન્યાય મળ્યો છે , જે પણ કઈ શૂટ કર્યું હતું એ બધું સાર્થક થયું છે. આ ફિલ્મ ફક્ત ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં રીલીઝ થવાની છે. એમાં પણ ગુજરાતી સિનેમાના બધા ધુરંધરો એટલે કે ખુબ જ હાસ્ય કરાવતા હોઈ છે એ બધા એક જ ફિલ્મમાં છે વધુ જોવાની મજા આવશે.

# ધોળકિયા સ્કૂલની પ્રાચીન નવરાત્રીમાં અદ્‌ભૂત રથમાં માતાજીનું દિવ્ય આગમનઃ ભાવિકો મંત્રમુગ્ધ

## ૩૫૦થી વધુ બાળાઓ દ્વારા મોગલ રાસ અને તલવાર રાસ સહિત ૬૦થી વધુ પ્રાચીન ગરબા રજૂ કરી માતાજીની આરાધના કરી






**અબતક, રાજકોટ :**

નવરાત્રીના ચોથા નોરતે ધોળકિયા સ્કૂલ પ્રાચીન નવરાત્રીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાના જતનના આ શુભકાર્ય માટે ઉપસ્થિત જનતાએ કૃષ્ણકાંત ધોળકિયા તથા જીતુ ધોળકિયાને વિશેષરૂપે બિરદાવ્યા હતા. આ નવ દિવસ દરમિયાન પરંપરાગત પ્રાચીન ૭૦ થી વધુ ગરબા પ્રસ્તુત થઈ રહ્યા છે, જેમાં હાઈડ્રોલિક સ્ટેજ અને અદ્ભુત રથમાં માતાજીનું આગમન ચાયર ચોકને વધુ ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિદિવ્ય બનાવે છે. ચામુંડા રાસ અને મોગલ રાસ નિહાળવા માટે લોકો અંત સુધી નવરાત્રીને માણી રહ્યા છે.

શકિત, ભકિત અને સંસ્કૃતિના આ રસથાળમાં ૩૫૦ થી વધુ બાળાઓ વિવિધ ગરબા ઉપર સૂર સાથે તાલ મિલાવી પ્રસ્તુત કરી રહી છે, જ્યારે અદ્ભુત દુહા છંદ સાથે ઉદઘોષકો આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી રહ્યા છે.

આ નવરાત્રી મહોત્સવની વિશેષ મુલાકાત લેનાર મહાનુભાવોમાં સાંસદ પરષોત્તમ રૂપાલા, મેયર નેહલ શુકલ,ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એસીબી બલદેવ વાઘેલા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્રપ્રાંત સંઘ સંચાલક તથા ઉદ્યોગપતિ મુકેશ મલકાણ, કિશોર મુંગલપરા, સેવાભારતી ટ્રસ્ટી સદસ્ય કારોબારી, વિવિપી. કોલેજના ટ્રસ્ટી અને સૌરાષ્ટ્રપ્રાંત વ્યવસ્થાપક નરેન્દ્રભાઈ દવે, તેમજ દિનેશભાઈ પાઠક (ચેરમેનશ્રી રાજકોટ નાગરિક સહકારી બેંક) ઉપસ્થિત રહ્યા હતા.

સાથોસાથ જાણીતા યુરોલોજીસ્ટ ડો. જીતેન્દ્રભાઈ અમલાણી, મહાનગર સંઘચાલક જીતેન્દ્ર ગમટા, રાજકોટ વિભાગ કાર્યવાહ ડો. શાંતુ જીવાણી, મહાનગર સંપર્ક પ્રમુખ મનિષભાઈ ભટ્ટ (ચેરમેન સમાજ કલ્યાણ સમિતિ) તથા અન્ય પધારેલા મહાનુભાવોએ આ કાર્યક્રમને અને સંસ્કૃતિના જતનના પ્રયાસને બિરદાવ્યો હતો.

# કલબ યુવીમાં પ્રાચીન-અર્વાચીન ગીત પર મન મુકી ઝુમ્યા ખેલૈયાઓ

## ઉમિયાધામના પ્રમુખ મૌલેશ ઉકાણીના જન્મ દિવસને ખેલૈયાઓએ વધાવ્યો, ગરબે ઘુમતો રોબોટ 'પૃથ્વી' બન્યો આકર્ષણનું કેન્દ્ર

**અબતક, રાજકોટ**

છેલ્લા ૧૭ વર્ષથી જાજરમાન આયોજન અને નવરાત્રી મહોત્સવ ક્ષેત્રે એક નવો જ આયામ સર કરનાર સૌરાષ્ટ્રની સુપ્રસીધ્ધ સાંસ્કૃતિક 'કલબ યુવી' અલગ અંદાઝથી ભવ્યાતિભવ્ય, અદભુત નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ સતત ૧૮ માં વર્ષે ખેલૈયાઓને મન મુકી ગરબે ઝુમાવી રહયુ છે. રાજકોટ શહેરના સેકન્ડ ૧૫૦ ફુટ રીંગ રોડ પર કોકોનેટ પાર્ટી પ્લોટની સામે, વિશાળ મેદાનમાં કલબ યુવી માં ખલૈયાઓનો રાસોત્સવની સાથોસાથ દર્શકોની ભીડ જામી રહી છે.



ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવમાં ગઈકાલે ચોથા નોરતે ઉમિયાધામ સિદસરના પ્રમુખ અને કલબ યુવીના ડાયરેકટર બાનલેબના મૌલેશભાઈ ઉકાણીના જન્મદિન ને હર્ષોલ્લાસ સાથે વધાવ્યો હતો. ગ્રાઉન્ડમાં ઉપસ્થિત ખલૈયાઓ દર્શકો અને મહાનુભાવો ની સાથે કલબ યુવીના આયોજકો બીપીનભાઈ બેરા, પ્રફુલભાઈ કાથરોટીયા, સુરેશભાઈ ઓગાણજા, સંદીપભાઈ માકડીયા, મુન્નાભાઈ ઘેટીયા, ડો. કલ્પેશભાઈ ઉકાણી, જીજ્ઞેશભાઈ આદ્રોજા, વિજયભાઈ ઢઢાણીયા, સ્મિતભાઈ કનેરીયા, કાંતીભાઈ ઘેટીયાએ તેમને જન્મદિનની મંગલ શુભકામનાઓ આપતા ફુલહાર થી તેમનું સન્માન કર્યુ હતુ. સતત બીજા દિવસે રોબોટ 'પૃથ્વી' ને નિહાળવા દર્શકો ખલૈયાઓની ભીડ જામી હતી. કલબ યુવી ના નવરાત્રી મહોત્સવમાં હાઈટેક સાઉન્ડ સીસ્ટમ તથા સુર તાલની સુરાવલીના સથવારે ઈવેન્ટ ઓર્ગેનાઈઝર ધર્મેશ મકાતી એ ખેલૈયાઓને ડોલાવવા ચુનીંદા કલાકારો નો કાફલો જેમાં સિંગર તરીકે મયુર બુધ્ધદેવ, નીરવ રાયચુરા માનસી પટેલ, દિવ્યા વેગડા, ઈવેન્ટના એન્કર તરીકે મીરા મણીયાર, અનીશ ચાંગેલા આ નવરાત્રી મહોત્સવમાં સુર તાલનું ભવ્ય સામ્રાજ્ય સર્જી રહયા છે.

# સરગમ ગોપી રાસોત્સવમા સૂર અને તાલ સાથે ખેલૈયાઓની ધમાકેદાર રમઝટ

## મહાનુભવોના હસ્તે ખેલૈયાઓ પર લાખેણા ઈનામોનો વરસાદ રાસોત્સવમાં મંત્રી મૌલેશ પટેલના જન્મદિને કરાયું વિશેષ સન્માન

**અબતક,રાજકોટ**

ડો. યાજ્ઞિક રોડ ઉપર આવેલી ડી.એચ.કોલેજનાં મેદાનમાં ચાલી રહેલા ગોપી રાસોત્સવમાં નવરાત્રીનો માહોલ બરાબર જામ્યો છે.

સરગમ લેડીઝ કલબ આયોજિત આ રાસોત્સવ સંપૂર્ણપણે પારિવારિક હોવાથી મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે અને ગરબે ઘૂમતી બહેનોને પ્રોત્સાહન આપી રહ્યા છે.



આ ગોપી રાસોત્સવની વિશેષતા તેનું ધમાકેદાર ઓરકેસ્ટ્રા અને સુરીલા સિંગરો છે. આ બંનેની જુગલ જોડી ઉપરાંત જોશભેર રાસે રમતી બહેનો પણ જમાવટ કરી રહ્યા છે તેથી આ કોમ્બો નિહાળવો એક લ્હાવો બની ગયો છે. અહી ગરબે રમતી બહેનોને જોઇને નિર્ણાયકો પણ મીઠી મૂંઝવણમાં પડી જાય છે.

ગોપી રાસોત્સવમાં રોજેરોજ મહાનુભાવોના હસ્તે લાખેણા ઈનામો આપવામાં આવે છે અને બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સરગમ ગોપીરાસમાં મનસુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા ના સથવારે અને કીબોર્ડ તુષારભાઈ ગોસાઇ સાથે ગાયક કલાકારો આસિફ જેરિયા, હેમંત પંડ્યા, નિલેષ પંડ્યા, પ્રિયા જોશી, વિજયાબેન ટીમાણિયા સંગીતમાં જમાવટ કરે છે.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ ઉકાણી, ભરતભાઈ સોલંકી, રાજભા ગોહિલ, જયસુખભાઈ ડાભી, રાજેન્દ્રભાઈ શેઠ, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ પ્રિન્સ- પ્રિન્સેસની પસંદગી કરવા

# દશેરાની રઢિયાળી રાતે બેસ્ટ ઓફ બેસ્ટ અકિલા રાસોત્સવ

## કાઠિયાવાડ જીમખાના મેદાન ખાતે ખેલૈયાઓ વચ્ચે જામશે જંગ : આયોજકોએ અબતક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી

**અબતક,રાજકોટ**

રાસ-રસિયાઓ માટે અનોખી ભાત પાડતા અને શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ પ્રિન્સ-પ્રિન્સેસની પસંદગી કરતા 'અકિલા બેસ્ટ ઓફ બેસ્ટ' રાસોત્સવનુ મંગળવારે દશેરાના અવસરે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શાસ્ત્રી મેદાન પાસે, આર.કે.સી. કોલેજ સામે આવેલા કાઠિયાવાડ જીમખાના મેદાન ખાતે સાંજે ૭ વાગ્યાથી શરૂ થનારા આ મહોત્સવ માટે પ્રેસ ફોટોગ્રાફર એન્ડ ઈલેકટ્રોનિક કેમેરામેન એસોસિયેશનના પ્રમુખ અને અકિલાના ફોટોગ્રાફર અશોક બગથરિયા તથા તેમની ટીમ દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

આ રાસોત્સવની શોભા વધારવા માટે સાંસદ પરશોત્તમ રૂપાલા, પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશ ટીલાળા,ડો. દર્શિતા શાહ, મેયર ડો. નેહલ શુકલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરા, કલેકટર ડો. ઓમપ્રકાશ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઈન્ટ પોલીસ કમિશનર ચેતન્ય માંડલીક, એસ.પી. મનોહરસિંહ જાડેજા, મૌલેશભાઈ ઉકાણી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સાથોસાથ ડી.સી.પી. ડો. હરપાલસિંહ જાડેજા, જગદીશ બાંગરવા, રાકેશ દેસાઈ, હેતલ પટેલ, નીતિન ભારદ્વાજ, ભુપત બોદર, હસુ પરસાણા, જીતુ લીંબાસીયા, પરેશ પીપળીયા, નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા), મયુરધ્વજસિંહ જાડેજા, રાજદીપસિંહ એમ. જાડેજા (રાજાભાઈ), તિર્થરાજસિંહ ગોહીલ, જે.ડી. ખાવડુ, પ્રફુલ એચ. નડીયાપરા તથા નીતિનનથવાણી વિશેષ અતિથિ તરીકે જોડાશે. રાસોત્સવના આ મંચ પર ધ્રુવવીર સાગઠીયા, શ્રધ્ધા મારૂ, તુષાર ચુડાસમા અને એન્કર દર્ષિતા સોની પોતાની કલાથી રંગ જમાવશે.

આ માહિતી આપવા માટે પ્રેસ ફોટોગ્રાફર એસોસિએશનના પ્રમુખ અશોક બગથરીયા, ભગત નિલેશ ચાવડીયા, વિધરાજસિંહ જાડેજા,જીતેન્દ્ર રાઠોડ, યોગેશ બગથરીયા, નીરવ વાઘેલા અને પ્રશાંત ગોંડલિયાએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી હતી

# દિવાળીના તહેવારમાં રેશન કાર્ડ ધારકોને ૧ લીટર તેલ અને ૧ કિલો ખાંડ વધુ અપાશે

**અબતક, રાજકોટ**

આ વર્ષે દિવાળીના તહેવારો નવેમ્બર માસની શરૂઆતમાં જ આવતા હોવાથી કાર્ડ ધારકોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માર્ગદર્શનમાં આ વિતરણ ચાલુ ઓક્ટોબર માસના જથ્થાના વિતરણ સાથે આ માસમાં જ કરવા નક્કી કરવામાં આવ્યું છે.અન્ન પુરવઠા નિગમના ગોડાઉનથી વાજબી ભાવની દુકાન સુધી તમામ જણસીઓનું ૯૬ ટકાથી વધુનું ટ્રાન્સપોર્ટેશન પૂર્ણ કરવામાં આવ્યું છે.જેના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવાર નિમિત્તે દરવર્ષની જેમ આ વર્ષે પણ કાર્ડદીઠ ડબલ ફિલ્ટર્ડ સિંગતેલ ૧ લીટર તથા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ખાંડ વધારાની આમ કુલ ૨ કિ.ગ્રા.નું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.વાજબી ભાવની દુકાનો પર સિંગતેલ અને ખાંડનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે તેમ,અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું છે.

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી પી.સી.બરંડાએ કહ્યું હતુ કે, પુરવઠા નિગમ દ્વારા અંદાજે ૨ લાખ મેટ્રિક ટન પૈકી ૧.૯૫ લાખ મેટ્રિક ટન જેટલો જથ્થો વાજબી ભાવની દુકાન સુધી પહોંચી ગયો છે. ટકાવારી મુજબ જોઈએ તો, ઘઉં - ૯૮ ટકા, ચોખા - ૯૮ ટકા, તુવેરદાળ - ૯૭ ટકા, ચણા - ૯૮ ટકા, ખાંડ - ૯૮ ટકા, ડબલ ફોર્ટીફાઈડ મીઠુ - ૯૦ ટકા તેમજ ડબલ ફિલ્ટર્ડ ૧ લીટર સીંગતેલનો ૯૩ ટકા જથ્થો વાજબી ભાવની દુકાનોમાં પહોંચતો કરવામાં આવ્યો છે.વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા આ જથ્થાનું વિતરણ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે અને દિવાળી નિમિત્તે એડવાન્સ જથ્થા વિતરણને કાર્ડધારકો તરફથી બહોળો-હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

## -: જાહેર નોટીસ :-

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧(વેજાગામ)**

હું, નીચે સહી કરનાર શ્રી આર.ડી.પરમાર, પ્રવર નગર નિયોજક, નગર રચના અધિકારી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧(વેજાગામ) ની યોજના વિસ્તારમાં સમાવેશ થતી જમીનોના તમામ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને આથી જણાવું છું કે, આ યોજનાને અંતિમ કરવાની કાર્યવાહીના ભાગરૂપે મુસદ્દારૂપ નગર રચના યોજનાની સમજુતી આપવા તથા તે અન્વયે રૂબરૂ રજુઆતો મેળવવા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને અત્રેની કચેરીએ ઉપલબ્ધ સરનામા મુજબ રૂબરૂ સુનાવણી અંગેની નોટીસ અગાઉ તા.૦૨/૦૯/૨૦૨૬ થી બજાવી તા.૦૭/૧૦/૨૦૨૬ થી તા.૦૯/૧૦/૨૦૨૬ દરમ્યાન રૂબરૂ સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં જમીન માલિકો/તેઓના પ્રતિનિધિશ્રીઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ હોય, તે વિગતે કે રજુઆત કરવાની બાકી/જરૂરીયાત હોય તો અથવા તો સરનામાના અભાવે/એક યા બીજા કારણોસર જો કોઇને નોટીસ મળેલ ન હોય તો તેઓને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૧૫(પંદર)માં જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન નીચેના સરનામે જરૂરી આધાર-પુરાવા સહ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક સાધી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧(વેજાગામ)ની સમજુતી મેળવી તે અન્વયે કોઇ રજુઆત હોય તો લેખીતમાં રજુઆત કરવા આખરી તક આપવામાં આવે છે. અન્યથા અત્રે ઉપલબ્ધ રેકર્ડના આધારે લેવામાં આવેલ નિર્ણય જે-તે જમીન માલિકો/ હિત સંબંધ ધરાવતી વ્યકિતઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે. સદરહું યોજના વિસ્તારમાં મોજે. વેજાગામનાં રેવન્યુ સર્વે નંબર ૭ પૈકી, ૮/૧પૈકી, ૮/૨, ૯, ૧૦પૈકી, ૨૩, ૨૪, ૨૭, ૨૮/૧, ૨૮/૨પૈકી, ૨૯પૈકી, ૩૦પૈકી, ૩૧, ૩૨, ૩૩/૧, ૩૩/૨, ૩૪/૧, ૩૪/૨, ૩૫ થી ૩૭, ૩૮/૧, ૩૮/૨, ૩૯, ૪૦/૧, ૪૦/૨, ૪૧ થી ૪૩ તથા સરકારશ્રીની માલિકીના રે.સ.નં.૧૩૪/પૈકીની ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

સ્થળ:- રાજકોટ
તા.૧૨/૧૦/૨૦૨૬

Parmar
(આર.ડી.પરમાર)
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

સરનામું:-
નગર રચના અધિકારીની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
રૂડા બિલ્ડીંગ છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઇ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ, રાજકોટ.
માહિતી -રાજ-૯૬૪ -૨૬-૨૭


"અબતક" દૈનિકને જન્મદિનની હાર્દિક શુભકામના



શ્રી શિવલાલ બારસીયા
પૂર્વ અધ્યક્ષશ્રી, આમ આદમી પાર્ટી, રાજકોટ શહેર
પૂર્વ પ્રમુખ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ
પૂર્વ ટ્રસ્ટી, ખોડલધામ ટ્રસ્ટ

અબતકને ૧૬માં વર્ષમાં
મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભકામનાઓ



એક શુભેચ્છક

અબતક સાંધ્ય દૈનિકને
જન્મદિનની ખૂબ ખૂબ શુભકામના

ધવલ ડી.મે
મો.૯૮૭૯૫ ૭૬૧૫૩
ફોન. ૨૪૬૭૧૭૯

ગૌરાંગભાઈ
મો.૯૬૬૪૫૯૨૦૦૮

ન્યુ જલારામ ટ્રેડર્સ
વેસ્ટ પેપર, કોરૂગેટેડ પુંઠા મીલ સપ્લાયર લોખંડભંગાર, વિગેરેના
છુટક તથા જથ્થાબંધ વેપારી
ભીલવાસ ચોક, રોકડીયા હનુમાનની બાજુમાં, જલારામ મંદિર રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૧.


## પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**નવી લૂપ લાઈનનું બાંધકામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન અને એસ્કેલેટર્સ ની જોગવાઈના સંકળાયેલ કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૩૮, ૩૯ અને ૪૦ (ઈએલ) તારીખ : ૧૩-૧૦-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૩૮ | રાજકોટ ડિવિઝનઃ- હાપા ખાતે નવી લૂપ લાઈન નં. ૫, ૬ અને ૭A નું બાંધકામ કરવાનું કામ. **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી. | ૨,૫૫,૮૦,૯૯૩.૯૦/- | ૫,૧૧,૬૦૦/- |
| ૦૨ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૩૯ | રાજકોટ ડિવિઝન :- DMC-રાજકોટ ખાતે CCTV ની જોગવાઈ કરવા સહિત મશીન જાળવણીમાં વૃદ્ધિ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરીક્ષણ સુવિધાનું અપગ્રેડેશન કરવાનું કામ. **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૦૪-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી. | ૧૦,૫૩,૨૦૨.૧૨/- | ૨૧,૧૦૦/- |
| ૦૩ | ડીઆરએમ/આરજેટી/ઈએલ/ ૨૦૨૬-૨૦૨૭/૪૦ | રાજકોટ ડિવિઝનઃ- (a) રાજકોટ ખાતે ૧૨ m પહોળા FOB ની એસ્કેલેટર્સ જોડીની જોગવાઈ, (b) રાજકોટ ખાતે PF ૧, PF ૨/૩ અને PF ૪/૫ માટે, જામનગર ખાતે PF ૧ અને PF ૨ માટે સિંગલ એસ્કેલેટર્સની જોગવાઈ તથા (c) રાજકોટ અને જામનગર ખાતે ૧૨ m પહોળા FOB માટે લિફ્ટના સંકળાયેલ કામ. **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી. | ૧,૭૪,૧૨,૭૫૧.૦૧/- | ૩,૪૮,૩૦૦/- |

**ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-163

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


અબતક સાંધ્ય દૈનિકને
જન્મદિનની હાર્દિક શુભકામના





તેજસ બી.ગાજીપરા
પ્રદેશ સંગઠન મંત્રી
ગુજરાત
આમ આદમી પાર્ટી
સ્ટાર પ્રચારક

સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની
ધડકન અબતક સાંધ્ય
દૈનિકને અનેકાનેક શૂભેચ્છાઓ

ડો. કે.પી. દોમડીયા
M.D. (Radiodiajnosis)
ડો. નીકેત દોમડીયા
M.D. (Radiodiajnosis)
કન્સલટન્ટ રેડીઓલોજીસ્ટ એન્ડ
ઈમેજીનોલોજીસ્ટ
સાયન્ટીફીક ડાયાગ્નોસ્ટીક સેન્ટર
પૂજા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ,ગ્રાઉન્ડ ફ્લોર
હરીહર ચોક, સદર, રાજકોટ-૧,
ફોનઃ ૨૨૨૦૨૨૦

સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની
ધડકન અબતક સાંધ્ય
દૈનિકને અનેકાનેક શૂભેચ્છાઓ



કાનાભાઈ ડંડેયા
પ્રમુખશ્રી વોર્ડ નં.૪
પિતૃકૃપા કોમ્પલેક્ષ, રજા માળે, જુના મોરબી રોડ,
સતનામ આઈસ્ક્રીમની સામે, રાજકોટ-૩
મો. ૯૭૧૪૭ ૨૦૪૩૪


ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
**જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૬-૨૭ (બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યાંત્રિક વિભાગ નં-૬, ૫/૭, જીલ્લા સેવાસદન-૨, રાજકોટ-૩૬૦૦૦૧ ફોન નં. ૦૨૮૧-૨૪૭૬૨૨૦ તરફથી નીચે જણાવેલ કામો માટે ભાવ માંગવામાં આવે છે.

| | |
|---|---|
| **૧)કામનું નામ:** જોબ વર્ક ઓફ વેરિયસ રીપેરિંગ વર્ક ઓફ ટાટા હીટાચી હાઈડ્રોલીક એસ્કેવેટર & બી.ઈ.એમ.એલ. ડોઝર | ૧] અંદાજીત રકમ રુ. ૪,૯૬,૪૭૨/-<br>૨] બાનાની રકમ રુ. ૫૦૦૦/-<br>૩] ટેન્ડર ફી રુ. ૬૦૦/-<br>૪] સમય-ગાળો - ૧ માસ<br>૫] ઇ-૨ શ્રેણી અથવા ઉપરની |
| કોરા ટેન્ડર ઇસ્યુ કરવાની છેલ્લી તારીખ | ૨૩/૧૦/૨૦૨૬ (૧૮.૦૦ કલાક સુધી) |
| ભરેલા ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ | ૦૪/૧૧/૨૦૨૬ (૧૮.૦૦ કલાક સુધી) |
| ભરેલા ટેન્ડર ખોલવાની તારીખ | ૦૫/૧૧/૨૦૨૬ (૧૧.૦૦ કલાકે) |

રસ ધરાવતા ઠેકેદારશ્રીઓએ ટેન્ડરની અરજી સાથે એસ.બી.ડી. માં N.C.B. માં Point No. 8.1 (page no. 5 & 6) માં (i) થી (vii) માં જણાવેલ દસ્તાવેજો રજુ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. ભરેલા ટેંડર S.B.D. માં જણાવેલ તમામ દસ્તાવેજો સાથે ઉક્ત જણાવેલ વિગતો સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડપોસ્ટ/ કુરીયરથી અત્રે મોકલી આપવાના રહેશે. અન્યથા ટેંડર રદ કરવાપાત્ર બનશે.

નોંધ - ટેન્ડર અંગેની અન્ય વિગતો માહિતી ખાતાની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in પરથી પણ જોઇ શકાશે અને તેમા દર્શાવેલ શરતો બંધનકર્તા રહેશે.

માહિતી -રાજ-૯૭૧ -૨૬-૨૭


'અબતક' સાંધ્ય દૈનિક ને
હાર્દિક શુભેચ્છા અભિનંદન





જગદીશભાઈ રાવલ
બ્રહ્મ સેના (સૌરાષ્ટ્ર-ગુજરાત) સ્થાપક-અધ્યક્ષ
મો.૯૯૦૯૫ ૯૦૧૦૨/૭૪૦૫૪ ૯૧૫૨૮

1,802
CUSTOMERS^
6,979
SUPPLIERS#
26
OWN FACILITIES*
ONE
UNIVERSAL FACTORY

ZETWERK
ZETWERK MANUFACTURING BUSINESSES LIMITED
www.zetwerk.com



We are a technology-led, asset-light manufacturing platform for industrial and consumer goods in India and globally. In Fiscal 2026, our manufacturing platform had a diverse customer base ranging from start-ups to large industrial companies, including 8 of Sensex, 16 of Nifty 50, and 102 of India's Fortune 500 companies. We undertake complex manufacturing across industries including utilities, renewables, consumer electronics, artificial intelligence infrastructure, aerospace, space & defence, oil & gas, and industrial automation.

^In Fiscal 2026 | # Third party suppliers, Fiscal 2026 | *As of June 30, 2026 *Map not to scale, for representation purposes only.*

ZETWERK: END-TO-END MANUFACTURING

**ZETWERK MANUFACTURING BUSINESSES LIMITED** (formerly known as Zetwerk Manufacturing Businesses Private Limited) is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with the Registrar of Companies, Karnataka at Bengaluru, SEBI and the Stock Exchanges on October 11, 2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of our Company at www.zetwerk.com and the websites of the BRLMs, i.e., Kotak Mahindra Capital Company Limited, Morgan Stanley India Company Private Limited, Goldman Sachs (India) Securities Private Limited, Avendus Capital Private Limited, JM Financial Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited and Pantomath Capital Advisors Private Limited at https://investmentbank.kotak.com, www.morganstanley.com/india, www.goldmansachs.com, www.avendus.com, www.jmfl.com, www.business.hsbc.co.in and www.pantomathcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***"Risk Factors"*** beginning on page 28 of the RHP. Potential investors should rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the ***"U.S. Securities Act"***) or any other applicable law of the United States and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (a) to persons in the United States that are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act; or (b) outside the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 441/26

## તંત્રી લેખ

# મોંઘવારીના માર વચ્ચે સામાન્ય માનવી માટે "કસોટી જિંદગી કી"

વૈશ્વિક સ્તરે આર્થિક અસ્થિરતા વચ્ચે ભારતનો જીડીપી ગ્રોથ ૭ ટકા જાળવી રાખવાનો લક્ષ્યાંક ભલે આશાસ્પદ ચિત્ર ઉપસાવતો હોય પરંતુ ધરાતલ પર ચિત્ર તદ્દન અલગ છે. એક તરફ આર્થિક વૃદ્ધિના દાવા થઈ રહ્યા છે, તો બીજી તરફ ફુગાવો અને સતત વધતી મોંઘવારીએ દેશના સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે.

હાલમાં અખાતના યુદ્ધ જેવી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે કાચા તેલના ભાવ ઊંચકાઈ રહ્યા છે.જેના પરિણામે પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારાનું જોખમ તોળાઈ રહ્યું છે. વાહનવ્યવહાર મોંઘો થતાં જ તેની સીધી અસર ખાદ્ય તેલ, અનાજ અને રોજિંદી ઘરેલું ચીજવસ્તુઓ પર પડે છે. આ સિવાય, અપૂરતા અને અનિયમિત વરસાદને કારણે કૃષિ ઉત્પાદન ઘટી રહ્યું છે, જે શાકભાજી તથા ખાદ્ય પદાર્થોના ભાવ વધારીને ફુગાવાની આગમાં ઘી હોમી રહ્યું છે.આગામી સમયમાં વિવિધ તહેવારો આવી રહ્યા છે. તહેવારો આનંદ અને ઉત્સાહનો પ્રસંગ હોય છે, પરંતુ આવકની મર્યાદા વચ્ચે આ ગગનચુંબી મોંઘવારીમાં ઘર ચલાવવું એ ગૃહિણીઓ અને પરિવારના વડા માટે 'કસોટી જિંદગી કી' જેવી સ્થિતિ બની ગઈ છે. મર્યાદિત આવકમાં વધતા જતા ખર્ચાઓ સામે બે છેડા ભેગા કરવા એ હવે સામાન્ય નાગરિક માટે લોઢાના ચણા ચાવવા સમાન છે. શિક્ષણ, આરોગ્ય અને દૈનિક ખાદ્ય સામગ્રીના ખર્ચમાં સતત થઈ રહેલો વધારો સામાન્ય માણસની બચત ગળી રહ્યો છે.માત્ર આંકડાકીય વિકાસથી સામાન્ય નાગરિકની થાળી ભરાતી નથી. આર્થિક નીતિઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જરૂરી છે. જો સરકાર દ્વારા ઈંધણ પરના કરવેરામાં રાહત, પૂરવઠા શૃંખલાનું યોગ્ય વ્યવસ્થાપન અને સંગ્રહખોરી સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો ફુગાવાનો આ રાક્ષસ તહેવારોનો રોનક છીનવી લેશે.વિકાસ દરના ઉજળા ચિત્ર સાથે રોજિંદી મોંઘવારીમાંથી સામાન્ય જનતાને રાહત મળે તેવી અસરકારક અને નક્કર નીતિઓની આજે સખત જરૂરિયાત છે.

# મોઢ મહાજન વણિક મહાજનના યુવા પ્રમુખ ભાગ્યેશ વોરાનો જન્મદિન



સમજે મને ઘણું આપ્યું છે.સમાજને મારે સેવાના સવાયા કામ સાથે કંઈક પરત આપવું છે.તેવી લાગણી ધરાવતા રાજકોટ મોઢ વણિક મહાજનના પ્રમુખ,ફ્રીડમ યુવા ગ્રુપના સ્થાપક,રાજકોટ નાગરિક સહકારી બેંક સહિતની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા, અપના બજારના પૂર્વ ચેરમેન, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારોનું બાળકોમાં સિંચન થાય તે માટે અથાગ પ્રયત્નો કરનાર યુથ આઈકોન ભાગ્યેશભાઈ વોરાનો આજે જન્મ દિવસ છે.

તેઓએ હર હંમેશ સેવાકાર્યોને પ્રાધાન્ય આપ્યું છે.નાનપણથી જ રાષ્ટ્રસેવાના રંગે રંગાયેલા છે.મોઢ વણિક સમાજના વિકાસ માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે.મિત્રો અને સ્નેહીજનો માટે તેઓ અડધી રાતનો હોંકારો છે.આજે જન્મદિન નિમિતે તેઓના મોબાઈલ નંબર ૯૧૦૬૪ ૦૮૭૦૨ અને ૯૪૨૭૭ ૩૦૪૬૨ છે.

# જૈન સમાજના યુવા અગ્રણી પ્રતિક સંઘાણીનો જન્મદિવસ



સૌરાષ્ટ્રનાં સેવા જગતમાં અનેરૂ નામ ધરાવતાં, યુવા-તરવરીયા, પ્રખર જીવદયા પ્રેમી, સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠીત ગારડી એવોર્ડ વિજેતા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ સન્માનીત, જૈન સમાજના યુવા અગ્રણી પ્રતિક સંઘાણીનો આજે જન્મ દિવસ છે. પ્રતિક સંઘાણી ભારત સરકારના એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના માનદ એનિમલ વેલ્ફેર ઓફિસર, ગુજરાત સરકારના જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમીતીના જોઈન્ટ સેક્રેટરી તથા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા રાજકોટની કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલીત એનીમલ હેલ્પલાઈનનાં સેક્રેટરી અને સ્થાપક ટ્રસ્ટી, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાના જીલ્લા પ્રતિનિધિ ગૌશાળા અને પાંજરાપોળો સાથે ખૂબ જ સક્રિય રીતે જોડાયેલા છે.તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવા ૯૯૯૮૦ ૩૦૩૯૩ પર સંપર્ક કરવાનો રહેશે.

# શહેર ભાજપ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનાં પત્ની હર્ષાબેનનો જન્મદિવસ



આજરોજ જિલ્લા તથા શહેર ભાજપ મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળના પત્ની હર્ષાબેન નિર્મળ નો જન્મદિવસ છે. હર્ષાબેન અરૂણભાઈ નિર્મળ સતત ૨૮ વર્ષથી સીવીલ હોસ્પીટલમાં સુપ્રિટેન્ડન્ટ નર્સિંગ સ્ટાફ તરીકે સેવા આપેલ છે. હાલ તેઓ નિવૃત છે. થેલેસેમીયાના દર્દીઓને તેમનાં દવારા ખૂબ જ સેવા કરવામાં આવેલ છે. જીવદયાગ્રુપ, જનસેવા ટ્રસ્ટ, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન દિકરાનું ઘર વૃદ્ધાશ્રમ સાથે તેઓ જોડાયેલા રહે છે. સ્વામીનારાયણ ભગવાનમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે. અરૂણભાઈ નિર્મળ કે જેઓ જીલ્લા બી.જે.પી. પ્રેસ મીડીયા અગ્રણી તેમજ રાજકોટની અનેક સેવાકીય સંસ્થાઓમાં પ્રેસ મીડીયા ઈન્ચાર્જ તરીકે સેવાઓ આપી રહયા છે તેમની પ્રગતિમાં તથા તેમનાં પુત્ર જયભાઈ નિર્મળ અને પુત્રી ભૂમીકાબેન અલ્કેશભાઈ ખત્રી ની પ્રગતિમાં તેમનો સિંહફાળો રહેલ છે. આજના જન્મદિવસે હર્ષાબેન અરુણભાઈ નિર્મળ ને મોબાઈલ નંબર ૯૮૨૪૪૧૬૬૩૯ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ અંગે કેવડિયામાં ભાજપ આદિજાતિ મોરચાની આયોજનલક્ષી બેઠક

## જગદીશ વિશ્વકર્માએ ૪,૫૦૦ ગામોમાં જન્મજયંતિ ઉજવણીની આકારણી કરી: બિરસા મુંડાનો ગૌરવશાળી વારસો જનજન સુધી પહોંચાડવા આહ્વાન



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા કેવડિયા ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં, પ્રદેશ સહ પ્રભારી ગોમતી સાહૂ અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપ આદિવાસી મોરચાની પ્રથમ પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન મોદીના જાહેરજીવનના ૨૫ વર્ષ પૂરા થવા અંગે ચાલી રહેલા સેવા સંકલ્પ પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં રાજ્યના મંત્રી નરેશભાઈ પટેલ દ્વારા વડાપ્રધાનના ૨૫ વર્ષના કાર્યકાળમાં આદિવાસી સમાજના ઉત્થાન બદલ અભિનંદન પ્રસ્તાવ રજૂ કરાયો હતો, જે સર્વાનુમતે પસાર થયો હતો. આ પ્રસંગે મોરચાના પ્રદેશ અધ્યક્ષ ગણપતસિંહ વસાવા, મંત્રીઓ પી.સી. બરંડા, જયરામ ગામીત, સંસદસભ્યો પ્રભુભાઈ વસાવા, મુકેશભાઈ રાઠવા, જશુભાઈ રાઠવા, આદિવાસી ધારાસભ્યો અને મોરચાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

બેઠકમાં આગામી ૧૫ નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યના સાડા ચાર હજાર ગામોમાં કાર્યક્રમો યોજી તેમના જીવન, સંઘર્ષ અને ગૌરવશાળી વારસાને જનજન સુધી પહોંચાડાશે. બેઠકમાં ગોમતી સાહૂ, રત્નાકરજી અને ગણપતસિંહ વસાવાએ સંગઠનાત્મક કામગીરી અને અસરકારક જનસંપર્ક અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

બેઠકમાં જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ૨૦૦૭થી શરૂ થયેલી 'વનબંધુ કલ્યાણ યોજના' દ્વારા અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ અને માર્ગોનો વિકાસ થયો છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. તેમણે જ્યોતિગ્રામ યોજના, 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા અભિયાનોનો ઉલ્લેખ કરી ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે સંગઠનને મજબૂત કરવા આહ્વાન કર્યું હતું.

# રાધેશ્યામ નવરાત્રી મહોત્સવમાં ૭૨૦૦ ખેલૈયાઓએ ગરબે ધૂમીને સર્જ્યો અનોખો માહોલ

## ૨૧ ઓકટોબરના ગાયક ઉદય ધાંધલ પોતાની સંગીતમય રજૂઆત સાથે ખેલૈયાઓને ગરબાના તાલે ઝુમાવશે



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારિયા સ્થિત સાઈબાબા સર્કલ ખાતે યોજાઈ રહેલા રાધેશ્યામ નવરાત્રી મહોત્સવના ચોથા નોરતે ગ્રાઉન્ડ હાઉસફુલ થઈ ગયું હતું. ૭૨૦૦ ખેલૈયાઓની ભવ્ય હાજરીથી સમગ ગ્રાઉન્ડ ગરબાના રંગે રંગાયું હતું. માતાજીની આરાધના, સંગીતના તાલ અને ખેલૈયાઓના અદભુત ઉત્સાહે સમગ્ર વાતાવરણને ભકિતમય અને ઊર્જાસભર બનાવી દીધું હતું. ચોથા નોરતે હાઉસફુલ ગ્રાઉન્ડ રાધેશ્યામ નવરાત્રી મહોત્સવની લોકપ્રિયતા અને ભવ્ય આયોજનનું આકર્ષક દૃશ્ય બન્યું હતું.

આ ભવ્ય આયોજનમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ સહિત અનેક કોર્પોરેટરો, રાજકીય આગેવાનો અને વિવિધ સમાજના શ્રેષ્ઠીઓએ ઉપસ્થિત રહીને મહોત્સવની શોભા વધારી હતી.

મહોત્સવમાં જાણીતા ગાયકો વિશાલ વરુ, સ્વાતિ પ્રજાપતિ, સેજલ મકવાણા અને ક્રીસી પટેલના સુમધુર સ્વરોએ ખેલૈયાઓને ગરબે ઘૂમવા પ્રેર્યા હતા. રિધમમાં અજય એન્ડ વિજય તથા બારોટ બ્રધર્સની સંગીતમય રજૂઆત અને નવરંગ સાઉન્ડની શાનદાર સાઉન્ડ વ્યવસ્થાએ ગરબાની રમઝટને વધુ યાદગાર બનાવી હતી.

રાધેશ્યામ નવરાત્રી મહોત્સવના આગામી આકર્ષણ તરીકે તા. ૨૧ ઓકટોબર, ૨૦૨૬ના રોજ જાણીતા ગાયક ઉદય ધાંધલ પોતાની સંગીતમય રજૂઆત સાથે ખેલૈયાઓને ગરબાના તાલે ઝૂમાવશે.

## વિશ્વ કરોડરજ્જુ દિવસ નિમિત્તે

# વોકહાર્ટ હોસ્પિટલના સ્પાઈન નિષ્ણાંતો દ્વારા કરોડ રજ્જુની સારવાર અંગે અપાયો જાગૃતિ સંદેશ



**અબતક, રાજકોટ**

૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશ્વ કરોડરજ્જુ દિવસના અનુસંધાને એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટના સ્પાઈન સ્પેશ્યાલિસ્ટ દ્વારા પ્રસારીત કરવામાં આવેલ જાગૃતિ સંદેશમાં કરોડરજ્જુની સમસ્યાઓને સમયસર ઓળખવા અને તેની કાળજીને રોજિંદી જીવનશૈલીનો ભાગ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ગરદન અને કમરનો દુખાવો રોજિંદા કામકાજ, ઊંઘ તથા રોજિંદી પ્રવૃત્તિઓને અસર કરી શકે છે. તેથી વારંવાર થતા કે લાંબા સમયથી રહેતા દુખાવાને માત્ર થાક સમજીને અવગણવો નહીં.

હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ-બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન ડો. કાંત જોગાણીની સલાહ મુજબ, સ્નાયુઓમાં ખેંચાણ, ડિસ્કની સમસ્યા, નસ પર દબાણ, કરોડરજ્જુમાં ઘસારો તથા હાડકાંની નબળાઈને કારણે ગરદન કે કમરમાં દુખાવો થઈ શકે છે. જોકે, દરેક કમરદર્દ પાછળ ડિસ્કની સમસ્યા જ હોય એવું નથી. કમરથી પગ તરફ ઉતરતો દુખાવો, ઝણઝણાટી, ખાલી ચડવી કે નબળાઈ જણાય તો તબીબી તપાસ કરાવવી જોઈએ. દુખાવો સતત રહે, રાત્રે વધે, રોજિંદા કામમાં અડચણ ઊભી કરે અથવા સાથે તાવ કે અકારણ વજન ઘટતું હોય તો તેને અવગણવું નહીં. બંને પગમાં નબળાઈ કે ખાલી ચડવી, ગુપ્તાંગ અથવા મળદ્વાર આસપાસ સંવેદના ઘટવી, પેશાબ કરવામાં નવી તકલીફ કે પેશાબ-મળ પર નિયંત્રણ ગુમાવવું જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક ઈમરજન્સી સારવાર લેવી જરૂરી છે.

# શિવા ફ્રેન્ડ્સ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા એ.આર. રહેમાનના સુપરહિટ ગીતોનો લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ યોજાશે

## ૩૧મી એ હેમુ ગઢવી હોલ ખાતે ૧૦ મ્યુઝિશિયન્સની ટીમ સાથે ૨૦થી વધુ કલાકારો આપશે સંગીતમય પ્રસ્તુતિ



**અબતક, રાજકોટ**

રાજકોટની સંગીતપ્રેમી જનતા માટે ઓસ્કાર વિજેતા સંગીતકાર એ. આર. રહેમાનનાં સુપરહિટ, સુમધુર અને લોકપ્રિય ગીતોની સંગીતમય સાંજનું આયોજન કરવામાં આવ્યું છે. શિવા ફ્રેન્ડ્ઝ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા લાઈવ ઓર્કેસ્ટ્રા સાથે યોજાનારા આ વિશેષ કાર્યક્રમમાં રાજકોટના પ્રતિભાશાળી કલાકારો પોતાની કલાનું પ્રદર્શન કરશે. આગામી તા. ૩૧ ઓક્ટોબર, શનિવારના રોજ રાત્રે ૯:૧૫ કલાકે હેમુ ગઢવી મેઈન હોલ ખાતે આ શો યોજાશે.

ધ્યાનવી શુકલની પ્રેરણાથી તથા હેમલભાઈ શુકલના સહયોગથી આયોજિત આ કાર્યક્રમના સહઆયોજક હિરેન રાવલ છે. અગાઉ યોજાયેલા એ. આર. રહેમાન સ્પેશિયલ કરાઓકે કાર્યક્રમને મળેલી ભવ્ય સફળતા, પ્રેક્ષકોનો પ્રતિસાદ અને તેમની માંગને ધ્યાનમાં રાખીને આ લાઈવ ઓર્કેસ્ટ્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે હેમલભાઈ શુકલ, જીતેન્દ્ર શુકલ, અને દિનેશકુમાર ધમાલ (એસઆરકે યારાના મ્યુઝિકલ ગ્રુપ) સહયોગ આપી રહ્યા છે. સંગીતપ્રેમીઓ આ કાર્યક્રમની ટિકિટ બુક માય શો દ્વારા બુક કરાવી શકશે. વધુ માહિતી અને ટિકિટ બુકિંગ માટે ૯૧૫૭૦૦૩૮૫૪, અને ૭૯૯૦૨૦૩૮૩૩ પર સંપર્ક સાધી શકાશે.

અબ તક પ્રેસની શુભેચ્છા મુલાકાતે ધ્યાનવી શુકલ, હેમલ શુકલ હિરેન રાવલ ધવલ થાનકી સંજય ઝાલા અમિત કટેથીયા અને નીતા ડાંગરે રૂબરૂ માહિતી આપી.

# શાળા નં.૭૩ ખાતે કલસ્ટર કક્ષાના બાળવૈજ્ઞાનિક પ્રદર્શનમાં ૪૬ જેટલા વિદ્યાર્થીઓએ કૃતિ રજૂ કરી



**અબતક, રાજકોટ**

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ પ્રેરિત સી.આર.સી. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સી.આર.સી.-૧૮ ની શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલ કૃતિઓનું પ્રદર્શન શાળા નંબર-૭૩ મુકામે તા.૧૪-૧૦ના રોજ યોજવામાં આવેલ. આ પ્રદર્શનમાં કુલ:-૪૬ વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ રજુ કરેલ. આ પ્રદર્શનમાં ૬૦૦ થી વધુ બાળકો, શિક્ષકો તેમજ વાલીઓએ મુલાકાત લીધેલ. આ પ્રદર્શનમાંથી શાળા નંબર:-૫૮,૮૦,૪૯,૭૦ નંબરની શાળાઓની કૃતિ ઝોન કક્ષા માટે પસંદગી પામેલ છે. આ પ્રદર્શન દરમિયાન પતંજલિ વિદ્યાલયના શિક્ષક મિતભાઈ ખુંટ અને મૌલિકભાઈ ગજેરાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવેલ.

# સાંદિપનિ વિદ્યાનિકેતનમાં નવરાત્રી અનુષ્ઠાન મહોત્સવમાં માનો રથયાત્રા મનોરથ સંપન્ન



**અબતક, રાજકોટ**

પોરબંદર સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ૪૫મા શારદીય નવરાત્રિ અનુષ્ઠાન મહોત્સવના ત્રીજા દિવસે શ્રીહરિ મંદિરમાં કરુણામયી માનો રથયાત્રા મનોરથ સંપન્ન કરવામાં આવ્યો. શારદીય નવરાત્રિના ત્રીજા નોરતે શ્રીહરિ મંદિરમાં સાયં આરતી બાદ સુસજ્જિત કરાયેલા રથમાં કરુણામયી માની ઉત્સવમૂર્તિને મંત્રોચ્ચાર અને સંકીર્તન સાથે પધરાવવામાં આવી હતી. ત્યારબાદ ભાઈશ્રી તથા બિહારીદાસ ભકતમાલીજીના કરકમલો દ્વારા કરુણામયી માની પૂજા કરવામાં આવી તેમજ ભાઈશ્રી તથા બિહારીદાસ ભક્તમાલીજીના કરકમલોથી રથ ખેંચીને રથયાત્રા મનોરથ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ મનોરથમાં અનુષ્ઠાનના મુખ્ય મનોરથી તેમજ અન્ય ભાવિકો પણ જોડાયા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

# ચૈતન્ય ટેક્નો સ્કુલના પ્રિ-પ્રાયમરીના બાળકોએ એસ.આર.પી કેમ્પની મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

બાળકોમાં નાનપણથી જ દેશભક્તિ, શિસ્ત અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ જાગ્રત થાય તેવા હેતુ સાથે રાજકોટની જાણીતી શૈક્ષણિક સંસ્થા ચૈતન્ય ટેક્નો સ્કૂલ ના પ્રી-પ્રાયમરી (બાલમંદિર) વિભાગના નાના-નાના બાળકો માટે એક ખાસ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ ઘંટેશ્વર સ્થિત રાજકોટ એસ.આર.પી. કેમ્પ ની ઉત્સાહભેર મુલાકાત લીધી હતી.

આ શૈક્ષણિક મુલાકાત દરમિયાન બાળકોએ કેમ્પસની અંદર આવેલા અદભુત અને મનોહર બટરફ્લાય ગાર્ડન (પતંગિયા પાર્ક), કુદરતી વાતાવરણથી ભરપૂર 'ધ ફોરેસ્ટ ટ્રેલ', પોલીસ જવાનોની સખત મહેનત દર્શાવતું એસઆરપી ટ્રેનિંગ સેન્ટર તેમજ વિવિધ ઔષધિય વનસ્પતિઓથી સભર 'સંજીવની આયુર્વન' (આયુર્વેદિક ઔષધિ ઉદ્યાન) ની રૂબરૂ મુલાકાત લીધી હતી. નાના ભૂલકાંઓએ અહીં પ્રકૃતિની વચ્ચે સમય વિતાવવાની સાથે એસ.આર.પી.ના જવાનોની તાલીમ અને દેશસેવાની ભાવનાને ખૂબ જ નજીકથી નિહાળી હતી.

આ સમગ્ર પ્રવાસનું આયોજન ચૈતન્ય ટેક્નો સ્કૂલના પ્રિન્સિપાલ કોકિલા મુરલી અને ડીન મુરલી કૃષ્ણામૂર્તિ ના યોગ્ય માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો અને સ્ટાફ પરિવારે સાથે રહીને ખૂબ જ સુંદર રીતે કરાવ્યું હતું.

## આજી જીઆઈડીસીમાં લૂંટ વીથ મર્ડરનો ભેદ ઉકેલાયો

# તન્વી ગોલ્ડ પેઢીનાં કર્મચારીને ગોળી ધરબી રૂ. ૧.૫૩ કરોડની મતા લૂંટી જનાર નવ શખ્સો ઝબ્બે

### ટીપ આપનાર ચાર પૂર્વ કર્મચારીઓ સહીતની ગેંગને રાત આખી વિશેષ ઓપરેશન ધરી દબોચી લેવાયા : ત્રણ શખ્સોને ચોટીલા, બેને ઉદયપુર અને ચાર શખ્સોને ભીલવાડા નજીકથી ક્રાઈમ બ્રાન્ચે ઉઠાવ્યા : તમામ મુદ્દામાલ પણ રિકવર

**અબતક, રાજકોટ**

શહેરના આજી જીઆઈડીસી વિસ્તારમાં ગત રાત્રિના તન્વી ગોલ્ડ પેઢીના કર્મચારી પર ફાયરિંગ કરી મોતને ઘાટ ઉતારી ફિલ્મી ઢબે રૂ. ૧.૫૩ કરોડની મતાની લૂંટ આચરી ચાર શખ્સોની ટોળકી કારમાં ફરાર થઇ ગઇ હતી. જે ગુનાની જાણ થતાં સીપી, જેસીપી, ડીસીપી સહિતના અધિકારીઓ અને ક્રાઇમ બ્રાન્ચ, એલસીબી અને થોરાળા પોલીસનાં કાફલાએ દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન પોલીસે રાત આખી વિશેષ ઓપરેશન હાથ ધરી રાજસ્થાન અને ચોટીલા પંથકમાંથી ફાયરિંગ કરનાર લોકેશ અને અનુરાગ સહીત નવ શખ્સોને દબોચી તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો હતો. ઝડપાયેલા આરોપીઓમાં ચાર શખ્સો તન્વી ગોલ્ડ પેઢીના જૂના કર્મચારી હોવાનું જાણવા મળ્યું છે.



મૃતક


આરોપી


આરોપી



સહકાર મેઈન રોક્ષ પર સાધના સોસાયટી શેરી નં. ૦૧/૦૪ નાં ખૂણે 'ગોવર્ધન' મકાનમાં રહેતા ૫૨ વર્ષીય પ્રૌઢ વેપારી બીપીનભાઈ ગોરધનભાઈ લીંબાભાઈ વીરડીયાએ ટાટા ટીગોર કારમાં ધસી આવેલા ચાર અજાણ્યા શખ્સોનું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું આજી જી.આઈ.ડી.સી. મેઈન રોડ પર બાવીશી વે-બ્રિજ સામે તન્વિ એક્ષપોર્ટ ઈન્ડીયા લીમીટેડ નામની સોના ચાંદીની મેન્યુફેકચરીંગ પેઢી ભાગીદારીથી ચલાવું છું. જેમાં મારી સાથે અન્ય ૧૧ ભાગીદારો છે. અમે અહીં અમારી પેઢીમાં ત્રણ વર્ષથી સોના-ચાંદીના ઘરેણા તૈયાર કરી આખા ભારતમાં અલગ અલગ જગ્યાએ વેચાણ કરીએ છીએ. તેમજ તન્વિ એક્ષપોર્ટથી આશરે ચાલીશ મિટરના અંતરમા અમારી રીફાઈનરી આવેલ છે. જે રીફાઈનરીમા સોના-ચાંદીનુ રીફાઇન થયા બાદ અમારા કોઈ અંગત માણસ સાથે અમારી કંપનીમા કામ કરતા સિક્યુરીટી ગાર્ડ સાથે મોકલી અમારા જવેલરી બનાવતા યુગ બિલ્ડીંગ ખાતે આપ-લે કરીએ છીએ.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪/૧૦ ના રાત્રીના સવા આઠ વાગ્યે હુ તથા કિશોરભાઈ હાપલીયા કોટેચા ચોક પાસે હતા. ત્યારે મારા ભાગીદાર મયુરભાઈ લીંબાસીયાનો ફોન આવેલ કે, કંપનીમા કામ કરતા લાલજીભાઈ સરધારા ઉપર રીફાઈનરી પાસે ફાયરીગ થયેલ છે અને આશરે દોઢેક કરોડના સોના-ચાંદીના લૂંટ થયેલ છે અને અત્યારે લાલજીભાઈ સરધારાને મધુરમ હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ છે. જેથી હુ અને કિશોરભાઈ હાપલીયા મધુરમ હોસ્પીટલ ગયેલ હતા. જયા અમારા અન્ય ભાગીદારો પણ હાજર હતા અને લાલજીભાઈની ઈમરજન્સી રૂમમા સારવાર ચાલુ હતી. જયા મારા ભાગીદાર રાજભાઈ અશોકભાઈ ભાલારાએ મને વાત કરેલ કે, સાંજના સવા સાત વાગ્યે રિફાઈનરી ખાતે કામ કરતા વર્કર બાબુભાઈ બચુભાઈ કાકડીયાનો તુષારભાઈ વલ્લભભાઈ સાવલિયાને ફોન આવેલ કે, પંદર મિનીટ બાદ કોઈ માણસને રીફાઈનરી ખાતે મોકલો, રિફાઇન સોનાના અલગ અલગ વજનના ઢાળીયા જેનુ વજન આશરે ૯૪૬ ગ્રામ કિમત રૂ. ૧,૪૮,૯૦,૦૦૦ તથા રિફાઈન ચાંદીનો ડસ્ટ પાવડરની પ્લાસ્ટીકની કોથળી વજન આશરે બે કીલો જેની કિમત રૂ. ૪,૩૦,૦૦૦ મળી કુલ રિફાઇન સોના-ચાંદીની કુલ કિમત રૂ. ૧,૫૩,૨૦,૦૦૦ નો સોના ચાંદીનો માલ તૈયાર થયેલ છે. જેથી આશરે સાડા સાત વાગ્યે તુષારભાઈ સાવલીયાએ ભાગીદાર હરેશભાઈ સરધારાના ભાઈજીના દિકરા લાલજીભાઈ લવજીભાઈ સરધારાને કંપની ખાતેથી સિક્યુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયાર સાથે એક્ટિવા મોટર સાયકલ રજી નં.જીજે-૦૩-એલએફ-૦૧૬૯ લઈને રીફાઈનરી ખાતે મોકલેલ હતા. બાદ સાંજના આઠ વાગ્યે રાજભાઈ ભાલારા અને મયુરભાઈ લીંબાસીયા ઓફીસમાં બેઠેલ હતા. તે વખતે મયુરભાઈ લિંબાસીયાને હિતેષભાઈ સરધારાનો ફોન આવેલ કે, લાલાભાઈ(લાલજીભાઈ સરધારા) ઉપર રીફાઈનરી ખાતે ફાયરીંગ થયેલ છે. જેથી તુરંત જ રાજભાઈ ભાલારા અને મયુરભાઈ લીંબાસીયા રીફાઈનરી ખાતે ગયેલ હતા. જયા લાલજીભાઈ સરધારા રોડની સાઈડ પર ઢળી ગયેલ હાલતમા પડેલ હતા. જેથી મયુરભાઈ લિંબાસિયા અને હિતેષભાઈ સરધારા તાત્કાલિક તેમને પ્રાથમિક સારવાર માટે મધુરમ હોસ્પિટલ ખાતે લઇ ગયેલ હતા. ત્યારે રાજભાઈ ભાલારા તથા કંપનીની કેન્ટિનના મેનેજર અનીલભાઈ કથીરીયા, સીકયુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયાર અને અન્ય માણસો હાજર હતા.

સીકયુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયારએ રાજભાઇ ભાલારાને વાત કરેલ કે, લાલજીભાઇ સોના-ચાંદીનુ બેગ લઈને રિફાઈનરીના ગેઈટ બહાર નિકળેલ ત્યારે બે અજાણ્યા માણસો લાલજીભાઈ સાથે ઝપાઝપી કરતા હોય ત્યારે સિક્યુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયાર દોડીને લાલજીભાઈને બચાવવા જતા તેમાથી એક અજાણ્યા શખ્સ જેણે સફેદ કલરનો શર્ટ પહેરેલ હતો. તેને પોતાની પાસેથી હથીયાર કાઢી લાલજીભાઈ ઉપર ફાયરીગ કરતા લાલજીભાઈ નીચે પડી જતા લાલજીભાઈ પાસે રહેલ થેલો લુટીને બન્ને અજાણ્યા શખ્સો મરૂન કલરની ટાટા કંપનીની ટીગોર કારમા બેસી ગયેલ હતા. બાવનજી બાબુજી પઢીયારએ કારમા જોતા કારમાં બીજા બે અજાણ્યા માણસો પણ બેઠા હતા અને તેઓ તે ગાડી હંકારી ભાગી ગયા હતા. આખી વાત મને રાજભાઈ અશોકભાઈ ભાલારાએ મધુરમ હોસ્પીટલ ખાતે કરેલ હતી. બાદમાં ચાલુ સારવાર દરમ્યાન લાલજીભાઈ સરધારાણે મધુરમ હોસ્પિટલના ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કરી દીધા હતા.

જેથી સમગ્ર મામલે પ્રૌઢ વેપારીએ તેમના કર્મચારી લાલજી સરધાર પર ફાયરિંગ કરી તેમની પાસે રહેલ ૯૪૬ ગ્રામ સોનુ અને ચાંદીનો ડસ્ટ પાવડર જેની કુલ કિંમત રૂ. ૧,૫૩,૨૦,૦૦૦ ની મતા ભરેલી બેગ લઈ લૂંટારુ ફરાર થઈ ગયા અંગે થોરાળા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

સમગ્ર મામલાની જાણ થતાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. ચકચારી બનાવને પગલે અલગ અલગ ટીમો બનાવી તપાસ આદરી આજે સવાર સુધીમાં નવ શખ્સોની ગેંગને ઝડપી લેવામાં આવી હતી. વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર લૂંટારુ ગેંગમાં ચાર શખ્સો છ મહિના પૂર્વે સુધી અહીં તન્વી ગોલ્ડ પેઢીમાં નોકરી કરતા હતા અને તેમણે જ લૂંટ અંગેની ટીપ આપી હતી. પોલીસે હાલ ફાયરિંગ કરનાર લોકેશ અને અનુરાગ નામના શખ્સ સહીતની લૂંટારુ ટોળકીનાં ત્રણ શખ્સોને ચોટીલા, બેને રાજસ્થાનનાં ઉદયપુર અને ચાર શખ્સોને ભીલવાડા નજીકથી દબોચી તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો છે.

### ફેક્ટરીના કર્મચારી સહિત ૮૦૦ લોકોને વેરીફાઈ કર્યા : ૨૫૦ થી વધુ સીસીટીવી કેમેરા તપાસ્યા

લૂંટ વિથ મર્ડરના ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાનાં માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને ડીસીપી હેતલ પટેલની રાહબરી હેઠળ એસીપી ક્રાઈમ ભરત બસિયાનાં નેતૃત્વ હેઠળ ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, એસઓજી અને થોરાળા પોલીસની ૫૦ થી વધુ ટીમોને કામે લગાડવામાં આવી હતી. દરમિયાન પોલિસની ટીમોએ તન્વી ગોલ્ડ ફેક્ટરીનાં વર્તમાન અને ભૂતપૂર્વ કર્મચારીઓ, આસપાસની ફેક્ટરીમાં કામ કરતા શ્રમીકો સહીત ૮૦૦ લોકોને વેરીફાઈ કર્યા હતા. બીજી બાજુ પોલીસ ૨૫૦ થી વધુ કેમેરા તપાસી લૂંટારુઓનું પગેરું મેળવી દબોચી લીધા હતા.

### ૧૨ કલાકના વિશેષ ઓપરેશનમાં ચકચારી ગુનાનો ભેદ ઉકેલી લેવાયો : સીપી બ્રજેશકુમાર ઝા



સમગ્ર મામલામાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ 'અબતક' સાથેની વાતચીતમાં ગુનાનો ભેદ ઉકેલાઈ ગયાની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુનાંની જાણ થતાં જ અલગ અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. દરમિયાન હ્યુમન સોર્સ અને ટેક્નિકલ રિસોર્સમાંથી મળેલી હકીકતનાં આધારે લૂંટારુ ગેંગને ઝડપી લઇ તમામ મુદ્દામાલ રિકવર કરી લેવામાં આવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાત્રિના આઠ વાગ્યે બનાવ બન્યા બાદ આજે સવારે આઠ વાગ્યાં સુધી વિશેષ ઓપરેશન હાથ ધરી ગેંગને ઝડપી લેવામાં આવી હતી.

### વર્ષ ૧૯૯૯ માં સોની બજારના માધવ કોમ્પ્લેક્સમાં તન્વી ગોલ્ડ પેઢીનાં પાયા નખાયા : ત્રણ વર્ષ પૂર્વે આજી જીઆઈડીસીમાં યુનિટની સ્થાપના થઇ

પ્રાપ્ત વિગત અનુસાર તન્વી ગોલ્ડ પેઢીની શરૂઆત વર્ષ ૧૯૯૯ માં સોની બજારની માધવ કોમ્પ્લેક્સથી થઇ હતી. જયા તેઓ રોલપ્રેસનાં વ્યવસાય સાથે સંકળાયેલા હતા. બાદ વર્ષ ૨૦૨૩ માં આજી જીઆઈડીસી ખાતે તન્વિ એક્ષપોર્ટ ઈન્ડીયા લીમીટેડ નામે સોના-ચાંદીનાં મેન્યુફેચરીંગ યુનિટ શરૂ કરવામાં આવી હતી. જે પેઢીમાં ફરીયાદી પ્રૌઢ બિપિનભાઈ વિરડિયાની સાથે અન્ય ૧૧ ભાગીદારો છે. જે ભાગીદારોમાં તુષારભાઈ વલ્લભભાઈ સાવલીયા, રાજભાઈ અશોકભાઈ ભાલારા, મયુરભાઈ ભુપતભાઈ લીંબાસીયા, હરેશભાઈ મોહનભાઈ સરધારા, હીતેષભાઈ મોહનભાઈ સરધારા, દિનેશભાઈ મશરૂભાઈ મેવાડા, અંકુરભાઈ જેરામભાઈ અજાણી, રવીભાઈ અશોકભાઈ ભાલારા, રાજેશભાઈ બાબુભાઈ તારપરા, વિનોદભાઈ મનજીભાઈ પરસાણા અને સંદિપભાઈ જગદીશભાઈ હાપલીયા છે.

### ૧૨ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા લાલજીભાઈ પેઢીના ભાગીદારનાં પિતરાઈ : બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

ફાયરિંગ વિથ લૂંટની ઘટનામાં લૂંટારુઓ સામે પ્રતિકાર કરનાર પેઢીના કર્મચારી લાલજીભાઈ લવજીભાઈ સરધારા(ઉવ ૫૩)ને લૂંટારુઓએ છાતીનાં ભાગે ગોળી ધરબી દીધી હતી. જે ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા લાલજીભાઈને તાત્કાલિક સારવાર અર્થે મધુરમ હોસ્પિટલ ખાતે લઇ જવાયા હતા પણ જીવ બચ્યો ન હતો. મૃતકની પ્રાપ્ત વિગત અનુસાર તેઓ તન્વી ગોલ્ડ પેઢીના ભાગીદાર હરેશભાઈ સરધારાના ભાઈજીના દિકરા હતા અને અહીં છેલ્લા ૧૨ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ બિગ બજાર નજીક એ.પી. પર્કમાં રહેતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે અને તેઓ બંને પરિણીત છે. લાલજીભાઈનાં આકસ્મિક મોતથી પરીવારનો ઉંડા શોકમાં ગરકાવ થઇ ગયો છે.

### લૂંટારૂઓએ બે કલાક સુધી રેકી કરી લૂંટને અંજામ આપ્યો : પરપ્રાંતિયોની ગેંગ રાજસ્થાન તરફ નાસી ગઈ'તી

સમગ્ર ઘટનામાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર લૂંટારુઓએ ગુનાને અંજામ આપતાં પૂર્વે પુરેપૂરું લેશન કર્યું હતું. બનાવને અંજામ આપી લૂંટારુઓ જે ટાટા ટીગોર કારમાં પલાયન થયાં હતા. તે કાર પેઢી બહાર સાડા પાંચથી છ વાગ્યાંનાં અરસામાં જ આવી ચડી હતી. સીસીટીવી ફૂટેજમાં આશરે છ વાગ્યે ટાટા ટીગોર કાર પેઢીની બહાર જોવા મળી હતી. ત્યારબાદ લૂંટારૂઓ સમગ્ર રોડ પર રાઉન્ડ માર્યો હતો બાદ ફરીવાર કાર પેઢીની બહાર ઉભી રહી હતી અને લાલજીભાઈ કરોડોની મતા ભરેલી બેગ લઈને બહાર આવતા જ લૂંટારુઓ તૂટી પડ્યા હતા અને ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી કારમાં બેસી ફરાર થઇ ગયા હતા. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર લૂંટારુઓ ગુનાને અંજામ આપી અમદાવાદ હાઈવે થઇ રાજસ્થાન તરફ નાસી ગયાનું પગેરું પોલીસને મળ્યું હતું. જેના આધારે પોલીસે તમામ લૂંટારુઓને રાજસ્થાન તરફથી દબોચી લીધા હતા જયારે અન્ય ટીપ આપનાર સહીત ત્રણ શખ્સોને ચોટીલા પંથકમાંથી પકડી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### સોની બજાર બંધનું એલાન પરત ખેંચાયું

તન્વી ગોલ્ડ પેઢીમાં થયેલી રૂ.૧.૫૩ કરોડની લૂંટ અને ફાયરિંગ કરી કર્મચારીની હત્યા નીપજવવા મામલે ગોલ્ડ ડીલર સહિતના એસો. દ્વારા આજે સવારે નવ વાગ્યાંથી બપોરના ૧૨ વાગ્યાં સુધી સોની બજારની તમામ પેઢીઓ બંધ રાખવાનું આહવાન કરવામાં આવ્યું હતું. જો કે, કલાકો બાદ બંધનું એલાન સત્તાવાર રીતે પરત ખેંચી લેવામાં આવ્યું હતું.

**લાલજીભાઈ સરધારા ગત રાત્રિના આશરે આઠ વાગ્યે રીફાઈનરીમાંથી રૂ. ૧.૪૮ કરોડનું ૯૪૬ ગ્રામ સોનુ અને રૂ. ૪.૩૦ લાખનું ચાંદી લઈને બહાર નીકળતા જ લૂંટારુઓએ ગોળી ધરબી હત્યા નીપજાવી : સોનુ-ચાંદી ભરેલી બેગ લઈ ટાટા ટીગોર કારમાં ફરાર થઈ ગયા'તા**

# કોઠારીયા રોડ પર ધોકા-પથ્થર વડે હુમલો કરી અમરેલીયા બંધુઓનાં હાથ ભાંગી નાખ્યા

### એક્ટિવા લઈને ધસી આવેલા શખ્સો કંઈ પણ કહ્યા વિના ઘર નજીક બેઠેલા યુવાન પર તૂટી પડ્યા : ઘરે ધસી જઈ વાહનમાં પણ તોડફોડ કરી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આશાપુરાનગરમાં રહેતા અમરેલીયા બંધુઓને પાડોશમાં રહેતા શખ્સ આણી ટોળકીએ ધોકા-પથ્થર વડે માર મારી બંને ભાઈઓનાં હાથ ભાંગી નાખ્યા હતા. ઘર નજીક બેઠેલા યુવાન પાસે એક્ટિવામાં ધસી આવેલા શખ્સોએ કંઈ પણ કહ્યા વિના હુમલો કરી દીધો હતો. એટલેથી નહિ અટકતા ત્રિપુટીએ યુવાનના ઘર ખાતે ધસી જઈ બહાર પાર્ક કરેલા મોટરસાયકલમાં ધોકાનાં ઘા ઝીંકી તોડફોડ કરી હતી. સમગ્ર મામલે બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ આદરી હતી. કોઠારીયા રોડ પર આશાપુરાનગર શેરી નં.-૨ માં રહેતા ૩૬ વર્ષીય યુવાન જીગ્નેશભાઈ રમેશભાઈ અમરેલીયાએ આરોપી તરીકે પાડોશમાં રહેતા પાર્થ હિરેનભાઈ કારીયા, નિરવ હિરેનભાઈ કારીયા અને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યુ હતું કે, ગઈકાલ તા.૧૪-૧૦ ના બપોરના આશરે બે વાગ્યે હું જમીને ફાકી ખાવા ગયેલ હતો. બાદ હું ગોહેલ ટેઈલરના ઓટે બેસી મોબાઈલ જોતો હતો. ત્યારે અમારી શેરીનાં ખુણે રહેતો પાર્થ હિરેનભાઈ કારીયા અને તેની સાથે કોઇ અજાણ્યો શાખા એક્ટિવા લઈને મારી પાસે આવી ઉભા રહ્યા હતા. પાર્થે તેની સાથે આવેલ વ્યક્તિને ધોકો લાવ તેમ કહેતા અજાણ્યા શખ્સે એકટીવામાંથી લાકડાનો ધોકો આપતા પાર્થએ ધોકાનો એક ઘા કરેલ, જેથી મે મારો હાથ આડો રાખતા મારા હાથમા રહેલ મોબાઈલ પર ઘા વાગ્યો હતો. દરમિયાન મારો નાનો ભાઈ રાહુલ જે સામે દુકાને ઉભો હતો તે દોડી આવ્યો હતો. જે બાદ પાર્થે મારા ભાઈ રાહુલને ધોકા વડે માર મારતા તેને જમણા હાથમા તથા વાંસાના ભાગે ઈજા પહોંચતા તે નીચે પડી ગયેલ હતો. દરમિયાન પાર્થનો ભાઈ નિરવ હિરેનભાઈ કારીયા આવી ગયેલ તેણે પાર્થ પાસેથી ધોકો લઈ મને ડાબા હાથમા ઘા ઝીંકી ગાળો ભાંડો હતી. પાર્થ સાથે આવેલ અજાણ્યા વ્યક્તિએ પથ્થર ઉપાડી ઘા કરેલ જે મને જમણા ખંભે વાગી ગયેલ હતો. બાદમા મે મારા બચાવ માટે પથ્થર ઉપાડતા ત્રણેય શખ્સો નાસી ગયેલ હતા. બાદ ત્રણેય શખ્સોએ મારા ઘર તરફ ધસી જઈ મારૂ સ્પલેન્ડર મોટરસાયકલ જેના રજી. નં.- જીજે-૦૩-સીએન-૨૩૪૧ જે ઘર બહાર પડેલ હતુ તેમાં ધોકાનાં ઘા ઝીંકી તોડફોડ કરી હતી. બાદ નિરવે મને ફોન કરીને ધમકી આપેલ કે, જો ફરીયાદ કરીશ તો જોયા જેવી થશે. ત્યારબાદ ઈજાગ્રસ્ત અમરેલીયા બંધુઓને સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. જયા ફરિયાદી યુવાનના ડાબા હાથમા કોણી પાસે અને તેના ભાઈ રાહુલને જમણા હાથમા કાંડા પાસે ફ્રેકચર થયાનું જાહેર કર્યું હતું. સમગ્ર મામલે ભક્તિનગર પોલીસે યુવાનની ફરીયાદ પરથી ત્રિપુટી સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

# પેટ્રોલપંપ પર હવા ભરતા દિવ્યાંગને કારચાલકે કચડી નાખતા મોત

### ૮૦ ફૂટ રોડ પર નાયર ફ્યુલ સ્ટેશનનો બનાવ : છાતી અને પાસળીમાં ગંભીર ઈજા થતાં સારવાર મળે તે પૂર્વે જ યુવકે દમ તોડી દીધો, ચાલક સામે ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલ નાયર ફ્યુલ સ્ટેશન ખાતે કરુણ ઘટના બનવા પામી હતી. જયા વાહનોમાં હવા ભરતા દિવ્યાંગને કાર ચાલકે કચડી નાખતા યુવાનનું મોત નીપજ્યું હતું.બનાવને પગલે થોરાળા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.



બનાવ અંગે ગંજીવાડા શેરી નંબર ૧૮ અક્ષય પ્રોવિઝન સ્ટોરની બાજુમાં ભાવનગર રોડ પર રહેતાં વિપુલભાઈ શામજીભાઈ વાઘેલા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પરીવાર સાથે રહે છે અને કારખાનામાં મજૂરી કામ કરે છે. તેમના સગા મોટાભાઈ કાનજીભાઈ શામજીભાઈ વાઘેલા (ઉ.વ. ૪૨) નાનપણથી જ કમરથી નીચે બંને પગે વિકલાંગ છે, જેથી તેઓ હાલ ચાલી શકતા નથી પરંતુ બેઠા બેઠા ચાલે છે. તેઓ બે વર્ષથી ૮૦ ફૂટ રોડ સરલ સ્ટવની સામે આવેલ નાયરા કંપનીના મહાદેવ પેટ્રોલિયમ પેટ્રોલ પંપમાં બેઠા બેઠા વાહનોમાં હવા પુરવાની મજુરી કામ કરે છે. જેઓને લગ્ન કરેલ નથી ગઈકાલે સાંજના ચારેક વાગ્યે ફરીયાદી ઘરે હતો ત્યારે બનેવી શૈલેષભાઈ લીલાધરભાઈ માંડાએ જાણ કરેલ કે, તમારા મોટાભાઈ કાનજીભાઈ શામજીભાઈ વાઘેલા નાયરાના મહાદેવ પેટ્રોલ પંપે હવા પૂરવાની મજૂરી કામ કરતા હતા ત્યારે બપોરના સાડા ત્રણેક વાગ્યે પેટ્રોલ પંપે પેટ્રોલ ડીઝલ પુરાવા આવેલ સફેદ કલરની કાર નં. લષ૩ ષજ્ઞ ૬૪૦૫ ના ચાલકે આગળના મોરાથી અડફેટે લઈ માથે વહીલ ફેરવી દીધેલ છે. જેથી તેઓને કાર ચાલક જ ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયેલ છે.

જેથી ફરીયાદી હોસ્પિટલે દોડી ગયેલ હતાં. જ્યાં તબીબોએ તેમના ભાઈને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બાદમાં જોતા તેઓના ભાઈને છાતી અને પાંસળીના ભાગે ગંભીર ઈજા થયેલ હતી. જે બાદ પોલીસ દોડી આવતા મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# રામપર બેટી નજીક ખોડિયાર હોટેલનાં પાર્કિંગમાંથી દારૂ-બિયર ભરેલું આઈસર ઝડપાયું

### ટ્રક ચાલક જયદીપ વ્યાસ ત્રીજી વાર મહારાષ્ટ્રથી દારૂની ખેપ મારીને આવતા જ પીસીબીએ દબોચ્યો : રૂ. ૭.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે, રિસીવર બુટલેગર દર્શન વ્યાસની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવવાલ રામપર બેટી ગામના પાટીયા પાસે જય ખોડિયાર હોટલના પાર્કીંગમાંથી દારૂ-બિયર ભરેલ આઈશર ઝડપાયું હતું. ટ્રક ચાલક જયદીપ વ્યાસ ત્રીજીવાર મહારાષ્ટ્રથી દારૂ ભરી પરત આવતો હતો ત્યારે જ પીસીબીની ટીમ ત્રાટકી હતી અને રૂ.૭. ૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રીસીવર બુટલેગર દર્શન વ્યાસની શોધખોળ આદરી હતી.દરોડાની વિગત મુજબ, શહેર પાલીસ કમિશ્નર બ્રજશ કુમાર ઝા દ્વારા શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃતિ





સદંતર નેસ્ત નાબુદ કરવાની આપેલ સુચનાથી પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન એએસઆઈ મહીપાલસિંહ ઝાલા, અનીલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજાને લ અમદાવાદ રાજકોટ હાઈવે રામપર બેટી ગામના પાટીયા પાસે જય ખોડીયાર હોટલના પાર્કીંગમાં રહેલ આઇસર ટ્રકમા વિદેશી દારૂ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી આઈશર ટ્રકમાંથી મોંઘી અલગ અલગ બ્રાન્ડની દારૂની ૪૦ બોટલ અને બિયરના ૧૨૦ ટીન રૂ.૮૭૪૪૪ અને આઈશર ટ્રક મળી કુલ રૂ.૭.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી જયદીપ નવલ વ્યાસ (ઉ.વ.૨૪ રહે.જશરાજનગર શેરી નં.૧ મવડી ચોકડી પાસે) ની ધરપહકરી પુછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતુ કે, પકડાયેલ જગદીશ વ્યાસ ટ્રક ડ્રાઈવિંગનું કામ કરે છે અને તે મહારાષ્ટ્રમાં ફેરો મારવા માટે ગયો હતો ત્યારે પરત ફરતી વખતે અલગ અલગ દારૂના ઠેકામાંથી દારૂ અને બિયર ભરી તે રાજકોટમાં જ રહેતાં તેના પિતરાઈ બુટલેગર દર્શન વ્યાસ નામના શખ્સને સપ્લાય કરવાનો હતો. તે પહેલા જ પીસીબીનીટીમે તેને દબોચી કાર્યવાહી કરી હતી. હાલ પોલીસે રીસીવર દર્શન વ્યાસની પણ શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, જયદીપ અગાઉ બે વાર દારૂની ખેપ મારી ચુક્યો છે.

# પેડક રોડ પર વાલ્મિકી આવાસ યોજનામાં ભૂલથી ઝેરી દવા પી જતા વૃદ્ધાનું મોત

### ગેસ અને બીપી દવા ને ઉંદર મારવાની દવા પીધેલનું પ્રાથમિક તારણ: પોલીસે વધુ તપાસ હાથ

**અબતક, રાજકોટ**

શહેરના સામા કાંઠે પેદા કરોડ પર વાલ્મિકી આવાસ યોજનામાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા ગઈ કાલે ભૂલથી ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા તેમનું મોત નિપજ્યું હતુ ઘટનાની જાણ થતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સામા કાંઠે પેંડક રોડ પર રહેતા ચંપાબેન ભીખાભાઈ ટીમાણીયાઉમર વર્ષ ૬૦ વર્ષીય વૃદ્ધા ગઈકાલે સાંજે પેટમાં વધુ પડતો ગેસ અને બીપી ની દવાના બદલે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા જ વૃદ્ધાએ દમ તોડ્યો હતો મૃતકે ભૂલથી ઝેરી દવા પીધેલની પ્રાથમિક માહિતી મળી રહી છે મૃતકને સંતાનમાં બે પુત્ર એક પુત્રીએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ભગોરા વધુ તપાસ ચલાવી રહ્યા છે

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું રાજકોટમાં આગમન

## રાજકોટના ૨૫૯, મોરબીના ૫૩, સુરેન્દ્રનગરના ૧ અને કચ્છ જિલ્લાના ૬ અરજદારો સહિત કુલ ૩૧૯ શરણાર્થીઓને ભારતીય નાગરિકતાના પ્રમાણપત્રો એનાયત કરશે





**અબતક, રાજકોટ**

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીનું બપોરે રાજકોટ ખાતે આગમન થતા એરપોર્ટ પર તેમનું સર્વોચ્ચ વહીવટી અને રાજકીય પદાધિકારીઓ ઉપસ્થિત રહી આગતાસ્વાગતા કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે બપોરે ૪ કલાકે શાપરમાં નવનિર્મિત વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ કરાયું હતું. આ સાથે રાજકોટ ગ્રામ્યના તમામ પોલીસ સ્ટેશનોને આઈએસઓ ૯૦૦૧: ૨૦૧૫ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા, જે મેળવનાર રાજકોટ જિલ્લો રાજ્યમાં પ્રથમ છે. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોની અંદાજે ૫૦૦થી વધુ વિઘા જમીનના કરોડો રૂપિયાની કિંમતના દસ્તાવેજો કિસાનોને પરત અપાયા હતા. સાથે જ લોકોને આત્મહત્યાથી રોકતી પ્રેરણા નવા જીવનની પહેલના અહેવાલનું વિમોચન પણ કર્યું હતું. આ ઉપરાંત પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે રાજકોટના ૨૫૯, મોરબીના ૫૩, સુરેન્દ્રનગરના ૧ અને કચ્છ જિલ્લાના ૬ અરજદારો સહિત કુલ ૩૧૯ શરણાર્થીઓને ભારતીય નાગરિકતાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. પાડોશી દેશોમાંથી આવીને વર્ષોથી શરણાર્થી તરીકે જીવન જીવતા આ પરિવારોને નાગરિકતા મળવાથી હવે તેઓને સન્માનજનક અને સુરક્ષિત જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો.આ કાયદાકીય જોગવાઈ હેઠળ નાગરિકતા પ્રાપ્ત થતાં આ લોકોને શિક્ષણ, આરોગ્ય, મિલકત ખરીદવા અધિકાર, રેશનકાર્ડ, સરકારી યોજનાઓ તેમજ મતદાનનો અધિકાર પણ મળ્યો હતો.

# ગાંધી એવોર્ડ સ્વીકારવા નરેશભાઈ પટેલને નોતરૂં આપતા પદાધિકારીઓ

### જનરલ બોર્ડમાં એવોર્ડ અર્પણ કરાશે



**અબતક,રાજકોટ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે તા. ૨ ઓક્ટોબરના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા-જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનારા છ પ્રતિષ્ઠિત નાગરિકોને 'ગાંધી એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી હતી.આ તમામ એવોર્ડ વિજેતાઓનું રાજકોટ મહાનગરપાલિકાની સૌથી સર્વોચ્ચ એવી સામાન્ય સભામાં સન્માન કરવામાં આવશે. આગામી તા. ૧૭ ઓક્ટોબરે મળનારી સામાન્ય સભામાં વિજેતાઓને 'ગાંધી એવોર્ડ' અર્પણ કરવાની તૈયારીઓ મહાનગરપાલિકા દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

'ગાંધી એવોર્ડ' માટે પસંદગી પામેલા તમામ વિજેતાઓને રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત લઈને આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે. વિજેતાઓ સામાન્ય સભામાં જાતે ઉપસ્થિત રહી સન્માન સ્વીકારે તે માટે ખાસ આગ્રહ કરવામાં આવી રહ્યો છે.

કોઈ અનિવાર્ય કારણસર એવોર્ડ વિજેતા જાતે ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેમના પરિવારના સભ્ય સામાન્ય સભામાં હાજર રહી એવોર્ડ સ્વીકારે તેવી વિનંતી પણ કરવામાં આવી છે. શહેર માટે ગૌરવરૂપ કામગીરી કરનારા મહાનુભાવોને મનપાની સામાન્ય સભામાં સન્માનિત કરવાનો કાર્યક્રમ વિશેષ રીતે યોજવામાં આવશે.નરેશભાઈ પટેલને રૂબરૂ આમંત્રણ પાઠવતી વખતે મનપાના પદાધિકારીઓએ તેમની સામાજિક સેવાઓને બિરદાવી હતી. તેમણે આગામી સામાન્ય સભામાં ઉપસ્થિત રહેવા માટે નરેશભાઈ પટેલને ભાવભર્યું નિમંત્રણ આપ્યું હતું.આ પ્રસંગે મેયર નેહલ શુકલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટ અને કશ્યપભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા.

# પડધરીના ધોળિયા દોમડા ગામે મહિલાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

## સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ કારણ અકબંધ, પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

પડધરી ના ધોળિયા દોમડા ગામે વાડી વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલા તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પડધરી પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ હાલના સમયમાં નાની નાની બાબતમાં લોકો આપઘાત કરી જીવન ટૂંકાવી રહ્યા છે ત્યારે પડધરી તાલુકાના ધોળિયા દોમડા ગામે રહેતા રીનાબેન અજયભાઈ મુંજા લખા ઉંમર વર્ષ ૩૮ વર્ષીય મહિલા ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે વાડી હતી ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે મહિલાને મૃત જાહેર કરતા પડધરી પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક એ આપઘાતનું કારણ હજુ સુધી આંખ બંધ છે તેમ જ મૃતકના બીજા લગ્ન હોય અને પતિ થી પાંચ વર્ષ થયા અલગ પુત્ર સાથે રહેતા હતા અને સંતાનમાં બે પુત્રએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે પડધરી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે જે મેર વધુ તપાસ ચલાવી રહ્યા છે

# જીવનનગર પ્રાચીન ગરબીમાં સંસ્કૃતિ અને કલાના દર્શન થાય છેઃ ડે.મેયર દક્ષાબેન વસાણી

## જીવનનગર ગરબીમાં બેડા, ટીપ્પણી અને દિવડા રાસ રજૂ કરી બાળાઓએ આકર્ષણ જમાવ્યું

**અબતક, રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબીના રાસ-ગરબાએ લોકહૃદયમાં સ્થાન લેવાથી મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બાળાઓના રાસ-ગરબામાં સંસ્કૃતિ-કલાના દર્શન જોવા મળે છે. ગરબીનું સાતત્ય ગૌરવપૂર્ણ વાત સંબંધી માહિતી આપી હતી.

રાજકોટના ડે.મેયર શ્રીમતિ દક્ષાબેન વસાણીએ દિપ પ્રાગટ્ય કરી પ્રાચીન ગરબીનું હાર્દ જીવનનગરમાં જોવા મળ્યું તેનો આનંદ વ્યકત કર્યો હતો. બાળાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.રાજકોટના સ્ટે.કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયાએ ગરબીમાં હાજરી આપી રાસ-ગરબા નિહાળી બાળાઓને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. ૪૫ વર્ષથી રાસ ગરબાનું આયોજન રહીશોની એકતાના દર્શન જોવા મળે છે. તેમણે બાળાઓને પુરસ્કાર આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ભાજપના કેતનભાઈ મકવાણા, વિપુલભાઈ પંડ્યા, પંકજભાઈ મહેતા, મુકેશભાઈ ખંધેડીયા, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, મુકેશભાઈ પોપટ સહિત આગેવાનોએ હાજરી આપી દિપ પ્રાગટ્યમાં ભાગ લીધો હતો.સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, યોગિતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, ભારતીબેન ગંગદેવ, નેહાબેન મહેતા, કીર્તિબેન કગથરા, ભકિતબેન ખખ્ખર, આશાબેન મજેઠીયા, પાર્થ ગોહેલ બાળાઓના રાસ-ગરબાની તૈયારી સાથે આખરી ઓપ આપે છે.પ્રાચીન ગરબીમાં તાલી, ખંજરી, બેડા, દિવડા, સાડી, ટીપ્પણી વિગેરે રાસ રમતી બાળાઓ હાજર લોકોના દિલ જીતી સન્માનને પાત્ર બને છે.

# કલેક્ટરનો સપાટોઃ જેતપુરના રબારીકા ગામનો બુટલેગર યુવરાજ લાલુ સામે પાસા

## જેતપુર સીટી,ઉદ્યોગનગર, વીરપુર અને ગોંડલ તાલુકા મળી ૨૦ દારૂના ગુના સંડોવાયેલ દારૂના ધંધાર્થીની પોલીસે અટકાયત કરી વડોદરા જેલમાં ધકેલ્યો



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટરે સપાટો બોલાવી દારૂના ધંધાર્થી સામે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. જેમા જેતપુર તાલુકાના રબારીકા ગામનો લીસ્ટેડ બુટલેગર યુવરાજ લાલુ ની અટકાયત કરી વડોદરા જેલમાં ધકેલવામા આવ્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં તહેવારો પૂર્વે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દારૂબંધીનો કડક અમલ કરવા રાજકોટ રેન્જના વડા નીલિમ્ન રાય માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની દ્વારા અસરકારક કામગીરી કરવા આપેલી સૂચનાને પગલે જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિ કરતા અને અવાર નવાર ગુના આચરતા શખ્સોની ગુનાહીત ઈતિહાસ સર્ચ કરી માહીતી એકઠી કરી જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથક વિસ્તારમાં અવાર નવાર ગુનાઓ આચરતો યુવરાજભાઈ બીસુભાઈ લાલુનો ઈતિહાસ ચેક કરતા જેમાં યુવરાજ લાલુ સામે જેતપુર સીટી વીરપુર ગોંડલ તાલુકા અને જેતપુર ઉદ્યોગ નગરમાં મળી દારૂના ૨૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાથી તેની સામે પાસા પ્રપોઝલ તૈયાર કરી, ડીવાયએસપી અને રાજકોટ એસ.પી મારફતે મોકલાવેલી જે દરખાસ્તને રાજકોટ જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. ઓમ પ્રકાશ દ્વારા મંજુરીની મહોર મારતા જે વોરંટની એલસીબીના પીઆઇ જે.પી. રાવ,જેતપુર ઉદ્યોગ નગર પોલીસ મથકના પીઆઈ એસ.એસ શર્મા સહિતના સ્ટાફ દ્વારા યુવરાજભાઈ લાલુ ની અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા હુકમની બજવણી કરી કામગીરી કરેલ છે.

# કુવાડવા-વાંકાનેર ચોકડીએ ડમ્પરે બાઈકને અડફેટે લેતા મહિલાનું મોતઃ બે ઈજાગ્રસ્ત

## મૃતક અને તેની પુત્રી ભાઈ સાથે જીયાણા લોકિક ક્રિયાનું કામ પૂર્ણ કરી દેરોઈ ગામે પરત ફરતી વેળાએ સર્જાઈ દુર્ઘટનાઃ મામા, ભાણેજ સારવાર હેઠળ

## કુવાડવા પોલીસે અજાણ્યા ડમ્પરે ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજઃ પરિવારમાં આભ ફાટ્યું તેવા દ્રશ્યો સર્જાયા

**અબતક, રાજકોટ**

શહેર નજીક વાંકાનેર કુવાડવા ચોકડી પાસે પૂરપાટ ઝડપે આવતા ડમ્પરે દેરોઈ ગામના બાઈકને અડફેટે લેતા ચાલક, તેમની બેન અને ભાણેજ નીચે પટકાયા હતા જેથી માથાના ગંભીર ઈજા પહોચતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમાં સારવાર મળે તે પહેલા જ ૩૫ વર્ષીય મહિલાએ સારવાર મળે તે પહેલા દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અજાણ્યા ડમ્પરે ચાલક વિરુદ્ધ કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે મૃતકની પુત્રી અને ભાઈ હાલ સારવાર હેઠળ છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં ચાલતા ડમ્પર ચાલકો બેફામ રીતે વાહન ચલાવી નિર્દોષ લોકોના જીવ મોતના ખપ્પરમાં હોમી રહ્યા છે ત્યારે શહેરના કુવાડવા વાંકાનેર ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં રાજકોટ તાલુકાના દેરોઈ ગામે રહેતા પ્રભાબેન મુન્નાભાઈ ચાવડા ઉંમર વર્ષ ૩૫ વર્ષે મહિલા અને તેની પુત્રી મિતલ તેના ભાઈ નીતાભાઈ પાછળ બેસી સાંજે ૪ વાગે દેરોઈ ગામે જતા હતા ત્યારે પુરપાટ ઝડપે આવતા ડમ્પરે બાઈક સવારે પરિવારને અડફેટે લેતા પરિવારના ભાઈ બેન અને ભાણેજ ગભીર ઈજા પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા પ્રભાબેન ચાવડાને તબીબે મૃત જાહેર કર્યા હતા અને પુત્રી અને ભાઈ હાલ સારવાર હેઠળ છે ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે મૃતક અને તેની પુત્રી પોતાના ભાઈ સાથે બાઈકમાં બેસીને લૌકિક ક્રિયાનું કામ પૂર્ણ કરી જીયાણા થી દેરોઈ ગામ જતા સમયે દુર્ઘટના સર્જાઈ હતી સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર એ માતાની મમતા ગુમાવતા પરિવારમાં આભ ફાટી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા આ અંગે કુવાડવા પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે

# થાનગઢમાં પરિણીતાને બે મહિલા સહિત ૭ શખ્સો એ ઢોર માર માર્યોનો આક્ષેપ

## રાત્રે ૧ વાગે આરોપીએ ઘર પર પથ્થર મારો કર્યો જેથી પરિવાર પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલા રસ્તામાં કર્યો હુમલો

**અબતક રાજકોટ**

સુરેન્દ્રનગરના થાનગઢમાં રહેતી ૨૫ વર્ષીય પરણિતા ને બે મહિલા સહિત ૭ શખ્સોએ માર મારતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ થાનગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ઘટનાની જાણ થતા થાનગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે ઈજાગ્રસ્ત ના પતિ સાથે બે દિવસ પૂર્વે આરોપી સાથે બોલાચાલીનો ખાર રાખી હુમલો કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ થાનગઢના મારુતિનંદન સોસાયટીમાં રહેતા ભૂમિકાબેન પંકજભાઈ બારીયા ઉંમર વર્ષ ૨૫ વર્ષીય પરણીતા ગઈકાલે રાત્રે ૧:૩૦ વાગ્યે આસપાસ પોતાના ઘરે હતા ત્યારે સામેવાળા વીરાભાઈ, હાર્દિકભાઈ, લખુભાઈ, સોનલબેન,રમીલાબેન સહિતનાઓએ ઢીકાપાટુ તેમજ મહિલા ને વાળ ખેંચી અને તેના પતિને ઢોર મારતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ થાનગઢ રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવી હતી ઘટનાની જાણ થતા થાનગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે ઈજાગ્રસ્ત મહિલાના પતિએ જણાવેલ કે બે દિવસ પૂર્વે પોતાના ઘરની સામે બેઠા હતા ત્યારે બે ત્રણ શખ્સો દ્વારા દારૂ પીને અહીં નહીં બેસવા જણાવેલ જે બાબતે આરોપીઓએ ખોટી રીતે ફરિયાદ કરેલ બાદ ઈજાગ્રસ્ત મહિલાના પતિએ પણ પોલીસને જાણ કરી અને બોલાવે હતી અને આરોપીઓ ધમકી આપતા કે જ્યાં ભેગો થાય ત્યાં મારી નાખીશ બાદ ગઈકાલે રાત્રે ઈજાગ્રતના ઘર પર પથ્થરમારો કર્યો હતો બાદમાં ભૂમિકાબેન તેના પતિ પંકજભાઈ અને ૯ માસના પુત્ર સાસુ સસરા બધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જતા સમયે રસ્તામાં બે મહિલા સહિત ૭ શખ્સો એ માર માર્યો હોવાનો ઈજાગ્રસ્તના પતિએ આક્ષેપ કર્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

(પહેલા પાનાનું ચાલું)

### રાહુલ ગાંધી...

છેલ્લા કેટલાક દિવસોથી એસઆઈઆરની પદ્ધતિ સામે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિપક્ષ દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવી રહ્યા છે. હાલમાં જ એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે અન્ય બે ચૂંટણી કમિશનરોના વાંધાઓ છતાં, સીઈસી જ્ઞાનેશ કુમારે એસઆઈઆર સંબંધિત અનેક નિર્ણયો એકપક્ષીય રીતે લીધા હતા.આ અહેવાલ બાદ થયેલા દેખાવોને પગલે દિલ્હી પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો લાગુ કર્યા હતા અને વીકએન્ડ દરમિયાન મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી.વિપક્ષી નેતાઓ ૧૨ ઓક્ટોબરે એક વિશાળ જનમેદની સાથે સુપ્રીમ કોર્ટ તરફ કૂચ કરી હતી. રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધનના અગ્રણીઓએ જાતે સુપ્રીમ કોર્ટ પહોંચીને આ પિટિશન દાખલ કરી હતી, જેમાં સમગ્ર દેશમાં ચાલતી એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન લાખો નાગરિકોના નામ મતદાર યાદીમાંથી ગેરકાયદેસર રીતે રદ કરવામાં આવ્યા હોવાનો અને મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

### શેરબજાર...

એરટેલ, એચડીએફસી બેંક, રિલાયન્સ, ઈન્ફોસીસ સહિતની કંપનીના શેરોના ભાવમાં ઉછાળો જોવા મલ્યો હતો. જયારે કેનેરા બેંક, હીટાચી એનર્જી, સીજી પાવર, ભેલ, અને બેંકઓફ મહારાષ્ટ્ર સહિતની કંપનીઓનાં શેરોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૧૪૩૮ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪૨૨૦ અને નિફટી ૪૦૭ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૦૩૧ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો ૨૦ પૈસાના સુધારા સાથે ૯૪.૯૫ પર ટ્રેડ કરી રહ્યા છે.

(૧૩માં પાનાનું ચાલું)

### સોનમ ગરબા

સાઉન્ડ સિસ્ટમ,થ્રિ- લેયર સિક્યુરિટી, વિશાળ ફ્રી પાર્કિંગ, એલઈડી ઉપર પ્રસારણ, રોજેરોજ અને ફાઈનલના દિવસે લાખેણા ઈનામો, જૈન ફૂડ કોર્ટ અને સંપૂર્ણપણે પારિવારિક માહોલનો અનુભવ થઇ રહ્યો છે.

આ પ્રસંગે સોનમ ગરબાના કાયમી શુભેચ્છક, યુથ આઈકોન અને સેવાભાવી ક્ષત્રિય JMJ ગ્રુપના માલિક મયુરદ્વજસિંહ જાડેજા સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.તેમનું સન્માન ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ, સુનિલભાઈ શાહ, અજિત જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું.સાથે ગિરીશ મહેતા , સુનિલ કોઠારી સહિતની વિશ્વ વણિક સમાજની સમગ્ર ટીમ જોડાઈ હતી.આ ઉપરાંત જૈન અગ્રણી જેન અગ્રણી મુકેશભાઈ દોશી (મોડર્ન) પણ સહ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ચોથા નોરતે જૈન વિઝનના આંગણે સાંજ સમાચાર પરિવારના, કરણભાઈ શાહ, જાણીતા તબીબ ડો. અમીશભાઈ સંઘવી, ડો. ઉર્વીબેન સંઘવી, જાણીતા બિલ્ડર જેનીશભાઈ અજમેરા, કલ્પેશભાઈ શાહ, યુવા અગ્રણી યોગેશભાઈ શાહ, અમિતભાઈ કોરડીયા, અમીશભાઈ દેસાઈ, ભાજપના અગ્રણી મનુભાઈ વઘાસિયા, નીતાબેન વઘાસિયા, કરાઓકે સિંગર એન્જલબેન ગાંધી, પ્રિન્ટ વર્લ્ડના હિતેશભાઈ,માતૃ કૃપા બિલ્ડરના હર્ષદભાઈ ભીમાણી અને અલ્પાબેન ભીમાણી, જે માડી ગ્રુપના મેહુલભાઈ બોરીચા, હાસ્ય કલાકાર મિલનભાઈ ત્રિવેદી, વિસામાણ ગોલબલ સેલ્સના અવનીબેન મિતુલભાઈ વસા, કોર્પોરેટર લલિતભાઈ વડેરિયા,પરેશ ઠાકર, જયરાજસિંહ જાડેજા, નાગજીબેન વરુ,માધવીબેન જોગીયા, રાણાભાઈ ગોજીયા, વિરલ દવે,ભૂમિતભાઈ લાઠીયા, સોનલબેન ચેતનભાઈ ધકાણ, મનીષાબેન હિતેશભાઈ ધકાણ અને નેહાબેન ધાનક સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને તમામનું સ્વાગત કરવામાં આવ્યું હતું

ચોથા નોરતે પ્રીશા વખારીયા અને પરીતા શેઠ સિનિયર પ્રિન્સેસ બન્યા હતા અને તેમને ગિરીશભાઈ મહેતા તથા સુનિલભાઈ કોઠારીને હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. આ જ રીતે સિનિયર પ્રિન્સ રક્ષિત વખારીયા અને રચિત પારેખને યોગેશભાઈ શાહ તથા શ્રી અને શ્રીમતી મહેશભાઈ મણિયારના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા.

અન્ય જે વિજેતાઓ થયા હતા તેમાં વેલડ્રેસ પ્રિન્સેસ અંજલી મકાણી અને પ્રિન્સ તવન શેઠ, કિડ્સ પ્રિન્સેસમાં આરોહી મોદી અને પ્રિન્સ આયુષ મહેતા, કિડ્સ વેલ ડ્રેસ પ્રિન્સેસ લબ્ધિ વોરા અને પ્રિન્સ ધ્રુમિલ ગોપાણી અને હેતાંશ ગોસલીયા વિજેતા બન્યા હતા. આ તમામને જૈન અગ્રણી શ્રી અને શ્રીમતી સુનિલભાઈ શાહ, રાજુભાઈ લોઢીયા, મનીષાબેન ધકાણ, સોનલબેન ધકાણ, જીતુભાઈ ભટ્ટ અને વિશાખાબેન કરચલીયા ના હસ્ત ઈનામો આપવામાં આવ્યા હતા.

આ રાસોત્સવમાં રમવા માટે આવતા ખેલૈયાઓના આરોગ્યનું પણ ધ્યાન રાખવામાં આવે છે અને સમગ્ર રાસોત્સવ દરમિયાન ડોકટરોની ટીમ સતત ખડેપગે રહે છે. સમગ્ર આયોજન ને સફળ બનવા ટિમ આગેવાન સી એમ શેઠ, મિલન કોઠારી, સુનિલ, શાહ, અજિત જૈન, નીલ મહેતા હિતેશ દેસાઈ, ધવલ મહેતા, પ્રતીક, શાહ, કેતન સંઘવી, નિરવ મહેતા, કપિલ દેસાઈ,જય મહેતા, ડો હાર્દિક શાહ, સેલેશ મહેતા, ચેતન મહેતા, સહિતના આગેવાનો જેહમત ઉઠાવી રહ્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** મોરબી નિવાસી હાલ રાજકોટ સ્વઃ કિશોરભાઈ રામજીભાઈ કાનાબારના પત્ની સરલાબેન( ઉ.૭૮) તે આનંદભાઈ, ઉદય ભાઈ, અમિત ભાઈના માતા, સ્વઃ મગનલાલ પ્રભુદાસ ભાઈ સાતા તથા સ્વઃ ચુનીલાલ સાતા (ગોળ વાળા)ના બહેનનું તા.૧૨ ના રોજ અવસાન થયું છે. પ્રાર્થના સભા, પિયર પક્ષની સાદડી તા.૧૬ ને શુક્રવારે, સાંજે ૪ થી ૫, શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધર્મનગર, ૧૫૦ ફિટ રિંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલની પાછળ રાજકોટ ખાતે છે.

**રાજકોટ :** સોરઠિયા રજપૂત સમાજના ધનસુખભાઈ ભવાનભાઈ વાજા (ઉ.વ. ૮૦) સુરેશભાઈ વાજા, બચુભાઈ વાજાના મોટાભાઈ, દેવેન્દ્રભાઈ વાજા, નિલેશભાઈ વાજાના પિતા અને ભુપતભાઈ ઘોઘાભાઈ ચૌહાણના સસરા તેમજ પવિત્ર, જયપાલ, ભવ્ય અને જીયાના દાદાનું તા. ૧૪ ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૬ ના રોજ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સોરઠિયા રજપુત ભવન, ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોર્પોરેશન રૂ.૫.૨૨ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૦માં બનાવશે અદ્યતન ફૂડ લેબોરેટરી

## મિલ્કત અને પાણીવેરામાં વ્યાજમાફી યોજનાની મુદત ૩૦ નવેમ્બર સુધી લંબાવવા અને રંગ ઉપવન સોસાયટીના ગેઈટ પાસે પોલીસ રાવટી ઉભી કરવા સહિતની ૩૨ દરખાસ્તો અંગે કાલે સ્ટેન્ડિંગમાં લેવાશે નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં. ૧૦માં નાનામૌવા રોડ પર ટીઆરપી ગેમઝોનની સામેના ટીપીના પ્લોટ પર રૂા. ૫.૨૨ કરોડના ખર્ચે અદ્યતન ફૂડ લેબોરેટરી આરોગ્ય કેન્દ્ર અને મેલેરિયા ઓફિસ બનાવવામાં આવશે. આવતી કાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અલગ અલગ ૩૨ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

વોર્ડ નં. ૧૦માં ફૂડ લેબોરેટરી, આરોગ્ય કેન્દ્ર અને મેલેરિયા ઓફિસ બનાવવાનો કોન્ટ્રાક્ટ સુર્યા કોર્પોરેશનને આપવામાં આવશે. ચડત મિલ્કત વેરા તથા વોટર ચાર્જીસના લેણામાં વ્યાજમાફી યોજના આપવાની મુદતમાં વધારો કરવા અને મુદત ૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી વધારવાની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. શહેરના વોર્ડ નં. ૨ માં એરપોર્ટ રોડ પર હનુમાન મઢી પાસે આવેલી રંગ ઉપવન સોસાયટીના ગેઈટ પાસે મોટી માત્રામાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે અહીં શાકભાજીના ધંધાર્થીઓ કચરો ઠાલવી જતા રહે છે. આ ન્યુસન્સને કાયમી ધોરણે દૂર કરવા સોસાયટીના ગેઈટ પાસે આવેલી ૭૦ ચો.વા. જમીન પર પોલીસ રાવટી ઉભી કરવા જમીન ફાળવણી માટેની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. મુંજકા વિસ્તારમાં વાણીજ્ય વેચાણ હેતુ માટેનો ૯૦૯૧ ચો.મી.નો પ્લોટ ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કંપની લિમીટેડને નવા સબસ્ટેશન બનાવવા માટે જમીન વેચાણથી આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. જમીન વેચાણથી રૂા. ૮૫.૮૪ કરોડની આવક થશે. વોર્ડ નં. ૩ માં માધાપર અને મનહરપુર વિસ્તારમાં જુદી જુદી શેરીઓમાં અને ટીપી રોડ પર મેટલીંગ કરવાના કામનો કોન્ટ્રાક્ટ આપવા એકસ આર્મીમેનની તદન હંગામીધોરણે ૧૧ માસ માટે નિમણુંક કરવા, વય મર્યાદા ૪૫ થી વધારી ૫૨ વર્ષ કરવા અને માસીક પગાર રૂા. ૨૫ હજારથી વધારી ૩૫ હજાર કરવા, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પરથી અપાતા ટ્રીટેડ વેસ્ટ વોટરનો પુનઃ વપરાશ કરવાનો દર અને નિયમો નક્કી કરવા, રાત્રી સફાઈ માટે ત્રણ વેક્યુમ સ્વીપીંગ મશીનની ખરીદી કરવા, વોર્ડ નં. ૧૨ માં પ્રઈવેટાઈઝેશનથી ભુગર્ભ ગટરની ફરિયાદનો નિકાલનો કોન્ટ્રાક્ટ આપવા, વોર્ડ નં. ૧૬માં કોઠારિયા રોડ ફાયર સ્ટેશનના રિનોવેશન માટે રૂા. ૪૫.૫૫ લાખનો ખર્ચ મંજુર



કરવા, ડ્રેનેજ શાખાના ઉપયોગ માટે ત્રણ જેટીંગ મશીન ખરીદવા, ગાર્ડન શાખાના ઉપયોગ માટે ત્રણ નવા હાઈડ્રોલીક પ્લેટફોર્મ ખરીદવા, દબાણ હવાટ શાખાના ઉપયોગ માટે બે નવા વાહન ખરીદવા, સોલીડ વેસ્ટ શાખાના ઉપયોગ માટે ડિઝલ ડિસ્પેન્શન યુનિટ વાહનની ખરીદી કરવા સહિતની ૩૨ દરખાસ્તો અંગે નિર્ણયો લેવામાં આવશે.

# રિલાયન્સ રિફાઈનરીની મુલાકાત લેશે અમેરિકન વિદેશ મંત્રીઃ ઊર્જા અને રોકાણ મુદ્દે થશે ચર્ચા

## ટેક્સાસમાં રિલાયન્સના મેગા રિફાઈનરી પ્રોજેક્ટ અંગે અમેરિકન સરકારનો વિશેષ રસ : સ્ટારલિંક વિવાદ અને વર્કર્સ વિઝાના મુદ્દાઓ વચ્ચે આ મુલાકાત ભારત-અમેરિકા સંબંધો માટે અત્યંત સૂચક

અમેરિકાના એક ઉચ્ચસ્તરીય મંત્રી ગુજરાતમાં આવેલી વિશ્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી રિલાયન્સની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઊર્જા ક્ષેત્રે સહકાર વધારવાનો અને અમેરિકામાં થવા જઈ રહેલા એક વિશાળ રિફાઈનરી પ્રોજેક્ટને સમર્થન આપવાનો છે. આ ઉપરાંત, તાજેતરમાં એક પ્રખ્યાત અમેરિકન ઉદ્યોગપતિ દ્વારા ભારતીય ઉદ્યોગપતિ પર કરાયેલી ટિપ્પણી અને વિઝા નિયમો અંગેના વિવાદો વચ્ચે આ પ્રવાસ બંને દેશો વચ્ચેના વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વનો ભાગ ભજવશે. વૈશ્વિક ઊર્જા સુરક્ષા અને ભૌગોલિક રાજનીતિની દૃષ્ટિએ પણ આ મુલાકાત પર આખી દુનિયાની નજર રહેશે.અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયો તા.૧૭થી ૨૨ દરમિયાન મુંબઈ અને ગુજરાતના જામનગરની મુલાકાત લેવાના છે, જેમાં તેઓ જામનગરમાં આવેલી રિલાયન્સ ઓઈલ રિફાઈનરીની વિશેષ મુલાકાત લેશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અમેરિકાના ટેક્સાસમાં એક વિશાળ રિફાઈનરી સ્થાપવાની યોજના છે, જે છેલ્લા ૫૦ વર્ષમાં અમેરિકામાં પ્રથમ આવો મોટો પ્રોજેક્ટ હશે અને ટ્રમ્પ વહીવટીતંત્ર માટે પણ તે પ્રાથમિકતા ધરાવે છે. આથી રૂબિયોની આ મુલાકાત રિલાયન્સના આ મેગા ઈન્વેસ્ટમેન્ટ પ્લાનના સંદર્ભમાં ખૂબ જ અગત્યની માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે માર્કો રૂબિયોની આ બીજી ભારત મુલાકાત છે અને ઊર્જા ક્ષેત્ર આ પ્રવાસના કેન્દ્રમાં રહેશે.આ મુલાકાત એવા સમયે યોજાવા જઈ રહી છે જ્યારે તાજેતરમાં જ અમેરિકન અબજોપતિ એલોન મસ્કે સ્ટારલિંક પ્રોજેક્ટના વિલંબ અંગે મુકેશ અંબાણી પર સોશિયલ મીડિયામાં કટાક્ષ કરતા તેમને 'ભારતના અસલી બોસ' કહ્યા હતા. આ વિવાદના ગણતરીના દિવસોમાં જ અમેરિકી વિદેશ મંત્રીની જામનગરમાં રિલાયન્સ રિફાઈનરીની મુલાકાત ઘણી સૂચક છે. પોતાના આ પ્રવાસ દરમિયાન માર્કો રૂબિયો સરકારી અધિકારીઓ અને બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરી ભારત-અમેરિકા વચ્ચે વ્યાપારી અને આર્થિક રોકાણની તકો તેમજ વ્યૂહાત્મક ભાગીદારી વધારવા પર ભાર મૂકશે.મુંબઈમાં માર્કો રૂબિયો ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરશે. તાજેતરમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે વિદેશી ટેક વર્કર્સ અંગે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણી અને અમેરિકા દ્વારા પીઈઆરએમ ગ્રીન કાર્ડ પ્રોગ્રામ પર મુકાયેલા નિયંત્રણોને કારણે સર્જાયેલા તણાવ વચ્ચે આ બેઠક યોજાશે, જેનો ભારતે કડક વિરોધ કર્યો હતો. આ સાથે જ, રશિયન ઓઈલની આયાત કરતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની સત્તા આપતા 'એસઆરઈઆઈ' કાયદા અંગે પણ ભારત પોતાની ચિંતા વ્યક્ત કરશે અને ઊર્જા સુરક્ષા તથા સ્થિર બજારોને પ્રાથમિકતા આપવા પર ભાર મૂકશે.અમેરિકી વિદેશ મંત્રીનો આ પ્રવાસ આગામી મહિનાઓમાં બંને દેશો વચ્ચે યોજાનારી અનેક ઉચ્ચ સ્તરીય બેઠકોની શરૂઆત સમાન છે. ૩૦-૩૧ ઓક્ટોબરના રોજ એટલાન્ટામાં જી૨૦ વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન બંને મંત્રીઓ ફરી મળશે, તેમજ ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પણ યોજાવાની છે. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૧૪ અને ૧૫ ડિસેમ્બરના રોજ ફ્લોરિડામાં યોજાનારી જી૨૦ સમિટમાં ભાગ લેવા અમેરિકા જશે. આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત થવાની પણ પ્રબળ સંભાવના છે, તેમજ ક્વાડ નેતાઓની સમિટ પણ યોજાઈ શકે છે.

# ટ્રાય દ્વારા ગ્રાહકોની જાગૃતિના હેતુથી કાલે ગોધરામાં સેમીનારનું આયોજન

## ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા આયોજીત સેમિનારમાં અતિથી તરીકે માજી સાંસદ રમાબેન માવાણી ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરેટી ઓફ ઈન્ડીયા (ટ્રાય) જયપુર દ્વારા આવતીકાલ તા.૧૬/૧૦/૨૦૨૬ સવારના ૧૦:૦૦ કલાકે પંચમહલ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડયુસર્સ, ભાવનગર મુકામે ટેલીફોન ધારકોની જાગૃત્તિ માટે સેમીનારનું આયોજન કરવામા આવેલ છે.

આ સેમીનારમા મુખ્ય મહેમાન તરીકે માજી સાંસદ માવાણી દંપતિ રમાબેન માવાણી, રામજીભાઈ માવાણી ખાસ ઉપસ્થીત રહેનાર છે. તેમજ મુખ્ય વકતા તરીકે ટ્રાય જયપુરના સંયુકત સલાહકાર જે. પી. ગર્ગ પણ ખાસ ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે.



સેમીનારમા ટેલીકોમ સેવા આપનાર કંપનીઓ (૧) બી.એસ.એન.એલ. (૨) વોડાફોન-આઈડીયા (૩) એરટેલ (૪) જીયો વિગેરેના પ્રતિનિધીઓ તેમજ મલ્ટી સર્વિસ ઓપરેટરર્સના પ્રતિનિધીઓ ખાસ ઉપસ્થીત રહેનાર છે. આ સેમીનારમા ઉપસ્થીત રહેનાર શ્રોતાઓને ટેલીફોન સેવાને લગતી કોઈ સમસ્યા કે પ્રશ્ન હોય તો સેમીનારમા માર્ગદર્શન આપવામા આવશે. તેમજ- આ સેમીનારમા ટેલીફોન ધારકોને ખાસ ઉપસ્થીત રહેવા જાહેર આમંત્રણ આપવામા આવે છે. સેમીનારમા પ્રવેશ વિના મુલ્યે છે. આ સેમીનારની વધુ માહિતી માટે સંજીવ મીણા (આસ.આર.ઓ.ટ્રાય, પ્રાદેશિ કાર્યાલય, જયપુર) મોબાઈલ નંબર : ૯૫૬૦૩૫૯૪૧૩ તથા ગૌતમ પાટીલ (યંગ પ્રોફેશનલ) મોબાઈલ નંબર : ૯૪૦૩૭૦૪૨૪૪ ઉપર સંપર્ક કરી શકો છો.

# ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ તરીકે ડો.નરેશ દેસાઈની નિમણુંક

## વડોદરાના સાંસદ હેમાંગ જોશીને યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવાતા ખાલી પડેલી પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષની જગ્યા પર નિયુક્તિ કરતા જગદીશ વિશ્વકર્મા

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ અને વડોદરાના સાંસદ હેમાંગ જોશીની ભાજપના યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. જેના કારણે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષની જગ્યા ખાલી પડી હતી જેના પર આજે મુળ પાટણના અને વર્ષોથી અમદાવાદ સ્થાયી થયેલા ડો. નરેશભાઈ દેસાઈની નિમણુંક આજે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવતા રાજ્યભરમાંથી શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આડે હવે એક વર્ષનો સમય બાકી રહ્યો છે. ત્યારે જેન-જી વોટરોને આકર્ષવા માટે ભાજપે તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા ગત વર્ષે યુવા ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે વડોદરાના સાંસદ હેમાંગભાઈ જોશીની નિમણુંક કરવામાં આવી હતી. ખુબ જ ટુંકા સમયમાં તેઓની સંગાઠત્મક કામગીરીની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી છે. તેઓને યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. નિતિન નબીનની ટીમમાં સ્થાન મળ્યા બાદ ગુજરાતક પ્રદેશ યુવા ભાજપનું સ્થાન ખાલી પડ્યું હતું. જેના પર આજે નવી નિયુક્તિ કરી દેવામાં આવી છે. વર્ષોથી પક્ષમાં સંગઠનાત્મક કામગીરી કરતા ડો. નરેશ દેસાઈને યુવા મોરચાના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. જો કે, યુવા મોરચાની અન્ય ટીમમાં હજુ સુધી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.



# હરિવંદના કોલેજનો સતત સાતત્યપૂર્ણ દેખાવઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ફરી વાર મેળવ્યા ૨ ગોલ્ડ મેડલ

**અબતક, રાજકોટ**

હરિવંદના કોલેજ, રાજકોટ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટતાની પરંપરા જાળવી રાખતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવામાં આવ્યા છે. કોલેજની બે વિદ્યાર્થિનીઓએ પોતાની મહેનત, લગન અને શૈક્ષણિક પ્રતિબદ્ધતાના બળે આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિમાં મુંગપરા સ્નેહા ભુપતભાઈ (બી.એસસી. - આઈ.ટી.) અને ચૌધરી રોશની મનોજભાઈ (બી.એસસી. - કેમિસ્ટ્રી) એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને વિશેષ સફળતા મેળવી છે.





બંને વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ તેમની સતત મહેનત, વિષય પ્રત્યેની સમજ અને અભ્યાસમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની ધગશનું પરિણામ છે. હરિવંદના કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, યોગ્ય માર્ગદર્શન અને શૈક્ષણિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સ્તરે વારંવાર પ્રાપ્ત થતી આવી સિદ્ધિઓ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને શ્રેષ્ઠતાની પરંપરાને વધુ મજબૂત બનાવે છે.

આ ગૌરવપૂર્ણ સફળતા બદલ કોલેજના સંચાલકમંડળ, આચાર્યશ્રી, વિભાગના અધ્યાપકો અને સમગ્ર કોલેજ પરિવારે બંને વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યાં છે તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# ૮૫ હોકર્સ ઝોનના ૩૮૦૦ ધંધાર્થીઓને અપાયા ક્યુઆર કોડવાળા આઈકાર્ડ

## ક્યુઆર કોડ સ્કેન કરવાથી કોર્પોરેશનના કર્મચારીઓને હોકર્સની તમામ વિગતો મળી શકશે

**અબતક, રાજકોટ**

શહેરમાં નાના ધંધાર્થીઓ તથા ફેરીયાઓ પોતાના ધંધા-વ્યવસાય દ્વારા રોજગારી મેળવી શકે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૮૫ જેટલા હોકર્સ ઝોન બનાવવામાં આવ્યા છે. જેમાં ૩૮૦૦ જેટલા હોકર્સ ધંધો વ્યવસાય કરી રહ્યા છે. હોકર્સ ઝોનમાં મંજુરી અપાયેલ હોકર્સ જ ધંધો વ્યવસાય કરી શકે અને હોકર્સની ઓળખ થાય તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ હોકર્સ ઝોનમાં વ્યવસાય કરતા હોકર્સને ક્યુઆર કોડવાળા ઓળખપત્ર આપવામાં આવ્યા છે. આ ઓળખપત્રમાં હોકર્સનો ફોટો, નામ, હોકર્સ ઝોનનું નામ દર્શાવવામાં આવેલ છે. ઉપરાંત એક યુનિક ક્યુઆર કોડ આપવામાં



હોકર્સને આપવામાં આવેલ ક્યુઆર કોડવાળા ઓળખપત્ર પોતાની રેંકડી ઉપર સ્પષ્ટરીતે દેખાય તે મુજબ રાખવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાણ કરવામાં આવેલ છે. ઓળખપત્ર ઉપલબ્ધ ન હોય તેવા હોકર્સ સામે નિયમોનુસાર રેકડી/કેબિન અને અન્ય માલસામાન જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

આવેલ છે. જે ક્યુઆર કોડ સ્કેન કરવાથી રાજકોટ મહાનગર પાલિકાની દબાણ હટાવ ટીમને હોકર્સ અંગેની તમામ વિગતો ઉપલબ્ધ થઈ શકશે. ક્યુઆર કોડવાળા ઓળખપત્રના કારણે મંજુરી વગરના બિન અધિકૃત ફેરીયાઓની ઓળખ કરવી સરળ બનશે તેમજ મંજુરી વગરના ફેરીયાઓને દુર કરવાની કાર્યવાહી સત્વરે કરી શકાશે.

શહેરના નોંધાયેલ તમામ

# હિન્દુ ધર્મ છોડી ઈસ્લામ અપનાવનારને અનામતનો લાભ મળી શકે નહીં

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પ્રશાંતિ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે આપ્યો ચુકાદો

**અબતક, રાજકોટ**

પછાત સમુદાયના હિન્દુઓ ધર્મ છોડી ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરે તો તેને અનામતનો લાભ મળી શકે નહીં તેવો ચુકાદો આજે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ પ્રશાંતકુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે આપ્યો છે.

સુપ્રિમ કોર્ટે તામીલનાડુ સરકારે કોર્ટે તમિલનાડુ સરકારની અપીલને ફગાવી દતા કાયદાની સ્પષ્ટતા કરી, જેમાં પછાત વર્ગો, સૌથી પછાત વર્ગો, ડિ-નોટિફાઈડ સમુદાયો અને અનુસૂચિત જાતિના સભ્યોને અનામત લાભ આપવા માટે રાજ્યની નીતિની પુષ્ટિ માંગવામાં આવી હતી, જેમણે ઈસ્લામ સ્વીકાર્યો હતો.

કોર્ટે જણાવ્યું હતું કે તમિલનાડુ સરકારના આદેશથી એક ''કૃત્રિમ જૂથ'' બને છે જે પછાત સમુદાયો સાથે સંકળાયેલા અનામતના લાભો મેળવશે. ચુકાદાનો કાર્યકારી ભાગ વાંચીને ન્યાયાધીશ મિશ્રાએ કહ્યું કે સરકાર દ્વારા કોઈ સમુદાયને લાભઆપવા માટે પછાત તરીકે જાહેર કરાયેલી સૂચના કાયદાકીય સામાજિક તપાસ અને ડેટા ગણતરી દ્વારા પૂર્ણ થવી જોઈએ. ૨૦૧૫માં હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ અપનાવનાર સમીર અહમદની અરજીને ફગાવી દેતા હાઈકોર્ટના આદેશ સામે રાજ્ય સરકારે અપીલ કરી હતી. હાઈકોર્ટે ૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ રાજ્ય દ્વારા જારી કરાયેલા સરકારી આદેશને રદ કર્યો હતો, જેમાં ખાતરી કરવામાં આવી હતી કે ''સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સમુદાયોના વ્યક્તિઓ ફક્ત ઈસ્લામ ધર્મ પરિવર્તનને કારણે અનામત લાભોથી વંચિત ન રહે અને ધર્મ પરિવર્તન છતાં હકારાત્મક કાર્યવાહી લાભો જાળવી રાખીને સમાન રમતનું ક્ષેત્ર બનાવવું''.

હાઈકોર્ટે ૨૫ જૂનના પોતાના ચુકાદામાં કહ્યું હતું કે ''ઈસ્લામ સ્વીકારનાર વ્યક્તિ પછાત વર્ગ (મુસ્લિમ)નો દરજ્જો મેળવી શકતો નથી''. તેણે અવલોકન કર્યું હતું કે કોઈ હિન્દુ, ઈસ્લામ સ્વીકારીને, હિન્દુ જાતિ અથવા પેટા-જાતિના લાભોને આગળ ધપાવી શકતો નથી. ઈસ્લામમાં ધર્માંતરિત વ્યકિતનો દરજ્જો ધર્માંતરણ પહેલાં તે કઈ જાતિનો ભાગ હતો તેના દ્વારા નક્કી થતો ન હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે ખ્રિસ્તી મિશનરીઓ, તેમજ ઈસ્લામિક ઉપદેશકોએ જણાવ્યું હતું કે તેમના ધર્મો હિન્દુ ધર્મથી વિપરીત સામાજિક સમાનતા પ્રદાન કરે છે, જેમાં જાતિ વંશવેલો હતો.

''ધર્માંતરણ માટે આટલું વલણ અપનાવ્યા પછી, ઈસ્લામમાં પણ વંશવેલો હોવાનો દાવો કરવો કપટી છે. અમારા આદરણીય દૃષ્ટિકોણથી, અમુક સંપ્રદાયોને પછાત અને બાકીનાને આગળ તરીકે વર્ગીકૃત કરવા કુરાનના આદેશોની વિરુદ્ધ છે. ઈસ્લામ એક સમાનતાવાદી સમાજ સ્થાપિત કરવા માંગે છે. ભગવાનની નજરમાં દરેક વ્યક્તિ સમાન છે. કોઈ સામાજિક વંશવેલો નથી, હાઈકોર્ટે તર્ક આપ્યો હતો.થુથુકુડી જિલ્લાના રહેવાસી અહમદનો જન્મ હિન્દુ માતાપિતાને ત્યાં થયો હતો. તેમણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો અને ૨૦૧૫ માં કયાથરના સુન્નાથ જમાત દ્વારા તેમને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. તેમણે 'મુસ્લિમ લેબ્બાઈ' તરીકે પ્રમાણિત કરતા સમુદાય પ્રમાણપત્ર માટે અરજી કરી હતી. જોકે, કયાથર તહસીલદારે તેમની અરજી ફગાવી દીધી હતી, જેના કારણે તેમને મદ્રાસ હાઈકોર્ટમાં જવાની ફરજ પડી હતી. ત્યારબાદ માર્ચ ૨૦૨૪ માં સરકારને સૂચના આપવામાં આવી હતી અને તેમના પક્ષમાં કામ કર્યું હતું.

# ચોથી ટી-૨૦માં વિન્ડીઝે ભારતને ૨૪ રને હરાવ્યું: અંતિમ મેચ નિર્ણાયક

## કેપ્ટન શાઈ હોપે માત્ર ૫૦ બોલમાં અણનમ ૧૦૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમી, સિરીઝમાં હોપની બીજી સદી: વિન્ડિઝના ૨૪૮ રનના લક્ષ્યાંક સામે ભારત ૨૨૩માં ઓલઆઉટ



**અબતક, રાજકોટ**

વેસ્ટ ઈન્ડીઝે ચોથી ટી૨૦ મેચમાં ભારતને ૨૪ રને હરાવ્યું છે. આ શાનદાર જીત સાથે ૫ મેચની ટી૨૦ સિરીઝ ૨-૨ની બરાબરી પર આવી ગઈ છે અને હવે સિરીઝનો આખરી અને નિર્ણાયક મુકાબલો શનિવારે ઑગસ્ટે બેંગલુરુમાં રમાશે.

ટોસ હારતા પહેલા બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડીઝની ટીમે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૪૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. કેપ્ટન શાઈ હોપે માત્ર ૫૦ બોલમાં અણનમ ૧૦૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જેમાં ૪ ચોગ્ગા અને ૯ છગ્ગા સામેલ હતા. હોપનું આ આખી સિરીઝમાં બીજી સદી છે, અગાઉ તેણે રાંચીમાં રમાયેલી બીજી મેચમાં પણ સદી ફટકારી હતી. તેની સાથે શેરફેન રદરફોર્ડે પણ અણનમ ૪૯ રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ભારત તરફથી બોલિંગમાં પ્રિન્સ યાદવ, અક્ષર પટેલ અને અર્શદીપ સિંહે ૧-૧ વિકેટ ઝડપી હતી.

વેસ્ટ ઈન્ડીઝના ૨૪૭ રનના જવાબમાં ભારતીય ટીમ ૨૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. કીમો પોલે શાનદાર પ્રદર્શન કરતા ૫ વિકેટ ઝડપી હતી. મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં આ તેનો બીજો ૫ વિકેટ હોલ છે અને તે આ સિદ્ધિ મેળવનાર વેસ્ટ ઈન્ડીઝનો પહેલા બોલર બની ગયો છે.ભારતીય ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં અર્શદીપ સિંહ ઈજાગ્રસ્ત થઈ ગયો. તેણે ૪ બોલમાં ૫ રન બનાવ્યા અને રિટાયર્ડ હર્ટ થઈને મેદાનની બહાર જતો રહ્યો.

આ જીત સાથે વેસ્ટ ઈન્ડિઝે ૫ મેચની ટી૨૦ શ્રેણીમાં જોરદાર વાપસી કરી છે. ભારત પાસે શ્રેણી જીતવાની તક હતી, પરંતુ ચોથી મેચમાં હાર મળતાં હવે નિર્ણાયક પાંચમી મેચ બંને ટીમો માટે મહત્વપૂર્ણ બની ગઈ છે. બંને ટીમો હવે શ્રેણી જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

### કીમો પોલ ભારત સામે પાંચ વિકેટ ઝડપનાર બીજો બોલર બન્યો

કીમો પોલે હૈદરાબાદમાં ૪૧ રન આપીને ૫ વિકેટ લીધી. તેઓ ભારત સામે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫ વિકેટ લેનારા બીજા બોલર છે. તેમના પહેલાં વેસ્ટ ઈન્ડિઝના જ ઓબેડ મેકકોયે ૨૦૨૨માં આ સિદ્ધિ મેળવી હતી.

### હોપે ટી૨૦માં ત્રીજી સદી ફટકારી ગેલનો રેકોર્ડ તોડ્યો

હોપ વેસ્ટ ઈન્ડિઝ માટે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન બની ગયા. તેમણે ક્રિસ ગેઈલ અને ઈવિન લૂઈસની ૨-૨ સદીઓને પાછળ ધકેલી દીધી.હોપે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૧૬મો ૫૦+ સ્કોર બનાવ્યો. તેણે વેસ્ટ ઈન્ડિઝ માટે સૌથી વધુ ફિફ્ટી અથવા તેનાથી વધુ સ્કોર બનાવવાના મામલે ક્રિસ ગેઈલની બરાબરી કરી. બંનેએ ૧૬-૧૬ વખત આ સિદ્ધિ મેળવી છે.

### સંજુ સેમસને છગ્ગાની સદી ફટકારી, ભારતે પણ પૂરા કર્યા ટી૨૦માં બે હજાર છગ્ગા



ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે હૈદરાબાદમાં રમાયેલી ચોથી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં સંજુ સેમસને આક્રમક બેટિંગ કરીને ખાસ સિદ્ધિ મેળવી હતી. તેણે માત્ર ૨૩ બોલમાં ૫૬ રન બનાવ્યા હતા. તેની ઈનિંગમાં ૬ ચોગ્ગા અને ૪ છગ્ગા સામેલ હતા. સેમસને ૨૪૩.૪૮ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. આ ઈનિંગ દરમિયાન સેમસને ટી૨૦ ઈન્ટરનેશનલમાં પોતાના ૧૦૦ છગ્ગા પૂરા કર્યા હતા. આ સાથે તે પુરુષોની ટી૨૦ ક્રિકેટમાં ૧૦૦ કે તેથી વધુ છગ્ગા ફટકારનારો છઠ્ઠો ભારતીય બેટર બન્યો હતો.

# ભારતે વૈભવ સૂર્યવંશીના આત્મ વિશ્વાસને સંપૂર્ણપણે બગાડ્યો છે: શ્રીકાંત

## કોઈપણ યુવા ખેલાડીને જ્યારે ટીમમાં સામેલ કરવામાં આવે ત્યારે તેને તેની ક્ષમતા સાબિત કરવા માટે તકો મળવી જરૂરી: શ્રીકાંતના કોચ ગંભીર પર આકરા પ્રહારો

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમમાં પસંદગી પ્રક્રિયા અને ખેલાડીઓના રોટેશનને લઈને અવારનવાર વિવાદ સર્જાતા હોય છે, પરંતુ તાજેતરમાં ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને આક્રમક ઓપનિંગ બેટ્સમેન શ્રીકાંતે કરેલી ટીકાએ ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા જગાવી છે. શ્રીકાંતે ભારતીય ટીમ મેનેજમેન્ટ અને હેડ કોચ ગૌતમ ગંભીરની રણનીતિ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, વારંવાર નિર્ણય બદલવાની અને ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાની નીતિના કારણે દેશના સૌથી આશાસ્પદ અને યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે ક્ષીણ થઈ ગયો છે.શ્રીકાંતે પોતાની યુટ્યુબ ચેનલ પર ભારતીય સિલેક્શન નીતિની આકરા શબ્દોમાં સમીક્ષા કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ‘‘ભારતે માત્ર ૧૫ વર્ષની નાની વયના પ્રતિભાશાળી બેટ્સમેન વૈભવ સૂર્યવંશીનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે બગાડી નાખ્યો છે.’’ શ્રીકાંતના મતે, કોઈપણ યુવા ખેલાડીને જ્યારે ટીમમાં સામેલ કરવામાં આવે ત્યારે તેને તેની ક્ષમતા સાબિત કરવા માટે તકો મળવી જરૂરી છે.

પરંતુ સતત ટીમમાં અંદર-બહાર કરવાથી





ખેલાડીમાં સુરક્ષાની ભાવના ખતમ થઈ જાય છે. તેમણે સંજુ સેમસનનું ઉદાહરણ આપતા કહ્યું કે સંજુ સાથે પણ વર્ષોથી આવું જ થઈ રહ્યું છે અને હવે તે જ ભૂલ વૈભવ સૂર્યવંશી જેવા નવોદિત ખેલાડી સાથે થઈ રહી છે.

વૈભવ સૂર્યવંશીએ ખૂબ નાની વયે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવેશ કરીને ક્રિકેટ પ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીથી આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું હતું અને ત્યારબાદ ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન શાનદાર પ્રદર્શન કરીને ’પ્લેયર ઓફ ધ સિરીઝ’નો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આટલા ઉત્કૃષ્ટ પ્રદર્શન હોવા છતાં, અફઘાનિસ્તાન અને વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીઓમાં તેને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર બેસી રહેવું પડ્યું છે. સતત બેન્ચ પર બેસી રહેવાને કારણે આ યુવા ખેલાડીના મનોબળ અને રમત પ્રત્યેના અભિગમ પર વિપરીત અસર પડી રહી છે.શ્રીકાંતે ટીમ મેનેજમેન્ટને એક મહત્વપૂર્ણ સૂચન પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે હાલમાં ઓપનર અભિષેક શર્મા સતત ક્રિકેટ રમી રહ્યો છે, તેથી તેને આગામી મેચોમાં આરામ આપવો જોઈએ. તેના સ્થાને વૈભવ સૂર્યવંશી અને સંજુ સેમસન પાસે ઓપનિંગ કરાવવું જોઈએ. આ પગલાથી માત્ર અભિષેકને આરામ જ નહીં મળે, પરંતુ વૈભવ અને સંજુ જેવા ખેલાડીઓને મેદાન પર પોતાની લય અને ખોવાયેલો આત્મવિશ્વાસ ફરીથી મેળવવાની શ્રેષ્ઠ તક મળશે. યુવા પ્રતિભાઓને યોગ્ય સમયે પૂરતી તક આપવી જ ભારતીય ક્રિકેટના ભવિષ્ય માટે શ્રેયસ્કર રહેશે.

# ટી-૨૦ ક્રિકેટમાં એક જ ઓવરમાં ૫ વિકેટ ઝડપીને લેકોકે ઈતિહાસ રચ્યો

**અબતક, રાજકોટ**

દક્ષિણ આફ્રિકાના યુવા ઓલરાઉન્ડર ચેડ લેકોકે ટી૨૦ ક્રિકેટમાં એક અદ્ભુત અને દુર્લભ સિદ્ધિ પોતાના નામે કરી છે. તેણે એક જ ઓવરમાં ૫ વિકેટ ઝડપીને દક્ષિણ આફ્રિકાના ટી૨૦ ક્રિકેટ ઈતિહાસમાં નવો રસ્તો કંડાર્યો છે.પીટરમેરિટ્ઝબર્ગ ખાતે યોજાયેલી સીએસએ પ્રો ૨૦ કપ મેચમાં કે.ઝેડ.એન. ઈનલેન્ડ તરફથી રમતા લેકોકે ટાઈટન્સ સામે પરાક્રમ કર્યું હતું. તેણે ૪ ઓવરમાં માત્ર ૨૬ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી.ટાઈટન્સની ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં લેકોકે લ્યુસ ડુ પ્લોય, દૈયાન ગેલીયમ, અફિવે મ્ન્યાન્ડા, જાન્કો સ્મિટ અને એસોસા આઈહેવબાને આઉટ કરીને કુલ ૫ વિકેટ ઝડપી હતી. આ દરમિયાન તેણે સતત ૪ બોલમાં ૪ વિકેટ પણ લીધી હતી, જે દક્ષિણ આફ્રિકાના ટી૨૦ ઈતિહાસમાં પ્રથમ ઘટના છે. ટી૨૦ ક્રિકેટમાં એક જ ઓવરમાં ૫ વિકેટ લેનારો તે દક્ષિણ આફ્રિકાનો પ્રથમ બોલર બન્યો છે. પુરુષ ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વનો ચોથો બોલર બન્યો છે.

આ અગાઉ અલ-અમીન હોસેન (૨૦૧૩), અભિમન્યુ મિથુન (૨૦૧૯) અને ગેડે પ્રિયાન્દાના (૨૦૨૫) આ કમાલ કરી ચૂક્યા છે.તેના ૬/૨૬ના બોલિંગ આંકડા ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ છે. મેચમાં ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦૪ રન બનાવ્યા હતા. જવાબમાં કેઝેડએન ઈનલેન્ડની ટીમ ૧૮૩/૬ રન બનાવી શકી અને ૨૧ રનથી મેચ હારી ગઈ. આ મેચમાં લેકોકે બેટિંગમાં પણ અણનમ ૩૧ રનનું શાનદાર યોગદાન આપ્યું હતું.



# કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ: ૧૪ દેશો વચ્ચે જંગ, ઈરાન અને ચાઈનીઝ તાઈપે બહાર

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં પ્રથમ વખત કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન કરવામાં આવશે. આ ટૂર્નામેન્ટ ૨૧થી ૨૭ ઓક્ટોબર દરમિયાન રમાશે. તમામ મુકાબલા અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોજાશે. આ સ્પર્ધામાં ભારત સહિત ૧૪ દેશોની ટીમો ભાગ લેશે. આ ટૂર્નામેન્ટ કબડ્ડીને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ અપાવવાની દિશામાં મહત્વનું પગલું છે. ૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં કબડ્ડીનો સમાવેશ થાય તે માટે પણ આ સ્પર્ધા મહત્વની સાબિત થઈ શકે છે.

ચેમ્પિયનશિપમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, કેન્યા, નાઈજીરિયા, મલેશિયા, પાકિસ્તાન, સ્કોટલેન્ડ, સિંગાપોર, શ્રીલંકા, તાન્ઝાનિયા, યુગાન્ડા અને ઈંગ્લેન્ડની ટીમો ભાગ લેશે. આ યાદીમાં એશિયા, આફ્રિકા, યુરોપ, ઓશનિયા અને ઉત્તર અમેરિકાના દેશો સામેલ છે. ભારત માટે આ ટૂર્નામેન્ટમાં અલગ-અલગ રમતશૈલી ધરાવતી ટીમો સામે રમવાની તક રહેશે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવી ટીમો સામેના મુકાબલા પણ રસપ્રદ બની શકે છે.



આ ચેમ્પિયનશિપમાં ઈરાન અને ચાઈનીઝ તાઈપે જેવી મજબૂત કબડ્ડી ટીમો ભાગ લેશે નહીં. એશિયન ગેમ્સ ૨૦૨૬ની ફાઈનલમાં ભારતે ઈરાનને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જોકે, આ વખતે ઈરાનની ટીમ મેદાનમાં નહીં ઉતરે. ભારતને ટૂર્નામેન્ટમાં ખિતાબના દાવેદારોમાં ગણવામાં આવે છે. તેમ છતાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવી ટીમો ભારતીય ખેલાડીઓને પડકાર આપી શકે છે. નવા ખેલાડીઓ વચ્ચે તાલમેલ, રેડિંગમાં પોઈન્ટ મેળવવાની ક્ષમતા અને ડિફેન્સની મજબૂતી ભારત માટે નિર્ણાયક બની શકે છે.

# રૂ.૧,૧૦૦ કરોડની સહાય કરી રાજ્ય સરકારે એમએસએમઈ પર વધારે ‘‘વિશ્વાસ’’ વ્યક્ત કર્યો

## સ્વ-મૂડી રોકનારા ઉદ્યોગકારો માટે બેંક લોનની ફરજિયાત શરત રદ, ૧૬ દસ્તાવેજો ઘટાડી પ્રક્રિયા સરળ બનાવાઈ; અન્ય રાજ્યોમાંથી ૨૭ કંપનીઓ ગુજરાત પરત ફરી

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે ૧૪,૮૫૩ ઔદ્યોગિક એકમોને કુલ રૂ. ૧,૧૦૦ કરોડની પ્રોત્સાહક સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં સિંગલ-ક્લિક પદ્ધતિથી લાભાર્થીઓના બેંક ખાતામાં સહાય જમા કરાવવામાં આવી હતી. આ સહાયમાં ૧૧,૦૫૨ એમએસએમઈ એકમોને રૂ. ૪૪૪.૦૩ કરોડ, ટેક્સટાઈલ ક્ષેત્રના ૩,૫૯૧ એકમોને રૂ.૨૯૦.૪૨ કરોડ અને મોટા ઉદ્યોગોના ૧૯૬ એકમોને રૂ. ૩૬૦.૮૯ કરોડ આપવામાં આવ્યા છે. જ્યારે અન્ય યોજનાઓ હેઠળ ૧૪ લાભાર્થીઓને રૂ. ૪.૮૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

એમએસએમઈ ક્ષેત્ર માટે મહત્ત્વના નિર્ણયમાં સરકારે પ્રોત્સાહક સહાય મેળવવા માટેની બેંક લોનની ફરજિયાત શરત દૂર કરી છે. પરિણામે પોતાની મૂડીથી ઉદ્યોગ શરૂ કરનારા ઉદ્યોગસાહસિકો પણ નિયમો અને પાત્રતા મુજબ સહાય મેળવી શકશે. આ ઉપરાંત સહાય મેળવવા માટે જરૂરી ૧૬ દસ્તાવેજોની જરૂરિયાત ઘટાડવામાં આવી છે, જેથી અરજી અને મંજૂરીની પ્રક્રિયા સરળ બને. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે છેલ્લા છ મહિનામાં સરકારી ફાઈલોના નિકાલની ગતિ ત્રણ ગણી થઈ છે. સરકારનો હેતુ પારદર્શક વહીવટ દ્વારા ઉદ્યોગકારોને સમયસર સહાય પૂરી પાડવાનો છે.

જીઆઈડીસી દ્વારા શેખપાટ, ખીરસરા-૨ અને સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતોમાં ૮૫ એકર વિસ્તારમાં આવેલા ૪૦૭ પ્લોટની ઓનલાઈન ડ્રો દ્વારા ફાળવણી કરવામાં આવી હતી. ૩,૦૦૦ ચોરસ મીટરથી નાના પ્લોટ માટે કુલ ૪,૬૬૫ અરજીઓ મળી હતી.

રાજ્યની નવી ઔદ્યોગિક નીતિ હેઠળ મોટા ઉદ્યોગો તરફથી ૩૪૬થી વધુ અરજીઓ મળી હોવાનું પણ હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. તેમાં અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પરત આવી રહેલી ૨૭ કંપનીઓનો સમાવેશ થાય છે. પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો, મહિલાઓનાં સ્ટાર્ટઅપ્સ અને આદિવાસી વિસ્તારોમાં રોજગારી સર્જનને પ્રોત્સાહન આપવા પર પણ સરકાર ભાર મૂકી રહી છે.



આગામી સમયમાં સ્માર્ટ જીઆઈડીસી ઔદ્યોગિક વસાહતોમાં રસ્તાઓ ઉપરાંત ગટરવ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ અને અન્ય પાયાની સુવિધાઓના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવશે. સહાયની સરળ ઉપલબ્ધતા, દસ્તાવેજી પ્રક્રિયામાં ઘટાડો અને ઔદ્યોગિક પ્લોટની ફાળવણી જેવા પગલાંથી નાના-મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે. સરકારના આ પ્રયાસોનો હેતુ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટેનું વાતાવરણ વધુ અનુકૂળ બનાવવાની સાથે નવા રોકાણ અને રોજગારીની તકોને વેગ આપવાનો છે.

# સપ્ટેમ્બર માસમાં જ જ્વેલરીની નિકાસ ૯.૪ ટકા વધી ૩૦ હજાર કરોડને પાર

## અમેરિકામાં ટેરિફ ઘટતા અને મુક્ત વેપાર કરારો ફળતા નિકાસ મજબૂત: વિદેશી બજારોમાં ભારતીય ડિઝાઈનર જ્વેલરી અને કૃત્રિમ હીરાની ભારે માંગ

**અબતક, રાજકોટ**

જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના આંકડા મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૬માં ભારતની રત્નો અને આભૂષણોની નિકાસ ૯.૪ ટકા વધીને ૩૦ હજાર કરોડ પર પહોંચી છે. સોનાના દાગીના અને લેબ-ગ્રોન ડાયમંડ (કૃત્રિમ હીરા) ની માંગ વધવાથી નિકાસમાં આ ગ્રોથ જોવા મળ્યો છે.



નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પહેલા છ મહિના એપ્રિલ થી સપ્ટેમ્બરમાં કુલ નિકાસ ૩.૧ ટકા વધીને ૧૪.૩ મિલિયન ડોલર બિલિયન થઈ છે, જે ભારતીય રૂપિયામાં ૧૩.૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧.૪ લાખ કરોડ થાય છે. આ સમયગાળામાં સોનાના દાગીનાની કુલ નિકાસ ૧૧.૪ ટકા વધીને ૬.૩ બિલિયન ડોલર રહી, જેમાં નંગ મઢેલા દાગીનાની નિકાસ ૩૧.૩ ટકા વધીને ૩.૭ બિલિયન ડોલર પહોંચી છે. જોકે, સાદા સોનાના દાગીનાની નિકાસ ૮.૮ ટકા ઘટીને ૨.૫ બિલિયન ડોલર રહી છે.

જીજેઈપીસીના કિરીટ ભણસાલી જણાવે છે કે મુક્ત વેપાર કરારો અમેરિકામાં નીચા ટેરિફ અને હોંગકોંગ, સિંગાપોર તથા ફ્રાન્સ જેવા બજારોમાં સારા પ્રદર્શનને કારણે નંગ મઢેલા દાગીનાની માંગ વધી છે. બીજી તરફ, સોનાના ભાવમાં પ્રતિ ટ્રોય ઔંસ ૩૧.૨ ટકાનો ઉછાળો આવતા અને મધ્ય પૂર્વના દેશોની મંદીના કારણે સાદા સોનાના દાગીના પર દબાણ રહ્યું છે. હીરા ઉદ્યોગની વાત કરીએ તો, પહેલા છ મહિનામાં કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ ડોલરમાં ૭% ઘટીને ૫.૮ બિલિયન ડોલર રહી છે, પરંતુ જથ્થાની દ્રષ્ટિએ નિકાસ ૪.૬ ટકા વધીને ૮૪ લાખ કેરેટ થઈ છે (રૂપિયામાં ૨.૩% વધીને રૂ. ૫૫,૩૩૬ કરોડ). આ ઉપરાંત, લેબ-ગ્રોન હીરાની નિકાસ ૧૭.૧% વધીને

૬૮૫.૧ મિલિયન ડોલર, ચાંદીના દાગીના ૨૩.૧% વધીને ૭૨૯.૩ મિલિયન ડોલર અને પ્લેટિનમ જ્વેલરી ૧૫.૮% વધીને ૧૨૩.૩ મિલિયન ડોલર નોંધાઈ છે, જ્યારે રંગબેરંગી રત્નોની નિકાસ ૩.૮% ઘટીને ૨૨૭.૬ મિલિયન ડોલરે પહોંચી છે.

માત્ર સપ્ટેમ્બર મહિનાની સ્થિતિ જોઈએ તો, સોનાના દાગીનાની નિકાસ ૩૪% વધીને રૂ. ૧૦,૦૫૦ કરોડ થઈ હતી, જેમાં નંગ મઢેલા દાગીના ૫૦.૨% વધીને રૂ. ૬,૮૦૦ કરોડ અને સાદા દાગીના ૮.૮% વધીને રૂ. ૩,૧૬૫ કરોડ રહ્યા હતા. હીરા સેગમેન્ટમાં કટ અને પોલિશ્ડ હીરા રૂ. ૧૦,૯૦૦ કરોડ રહ્યા, જ્યારે લેબ-ગ્રોન હીરા ૪૦.૭% વધીને રૂ. ૧,૨૬૫ કરોડ થયા હતા. સપ્ટેમ્બરમાં ચાંદીના દાગીના રૂ. ૧,૧૨૫ કરોડ, પ્લેટિનમ જ્વેલરી રૂ. ૧૯.૩ કરોડ અને રંગબેરંગી રત્નો રૂ. ૬૨૭ કરોડ રહ્યા હતા. કિરીટ ભણસાલી મુજબ, હીરાની નિકાસના વધતા જથ્થાથી આ ક્ષેત્રમાં હવે ધીમે ધીમે સુધારાના સંકેત દેખાઈ રહ્યા છે.

# મિત્રતામાં દગાખોરી : વ્હોરા વેપારી પાસે મિત્રએ લોનના બહાને રૂ. ૧૨.૮૦ લાખ ખંખેર્યા

## સમાજમાંથી લોન લેવાના બહાને સોનુ લઈ જઈ ૩૧ લાખની લોન મેળવી લીધી : નાણાં કે દાગીના નહિ આપી ઠગાઈ આચરી

**અબતક, રાજકોટ**

શહેરના સદર બજાર નજીક રહેતા વ્હોરા વેપારી અને તેના મિત્ર સાથે તેમની જ્ઞાતિના જ મિત્રએ સમાજમાંથી લોન લેવાનું નક્કી કરી સોનું લઈ લીધા બાદ સમાજના બદલે જ્ઞાતિના જનાબ આમીલ પાસે સોનું મુકી ૩૧ લાખ લીધા હતા. બાદમાં ૧૦ લાખ એક મિત્રને પરત આપ્યા હતા. જયારે રૂ.૧૨.૮૦ લાખનું સોનું કે રૂપિયા પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

હુસેનભાઈ જૈનુદ્દીન ભારમલ(ઉ.વ.૩૨) (રહે. ઓરબીટ કોમ્પલેક્ષ સામે, સરદાર બજાર રાજકોટ) દ્વારા બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જુજર શકીલભાઈ દલાલ(રહે.વીંગ સમન્વય હાઈટ્સ ભગવતીપરા,રાજકોટ) નં નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ન્યુ સ્ટાર ટ્રેડર્સ નામે વેસ્ટ પેપરની પેઢીમાં તેના પિતા સાથે બેસી વેપાર કરે છે. યુવાનને વેસ્ટ પેપરનો ધંધો હોય અને તે ધંધામાં રૂપિયાની જરૂરત હોય યુવાનને સમાજમાંથી સોના ઉપર વગર વ્યાજની લોન મળતી હોય અને યુવકના નામે અન્ય લોન ચાલુ હોય જેથી સમાજમાંથી લોન ન આપે જેથી જુજર શકીલભાઈ દલાલ જે યુવાનના જૂના મિત્ર હોય અને તેના નામે કોઈ લોન ચાલતી ન હોય અને તે પણ સમાજના જ હોય જેથી તેના નામે સમાજમાંથી વગર વ્યાજની લોન મળે તેમ હતી. યુવાનના અન્ય મિત્ર અબ્દુલ્લી મુર્તુજાભાઈ ભારમાયા તથા નજમુદ્દીન સબીરભાઈ હરિયાણાને પણ રૂપિયાની જરૂર હોય જેથી તેઓને પણ લોન લેવાની હતી.જેથી ચારેય ભેગા થયા હતા અને બધા પાસે જે ઘરમાં સોનું પડ્યુ હતું. તે ભેગું કરીને સમાજમાં જમા કરાવીને રૂ. ૩.૪૦ લાખની લોન જુજરના નામે લેવાનું નક્કી કર્યું હતું. ચારેયએ જેટલું સોનું જમા કરાવેલ તે મુજબ રકમ વહેંચી લેવાની અને તેનો ભાગ પડતો હોવાથી ભરવાનો તેમ નક્કી કર્યું હતું.

યુવાને અંદાજે ૧૨૦ ગ્રામ જેટલું સોનું આપ્યું હતું તથા નજમુદ્દીનના દાગીના જેમાં બે દસ-દસ ગ્રામની ગીની તથા જુજર પણ તેના ઘરેથી સોનું લઈ આવેલ હતો અને આ બધું સોનું ભેગું કર્યું હતું. ચારેય તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ જ્ઞાતિના સોની પાસે વેલ્યુએશન કરાવ્યું હતું. બાદમાં અલગ અલગ કેરેટના સોના હોઈ બે બંને પેકેટ ફૂલિંગ સોનાનો વજન ૩૪૧-૦૭૦ ગ્રામ થયેલ હતું જે સોનું પેક કરાવેલ અને તે સોનું જુજરને આ જુજર દલાલને આપ્યું હતું.

બાદમાં રૂપિયાની જરૂર હોય અને જુજર તે લોનના રૂપિયા આપતો ન હોય જેથી સોનું પરત માંગેલ અને લોન નથી લેવી તેવું જણાવેલ અને બધાને શક પડતા જુજરે લોન લીધેલ છે કે કેમ? તેની તપાસ કરાવતા આ જુજર દલાલે ત્યાંથી કોઈ લોન લીધેલ ન હતી અને જુજર પાસે સોનું પરત માંગવા જતા તેણે કહેલ કે તેને અમારા સમાજના શેખ હુસેન સક્ઝાદીન સાહેબવાલા (જનાબ આમિલ સાહેબ) પાસેથી લોન લીધી છે. વિશ્વાસ ન આવતા સોનું પરત આપવાનું આપવા કહેલ તો તેને આમિલ સાહેબ પાસેથી આઠ લાખ લીધેલ છે તે પરત આપવા પડશે.

ત્યારબાદ જ્ઞાતિના ના આગેવાન શેખ હુસેન સક્ઝાદીન સાઈવાલા (જનાબ આમિલ સાહેબ) જેઓ આ લોનનું કામકાજ કરતા હોય જેને આ સોના બાબતે વાત કરતા તેને કહેલ કે આ જુજર મારી પાસે સોનું મૂકી અને લોન લીધેલ છે અને જે સોના પર લોનની રકમ આ જુજરને મેં ચૂકવી આપ્યું છે.

આમ, આ જુજર દલાલે યુવાન તથા તેના મિત્રો અબ્દુલ્લી મુર્તુજાભાઈ ભારમાયા, નજમુદ્દીન સબીરભાઈ હરિયાણા તથા પોતાનું સોનું ભેગું કરી અને બે સોનાના પેકેટ જેમાં એક પેકેટનો વજન ૨૪૮.૮૮૦ અને બીજા પેકેટનો વજન ૩૮૫.૭૫૦ ગ્રામ થયેલ જે બંને પેકેટના ફૂલિંગ સોનાનો વજન ૩૪૧-૦૭૦ ગ્રામ સોનું લઈ અને સમાજમાંથી લોન અપાવવાનું કહી અને સમાજમાંથી લોન ન લઈ અને જ્ઞાતિના શેખ હુસેન સક્ઝાદીન સાઈવાલા (જનાબ આમિલ સાહેબ) પાસે બધું સોનું મૂકી અને રૂ. ૩,૯૧,૦૦,૦૦૦ જુજરે લઈ લીધેલ અને તેમાંથી અબ્દુલ્લીને રૂ. ૩,૧૦,૦૦,૦૦૦ આપ્યા હતા અને તેનું સોનું પરત આપ્યુ નથી. ફરિયાદી યુવાનનું રૂ. ૧૦ લાખનું સોનું તથા અન્યનું રૂ. ૨.૮૦ લાખનું સોનું મળી કુલ રૂ. ૧૨.૮૦ લાખનું સોનું પરત ન આપી અંગત ઉપયોગમાં રૂપિયા ખર્ચી નાખી વિશ્વાસઘાત કર્યો હોય આ ફરિયાદ નોંધાવી છે.

# ગોડાઉન રોડ પર કલ્યાણ સોસાયટીમાં બાથરૂમમાં પડી જતાં આધેડનુ મોત

## એ ડિવિઝન પોલીસ વધુ તપાસ હાથ ધરી:પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના ગોડાઉન રોડ પર કલ્યાણ સોસાયટીમાં રહેતા ૫૧ વર્ષીય આધેડ બાથરૂમમાં પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર આવશે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલાં તેમનું મોત નીપજ્યું હતું ઘટના પગલે એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેરના ગોડાઉન રોડ પર કલ્યાણ સોસાયટી એકમાં રહેતા અર્જુનભાઈ કુલસિંગભાઈ જરીયા ઉંમર વર્ષ ૫૧ વર્ષીય આધેડ ગઈ કાલે સવારે દસ વાગ્યે આસપાસ ઘરે હતા ત્યારે બાથરૂમ કરવા જતા નીચે પટકાયા હતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જેથી સારવાર સાથે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા આધેડને તબીબે મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા આ અંગે આધેડને પડી જતા મોત થયું હતું મૃતક ત્રણ ભાઈ ત્રણ બેન માં વચ્ચે હતા સંતાનમાં એક પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી હાલ પોલિસે વધુ તપાસ હાથ ધરી છે

# ભગવતીપરામાં ઓપરેશનના ડરથી યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

## હરસની તકલીફ હોઈ અને આજે ઓપરેશન કરવાનું હોય જેમાં બીક લાગતી હોવાથી પગલું ભર્યું હોવાનું તારણ: પોલીસે વધુ તપાસ આદરી

**અબતક રાજકોટ**

શહેરના સામા કાંઠે ભગવતીપરામાં રહેતા ૨૪ વર્ષીય યુવકે ઓપરેશનના ડરથી ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા યુવકને તબીબે મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને હરસનું ઓપરેશન કરવાનું હોય જેથી બીક લાગતા આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે નાની-નાની બાબતે યુવકો પોતાની જાતને મોતના ખપ્પરમાં હોમી રહ્યા છે ત્યારે સામાકાંઠે ભગવતીપરામાં આશાબાપીર રોડ પર રહેતા સાહિલભાઈ ઈકબાલભાઈ રાઉમાં ઉંમર વર્ષ ૨૪ વર્ષ યુવક આજે વહેલી સવારે પોતાના ઘરે હતો ત્યારે ઓપરેશનના બીક ના પગલે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને આજે હરસ મસા નું ઓપરેશન કરવાનું હોય જેથી યુવક ડરતો હોવાથી આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે અપરણિત અને માતાપિતા અને બેનનો એકનો ભાઈ ગુમાવતા પરિવારમાં માતમ છવાયો હતો આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ભગોરા વધુ તપાસ હાથ ધરી છે

# કેપી ઈન્ડસ્ટ્રીઝના પ્રથમ માળેથી પટકાતા યુવકનું મોત

**અબતક રાજકોટ**

શહેરના આજીડેમ નજીક કેપી ઈન્ડસ્ટ્રીઝ રહેતા ૨૨ વર્ષીય યુવક નીચે ડોકું કાઢવા પગ લપસી જતા પ્રથમ માળેથી

પટાકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃતદે જાહેર કરવામાં આવ્યો હતો. આ અંગ મળતી માહિતી મુજબ શહેરમાં આજીડેમ વિસ્તારના કેપી ઈન્ડસ્ટ્રીઝ શેરી નંબર ત્રણ માં રહેતા કાશીરામ ડાક્ટર નિશાદ ઉંમર વર્ષ ૨૨ વર્ષીય યુવક સીતારામ લેઝર કટીંગ કારખાનામાં પહેલા માળેથી નીચે હોવા જતા નીચે પટકાયો હતો જેથી ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા આદિત્યમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પહેલા માળે હોય તેમજ જ્યાં ઊભો હતો ત્યાં છતની પારાપેટ ન હોવાથી નીચે જોવા જતા પગ લપસી જતા નીચે પટકાયો હતો જેથી મોત થયાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા પોતે મૂળ યુપીના વતની અને હાર્ડવેર નું કામ કરતો હોય અને ત્રણ ભાઈ બે બેનમાં વચેટ હતો અપરણિત યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે આ રીતે પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે એમ જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે

# કોર્ટમાં એપીપી સમયસર હાજર ન રહેતા હોવાની ફરિયાદો બાદ ગાંધીનગર ડીઓપીનું સરપ્રાઈઝ ચેકિંગ

## અમદાવાદ-ગાંધીનગરના ૮ સરકારી વકીલો ગેરહાજર મળતા કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો

## સરકારી વકીલો સામે કાર્યવાહીના ભણકારાથી વકીલો સમયસર અદાલતમાં હાજર

**અબતક, રાજકોટ**

અમદાવાદ શહેર સહિત રાજયભરની જિલ્લા-તાલુકા અદાલતોમાં આસીસ્ટન્ટ પ્રબ્લીક પ્રોસીકયુટરો સમયસર કોર્ટમાં હાજર રહેતા નહીં હોવાની ફરિયાદોના પગલે ગાંધીનગર ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતાં સરકારી વકીલોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. અમદાવાદ-ગાંધીનગરના આઠ સરકારી વકીલો આ સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન હાજર નહી મળતાં ડાયરેકટર ઓફ પ્રોસીકયુશન, ગાંધીનગર અંબાલાલ પટેલે આ તમામ આઠ સરકારી ' વકીલોર્ને કારણદર્શક નોટિસ આપી ખુલાસો માંગ્યો છે.રાજયની વિવિધ કોર્ટોમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર કે એડિશનલ પબ્લીક પ્રોસીકયુટર સમયસર કોર્ટમાં હાજર રહેતા નહી હોવા અંગે ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની કચેરીને ગંભીર ફરિયાદ મળી હતી જેને પગલે ડાયરેકટર ઓફ પ્રોસીકયુશન, ગાંધીનગર અંબાલાલ પટેલે સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળ્યા હતા અને અમદાવાદ-ગાંધીનગરની કોર્ટોમાં રૂબરૂ મુલાકાત લઈ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું. જે દરમ્યાન આઠ જેટલા આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર ગુલ્લી મારતાં ઝપટમાં આવી ગયા હતા.ડાયરેક્ટર ઓફ પ્રોસીકયુશને આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર્સની જવાબદારી અને ફરજમાં ચૂકને ખૂબ ગંભીરતાથી તમામ કારણદર્શક નોટિસ આપી હતી અને જરૂરી ખુલાસો માંગ્યો હતો. ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની કચેરીના આ સપાટાના પગલે રાજયભરના વકીલઆલમમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. બીજીબાજુ, ડાયરેકટ ઓફ પ્રોસીકયુશનની કામગીરીથી ફફડી ઉઠેલા સરકારી વકીલો કોર્ટમાં સમયસર આવવા લાગ્યા છે,

### ફોજદારી કેસમા નિર્દોષ છૂટી ગયેલા ચુકાદાની દોષિતને નોટિસ આપી ખુલાસો માંગશે

**સમિતિ વિશેષ સમીક્ષા કરી ચુકાદાઓની ઝીણવટભરી તપાસ કરશે, દોષિતને નોટિસ આપી ખુલાસો માંગશે**

ફોજદારી કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટી જવાના વધતા કિસ્સાઓને ગંભીરતાથી લઈ સુપ્રીમ કોર્ટના નિર્દેશોના આધારે ગુજરાત સરકારે કડક પગલું ભર્યું છે. ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનના અધ્યક્ષસ્થાને વિશેષ સમીક્ષા સમિતિની રચના કરવામાં આવી છે.આ સમિતિ જે કેસમાં આરોપી નિર્દોષ છૂટે છે તે ચુકાદાની ઝીણવટભરી સમીક્ષા કરશે. તપાસ દરમિયાન પોલીસ તપાસનીશ અધિકારીની કોઈ ખામી, બેદરકારી કે પુરાવા એકત્ર કરવામાં ઉણપ રહી છે કે કેમ તે તપાસવામાં આવશે. સાથે જ અદાલતમાં સરકાર પક્ષે કેસ રજૂ કરતા પબ્લિક પ્રોસિક્યુટરે યોગ્ય દલીલો કરી છે કે નહીં તેની પણ તપાસ થશે.જો તપાસમાં ખામી કે બેદરકારી જણાશે તો સંબંધિત તપાસનીશ પોલીસ અધિકારી અને સરકારી વકીલને શોકોઝ નોટિસ આપી ખુલાસો માંગવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેના પગલે પોલીસ અને વકીલ આલમમાં ફફડાટ ફેલાયો છે.

# પ્રેમલગ્નનો ખાર રાખી બનેવીને સરાજાહેર રહેંસી નાખનાર સાળો કમલેશ રબારી ઝડપાયો

## ભક્તિનગર સર્કલ નજીક ડોક્યુમેન્ટ આપવાના બહાને બોલાવી છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવી ફરાર થઈ ગયો'તો : ક્રાઈમ બ્રાન્ચે કુવાડવા ગામ નજીકથી દબોચ્યો

**અબતક, રાજકોટ**

શહેરના ભક્તિનગર સર્કલ પાસે ગત તા. ૨૪-૯ ના રોજ સગા બનેવી વિમલ વાણીયાને પ્રેમલગ્નનો ખાર રાખી સાળાએ સરાજાહેર છરીના ઘા ઝીંકી રહેસી નાખ્યો હતો. બનેવીને મોતને ઘાટ ઉતારી ફરાર થઈ જનાર કમલેશ ઉર્ફે કાનો રબારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કુવાડવા ગામ નજીકથી ઝડપી પાડ્યો છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગઈ તા. ૨૪-૯ ના સહકારનગર મેઈન રોડ પર જમનાનગર શેરી નંબર ૪ માં રહેતા વિમલ ધર્મેન્દ્રભાઈ વાણીયા નામના યુવાનને આરસીબુકના આપવાના બહાને ભક્તિનગર સર્કલ પાસે બોલાવી તેના સાળા કમલેશ ઉર્ફે કાનાએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. જે અંગે મૃતકના માતા ભારતીબેન ધર્મેન્દ્રભાઈ વાણીયાની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે ત્રણ શખસો સામે ગુનો નોંધાયો હતો. પોલીસે જે તે સમયે રાકેશ જોગરાણા નામના આરોપીને ઝડપી લીધો હતો. પરંતુ મુખ્ય સૂત્રધાર કમલેશ ઉર્ફે કાનો પોલીસને હાથ લાગ્યો ન હતો.



દરમિયાન પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી. બસીયા દ્વારા આ ગંભીર બનાવવામાં આરોપીઓને પકડી પાડવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એ.એન.પરમાર, એસ.એમ.રાણા, ડી.પી. ઝાલા અને વી.ડી.રાવલીયાની રાહબરીમાં ટીમો તપાસમાં લાગી હતી. પોલીસે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ સોર્સીસના આધારે તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન મળેલી હકીકતના આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર કુવાડવા ગામ પાસેથી હત્યા પ્રકરણના મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો લાખાભાઈ ધાંધળ(ઉ.વ. ૨૫ રહે. શિવધારા સોસાયટી શેરી નંબર ૨, ખોખડદળ પુલની બાજુમાં, કોઠારીયા રીંગરોડ)ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ હત્યા પ્રકરણમાં હજુ એક આરોપી પોલીસને હાથ લાગ્યો ન હોય તેને ઝડપી લેવા શોધખોળ યથાવત રાખી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી કમલેશ ઉર્ફે કાનાની બહેન શીતલે ભોગ બનનાર વિમલ વાણીયા સાથે પ્રેમલગ્ન કર્યા હોય જે બાબતે અદાવત ચાલતી હતી. આ પ્રેમલગ્નનો ખાર રાખી કમલેશે બનેવીને ભક્તિનગર સર્કલ પાસે સરાજાહેર છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી.

# વાવડી નજીક ખોડલ ટાવરની દુકાનમાંથી રૂ. ૨.૫૯ લાખના દારૂ સાથે કેમિકલનો ધંધાર્થી ઝબ્બે

## પીસીબી ટીમે ત્રાટકી ૮૬૪ બોટલ દારૂ કબ્જે કર્યો : આર્થિક ખેંચ દૂર કરવા ત્રણ મહિનાથી ગોવાથી ટ્રાન્સપોર્ટ મારફતે દારૂ મંગાવી વેંપલો કરતો'તો

**અબતક, રાજકોટ**

શહેરના વાવડી ૮૦ ફુટ રોડ પર ખોડલ ટાવરમાં આવેલ દુકાનમાં દરોડો પાડી પીસીબી ટીમે રૂ. ૨.૫૯ લાખના દારૂ સાથે કેમિકલનાં વેપારીની ધરપકડ કરી હતી. વેપારી અહીં ભાડે દુકાન રાખી કેમિકલના ધંધાની આડમાં દારૂનો વેપલો કરતો હતો. આરોપી ગોવાથી ત્રણ મહિનાથી દારૂનો જથ્થો ટ્રાન્સપોર્ટ મારફત મંગાવી છૂટકમાં વેંપલો કરતો હતો.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા દારૂની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ પીસીબીના પીઆઇ



એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી હકીકતના આધારે વાવડી ૮૦ ફુટ રોડ પર વ્રજ ચોક પાસે ખોડલ ટાવર્સ દુકાન નંબર આઠમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે અહીં દુકાનમાંથી રૂપિયા ૨.૫૯ લાખની કિંમતનો ૮૬૪ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. દારૂના આ જથ્થા સાથે પોલીસે દીપેન છગનભાઈ લાડાણી (ઉ.વ. ૩૮ રહે. સોમનાથ એપાર્ટમેન્ટ ૩૦૩, સુખસાગર મેઈન રોડ, ગોવર્ધન ચોક, ૧૫૦ ફૂટ રીંગરોડ) ને ઝડપી તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી અહીં દુકાન ભાડે રાખી કેમિકલનો વેપાર કરે છે. જેની આડમાં તે દારૂનો વેપલો કરતો હતો. ત્રણેક મહિના પૂર્વે તે ગોવાથી ટ્રાન્સપોર્ટ મારફતે દારૂ જથ્થો મગાવ્યો હતો. અહીં માનીતા ગ્રાહકોને દારૂ સપ્પાલ કરતો હતો. આર્થિક સંકડામણના લીધે તેણે દારૂનો વેપલો શરૂ કરી દીધાનું રટણ કર્યું હતું. આ કામગીરીમાં પીસીબીના પીઆઇ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન અને પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજાની રાહબરીમાં એ.એસ.આઇ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઈ સોનારા,હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે, હરપાલસિંહ જાડેજા, જયેશભાઈ ગઢવી સાથે રહ્યા હતાં.

# આજી ડેમમાં મચ્છી પકડવા ગયેલા યુવકનું પાણીમાં ડૂબી જતા મોત

## ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ મૃતદેહ શોધ્યો: પરિવારમાં આભ ફાટ્યું તેવા દ્રશ્યો સર્જાયા

**અબતક રાજકોટ**

શહેરના આજીડેમમા મચ્છી પકડવા ગયેલ યુવક કોઈ કારણોસર ડૂબી જતા ઘટના સ્થળે નીપજ્યું હતું ઘટના પગલે તાત્કાલિક ફાયર બ્રિગેડની જાણ કરતા ટીમે તાત્કાલિક યુવક મૃતદેહની શોધખોળ હાથ ધરી મૃતદેહને બહાર કાઢી આજીડેમ પોલીસની ટીમ દોડી ગઈ હતી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના કોઠારીયા રોડ પર શીતલાધર ૨૫ વરિયામાં રહેતા કૌશિકભાઈ કાનજીભાઈ સોલંકી ઉંમર વર્ષ ૩૫ વર્ષીય યુવક ગઈ કાલે ૧૩ તા ના રોજ આજીડેમ માં મચ્છી મારવા ગયેલ હોય અને કોઈ કારણોસર ડૂબી ગયો હતો જેથી તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી અને ટીમે યુવકની લાંબી શોધખોળ બાદ ગઈ કાલે યુવકનો મળી આવ્યો હતા અને આજીડેમ પોલીસને જાણ કરતા ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવક પ્રાથમિક તપાસમાં મચ્છી મારવા જતા ડૂબી ગયા હોવાનું જાણવા મળ્યું છે મૃતક ભાઈ અને સંતાનમાં ત્રણ દીકરા અને બે પુત્રી પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ એચ ગોહિલ વધુ તપાસ ચાલવી રહ્યા છે

## ધીરૂભાઈના સપનામાં ૧૩ શૂન્ય ઉમેરતા મુકેશ અંબાણી

# પાંચ મજબૂત સ્તંભ પર જિયોનું વેલ્યુએશન ૧૦ લાખ કરોડને પાર

### દેશના સૌથી મોટા રૂ.30,000 કરોડના જાહેર ભરણાં સાથે પ૩ કરોડ ગ્રાહકો, મજબૂત નફાકારકતા અને સ્વનિર્મિત અદ્યતન ટેકનોલોજીના દમ પર જિયો બનશે વૈશ્વિક ડિજિટલ મહાસત્તા

**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જૂથની ડિજિટલ પાંખ 'જિયો પ્લેટફોર્મ્સ' દ્વારા ભારતીય શેરબજારના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો જાહેર ભરણું (આઈપીઓ) લાવવાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. કંપનીએ આ માટે પોતાના નિયમનકારી દસ્તાવેજો (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ) ફાઈલ કરી દીધા છે. આ ભરણાં માટે શેર દીઠ ₹૧,૦૬૫ થી ₹૧,૧૧૯ નો ભાવ પટ્ટો (પ્રાઈસ બેન્ડ) નક્કી કરાયો છે. આ અંતર્ગત કંપની ૨૭ કરોડ નવા શેર બહાર પાડીને આશરે ₹30,000 કરોડથી વધુ રકમ ઊભી કરશે, જેનાથી કંપનીનું કુલ બજાર મૂલ્યાંકન ₹૧૦.૩ લાખ કરોડ (આશરે ૧૦૮ અબજ અમેરિકી ડોલર) આંબી જશે. આ જાહેર ભરણું આગામી ૨૧ ઓક્ટોબરના રોજ રોકાણકારો માટે ખુલશે અને ૨૩ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. એકત્ર કરાયેલી મૂડીનો મુખ્ય હિસ્સો ટેલિકોમ કામગીરીનું દેવું ઘટાડવા તેમજ સામાન્ય વ્યાપારી હેતુઓ માટે વપરાશે.

સ્વર્ગસ્થ ધીરુભાઈ અંબાણીનું સ્વપન હતું કે સામાન્ય નાગરિક માટે ફોન કોલ પોસ્ટકાર્ડ કરતાં પણ સસ્તો બનવો જોઈએ અને સંચાર વ્યવસ્થા માત્ર સંપન્ન વર્ગ પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. તેમના આ વિઝનને પુત્ર મુકેશ અંબાણીએ આધુનિક ડિજિટલ યુગમાં વાસ્તવિકતામાં ફેરવ્યું. વર્ષ ૨૦૧૬માં કોમર્શિયલ લોન્ચિંગ પહેલાં જ તેમણે નેટવર્ક માળખા અને સ્પેક્ટ્રમમાં આશરે ૨૫ અબજ ડોલર (અંદાજે ₹૨ લાખ કરોડથી વધુ) નું મોટું જોખમ ઉઠાવ્યું હતું. શરૂઆતના તબક્કામાં મફત વોઈસ કોલ અને અત્યંત રાહતદરે ડેટા આપીને સમગ્ર ટેલિકોમ ઉદ્યોગનું માળખું બદલી નાખ્યું હતું. એક સમયે શૂન્ય કિંમતે આપેલી સેવાઓ આજે ₹૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (₹૧૦ લાખ કરોડ - ૧૩ શૂન્ય) ના વિશાળ કારોબારમાં પરિણમી છે.



#### મજબૂત નાણાકીય પરિણામો અને નફાકારકતા

ટેલિકોમ સેગમેન્ટમાં શરૂઆતના દાયકામાં જ જિયો પ્લેટફોર્મ્સે ઉત્કૃષ્ટ નાણાકીય વૃદ્ધિ નોંધાવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં કંપનીની કુલ કામગીરી આવક ₹૧,૪૬,૮૮૫.૩ કરોડ અને પરિચાલન નફો (એબિટા) ૫૧.૯૧ ટકાના માર્જિન સાથે ₹૭૬,૨૫૫.૪ કરોડ રહ્યો હતો. સમગ્ર નાણાકીય વર્ષ દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો ₹30,0૪૯.૧ કરોડ નોંધાયો હતો. જ્યારે જૂન ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીએ ₹૩૯,૧૭૨.૯ કરોડની આવક અને ₹૭,૭૬૪.૧ કરોડનો ચોખ્ખો નફો પ્રાપ્ત કર્યો છે.

#### ૫૩ કરોડથી વધુ ગ્રાહક આધાર અને અભેદ્ય નેટવર્ક

જૂન ૨૦૨૬ ના અંત સુધીમાં કંપની સાથે ૫૩.૩૩ કરોડ સક્રિય ગ્રાહકો જોડાયેલા છે. જિયોનું વાયરલેસ બ્રોડબેન્ડ દેશની ૯૯ ટકાથી વધુ વસ્તીને આવરી લે છે, જ્યારે ફિક્સ્ડ બ્રોડબેન્ડ સેવાઓ દેશના ૯૮ ટકા પિનકોડ વિસ્તાર સુધી વિસ્તરેલી છે. સમગ્ર ભારતમાં કંપની ૩,૬૦,૫૩૭ થી વધુ મોબાઈલ ટાવર્સ અને ૧૦ લાખ કિલોમીટરથી વધુ લાંબા ફાઈબર નેટવર્કનું નિયંત્રણ ધરાવે છે. દેશમાં વપરાતા કુલ વાયરલેસ ડેટામાંથી ૬૦ ટકા ડેટા ટ્રાફિક એકલા જિયોના નેટવર્ક પર ચાલે છે.

#### સ્વનિર્મિત અદ્યતન ટેકનોલોજી અને ૭,૨૨૦ પેટન્ટ

જિયો માત્ર સેવા આપતી સંસ્થા નથી રહી પરંતુ ઊંડાણપૂર્વક ટેકનોલોજી વિકસાવતી કંપની બની છે. કંપનીએ પોતાના સ્તરે 5G, ભવિષ્યના 6G અને 'જિયો બ્રેઈન' જેવા કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત સ્વનિર્મિત સોફ્ટવેર અને સિસ્ટમ તૈયાર કરી છે. કંપની અને તેની સહાયક શાખાઓ દ્વારા દેશ-વિદેશમાં કુલ ૭,૨૨૦ પેટન્ટ માટે અરજી કરવામાં આવી છે.

#### ઘર–ઘર બ્રોડબેન્ડ કનેક્ટિવિટીનું અભૂતપૂર્વ વિસ્તરણ

મોબાઈલ સેવાઓ ઉપરાંત જિયોફાઈબર અને જિયોએરફાઈબર થકી કંપની ફિક્સ્ડ બ્રોડબેન્ડ ક્ષેત્રે પણ અગ્રેસર બની છે. જૂન ૨૦૨૬ સુધીમાં કંપનીના ફિક્સ્ડ બ્રોડબેન્ડ વપરાશકારોની સંખ્યા ૨.૮૬ કરોડે પહોંચી ગઈ છે. નવી વાયરલેસ એરફાઈબર ટેકનોલોજી દ્વારા છેવાડાના વિસ્તારોમાં પણ ફાઈબર કેબલ નાખ્યા વિના સીધું અતિ-ઝડપી ઈન્ટરનેટ પહોંચાડવામાં આવી રહ્યું છે.

#### સંપૂર્ણ ડિજિટલ માળખું અને વૈશ્વિક બજારો પર નજર

પોતાના વિશાળ નેટવર્ક પર મનોરંજન, ડિજિટલ ટીવી, મ્યુઝિક અને ૧૫ થી વધુ અગ્રણી ઓટીટી માધ્યમોના સંકલન સાથે કંપની ગ્રાહક દીઠ આવકમાં સતત વધારો કરી રહી છે. સાથોસાથ, ભારતમાં સફળતાપૂર્વક ચકાસાયેલી પોતાની સ્વનિર્મિત ટેલિકોમ સોફ્ટવેર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તકનીકોને વિદેશી ટેલિકોમ કંપનીઓને વેચીને વૈશ્વિક સ્તરે આવક ઊભી કરવાની વ્યાપારી વ્યૂહરચના પણ કંપની અમલમાં મૂકી રહી છે.

# જૈન સમાજમાં શનિવારથી શાશ્વતી આયંબિલ ઓળીનો પ્રારંભઃ નવ દિવસ સુધી ચાલશે તપ-આરાધના

### આધ્યાત્મક સુખ સાથે આયુર્વેદિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ છે ઉત્તમ આરોગ્યદાયી તપ; રસ–ઈન્દ્રિય પર વિજય મેળવવાનો મહાપર્વ




**અબતક, રાજકોટ**

જૈન શાસનમાં વર્ષમાં બે વાર આવતી શાશ્વતી આયંબિલ ઓળી પર્વનો આસો માસમાં પુનઃ પ્રારંભ થઈ રહ્યો છે. સ્થાનકવાસી સમાજમાં શનિવારથી અને મૂર્તિપૂજક સમુદાયમાં રવિવારથી આસો આયંબિલ ઓળી શરૂ થશે. નવ દિવસ સુધી આરાધકો લુખ્ખુ, તેલ અને સબરસ (મીઠું) વગરનો દિવસમાં માત્ર એક જ વાર આહાર લઈને નીરસ તપની સાધના કરશે. આ દિવસોમાં 'નમો અરિહંતાણં' થી લઈને સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ધર્મની વિશેષ આરાધના કરાશે.

શાસ્ત્રો મુજબ, પરમાત્માએ સંયમ અને તપથી આત્માને ભાવિત કરવાનો સંદેશ આપ્યો છે. મહાવીરે પણ પોતાના સાધુ-સાધ્વીઓના આયંબિલ તપની પ્રશંસા કરી હતી. આધ્યાત્મિક દ્રષ્ટિએ આ તપથી કર્મોની નિર્જરા થાય છે, જ્યારે વૈજ્ઞાનિક અને આયુર્વેદિક દ્રષ્ટિએ મીઠું ઘટવાથી ચામડીના રોગો મટે છે અને રક્ત શુદ્ધ થાય છે. ડોક્ટરો અને યોગીજી પણ દીર્ઘાયુ તથા આરોગ્ય માટે મર્યાદિત આહાર અને તપને શ્રેષ્ઠ ગણાવે છે.



શાસ્ત્રોમાં શ્રીપાલ-મયણાની કાયા કંચનવર્ણી થવી, તામલી તાપસનું તપ અને ભરત ચક્રવર્તીના દ્રષ્ટિ પરિવર્તન જેવા અનેક દ્રષ્ટાંતો આયંબિલના પ્રભાવના પ્રતીક છે. આ તપથી સૌથી કઠિન એવી રસેન્દ્રિય (જીભ) પર વિજય મેળવી શકાય છે તપસ્વીઓ શાસનના અણમૂલ રત્નો છે; નવ દિવસ સળંગ ન થઈ શકે તો છટક-છટક આયંબિલ કરીને પણ તપના સંસ્કારો દ્રઢ કરી શકાય છે.

# કચ્છ માતાના મઢ ખાતે ૧૮મીએ રાજા બાવાશ્રી યોગેન્દ્રસિંહજી અધ્યક્ષસ્થાને ભવ્ય હોમાદિક ક્રિયા

### સોમવારે કચ્છ રાજવી પરિવાર માં આશાપુરાને સવારે જાતર (પતરી) ચડાવશે

**અબતક, રાજકોટ**

ભારતીય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલૌકિક, અનોખુ અને અજોડ છે. માતાના મઢમાં આશાપુરા શકિત પીઠ ખાતે આસો નવરાત્રી અને ચૈત્રી નવરાત્રી ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. આશાપુરાનું ૧૯મી સદીનું ભવ્ય તીર્થધામ છે. સૌરાષ્ટ્ર-ગુજરાત, મહારાષ્ટ્રમાંથી ભાવિકો પગપાળા, સાઈકલ દ્વારા વિશાળ સંખ્યામાં માતાજીના ગુણગાન ગાતા માં આશાપુરા ઉપર અપાર શ્રધ્ધા અને વિશ્વાસ સાથે ચરણ સ્પર્શ કરવા આવે છે. ભારતની ૧૦૮ શકિત પીઠોમાં માતાના મઢની ગણના થાય છે. માં આશાપુરાનું મંદિર ઉપર બાવન ગજની ધજા છે. નિજ મંદિરમાં વિશાળ ઘંટ છે. મુખ્ય મંદિર ૫૮ ફુટ લાબુ અને ૩૨ ફુટ પહોળુ છે. માં આશાપુરા વિશાળ કદની ૬ ફુટની પૂર્તિ છે. માં આશાપુરા મઢ ખાતે હોમાદિક ક્રિયાનું અતિ ભારે મહત્વ છે. લાખોની સંખ્યામા માની માનેલ માનતા અને શ્રધ્ધા આસ્થા સાથે ભાવિકો દર્શન કરવા આવે છે. આસો સુદ-૭ રવિવાર, તા.૧૮ના રાત્રીના ૮-૩૦ કલાકે રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજીના અધ્યક્ષસ્થાને ગોર મહારાજ દેવકૃષ્ણ મુળશંકર જોષી હોમાદિક ક્રિયાનો પ્રારંભ થશે. હોમાદિક ક્રિયા વિધિ સમયે દરેક દેવતાઓને આહવાન આપી ફળ, ફુલોથી હોમાદિક ક્રિયામાં આહુતિ આપવામાં આવશે. આ સમયે ચંડીપાઠ, શ્લોક, સંકાતિપાઠ, માંના ગરબા ગવાશે. આ સમયે વાતાવરણ ભક્તિમય બની જાય છે. મધ્યરાત્રિએ રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી રાત્રીના ૧૨:૧૫ કલાકે શ્રીફળ હોમશે. સમગ્ર વાતાવરણ માં આશાપુરાના નાદ સાથે ગુંજી ઉઠશે. તા.૧૮, સોમવાર, આસો સુદ આઠમના કચ્છ રાજવી પરિવારના કચ્છ ભાયાતો બારા સવારે માં આશાપુરાને જાતર(પતરી) ચડાવશે કચ્છ રાજવી પરિવાર ચાચરા



કુંડથી સામૈયા માથે સવારી બાવે છે. ત્યારે શરણવાદક આમદ ઓસમાણ લંગા, નોબતવાદક લતીફ હાસમ લંગા, જાગરીયા ડાફ મુસ્લીમ પરિવાર દ્વારા વિધિ કરવામાં આવે છે. આ સમયે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે. માં ભઆશાપુરા મંદિરમાં ભુવાશ્રી દિલુભા પોરાણ ગજુભા ચૌહાણ, અનિરુદ્ધસિંહ ચૌહાણ તથા ચૌહાણ પરિવાર દ્વારા માતાજીને ધ્રુપ સેવાપૂજા કરે છે. માં આશાપુર ધામમાં નિજ મંદિરની અંદર હનુમાનજી, ગણેશજી, શંકર-પાર્વતી, ખેતરપાળ દાદા તેમજ ચાચર કુંડ પાસે ચાચરા ભવાની માતાજીનું મંદિર આવેલ છે. માં આશાપુરા મંદિર પાસે માં હિંગળાજ માંનુ ભવ્ય મંદિર આવેલ છે. ત્યા પ્રકાશભાઈ છોટાલાલ પંડયા છેલ્લા ત્રણ પેઢીથી માતાજીની આરતી તેમજ સેવાપુજા કરે છે. તથા સ્થાનિક કક્ષાએ મયુરસિંહ જાડેજા સેવા આપે છે. આરતીનો સમય સવારના ૫.૦૦ કલાકે મંગળા આરતી સવારે ૧:૦૦ કલાકે ધૂપ આરતી તેમજ સુર્યાસ્ત સમય મુજબ સંધ્યા આરતી થાય છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટ સમગ્ર હોમાદિક ક્રિયા કરવામાં આવશે. રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી માં આશાપુરાને વંદનપૂર્વક પ્રાર્થના કરી સૌ દેશવાસીઓની મનોકામના માં આશાપુરા પૂર્ણ કરે તેવી વંદનપૂર્વક પ્રાર્થના કરશે, કચ્છ ભજવી પરિવારના સભ્યો -ભાયતો આ વિધિ તા.૧૦ સોમવાર સવારે ૨૦૦ કલાકે પત્રી (જાતર) વિધિ ધાર્મીક વિધિથી કરવામાં આવે છે. કચ્છ રાજવી પરિવારના ભાયતો માઈભકતો ની ઉપસ્થિતીમાં યોજાશે.

# પી.ડી. માલવિયા કોમર્સ કોલેજ ખાતે શનિવારે રકતદાન શિબિર યોજાશે

### પંકજસિંહ જાડેજાની પપમી જન્મતિથિ નિમીતે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજન

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના કર્તવ્ય નિષ્ઠ, પ્રમાણીક પોતાની કાર્યશૈલી દ્વારા લોકચાહના મેળવનાર તેમજ ઉચ્ચ મુલ્યો ધરાવનાર પંકજસિંહજી જાડેજાની ૫૫ મી જન્મતિથિ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, પી.ડી. માલવિયા કોમર્સ કોલેજ તથા ડેપ્યુટી કલેકટરશ્રી પંકજસિંહ જાડેજા મેમોરીયલ ગૃપના સંયુક્ત ઉપક્રમે ''રક્તદાન કેમ્પ''નું શનિવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦, પી.ડી. માલવિયા કોમર્સ કોલેજમાં આયોજન કરવામાં આવેલ છે. આ રકતદાન કેમ્પમાં રાજકોટના લોકલાડીલા ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાળા, મેયર ડો. નેહલભાઈ શુકલ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. સંજીવભાઈ ઓઝા, પી.ડી. માલવિયા કોલેજના ટ્રસ્ટી ઘનશ્યામભાઈ હેરભા તથા ટ્રસ્ટીઓ, પી.ડી. માલવિયા કોમર્સ કોલેજના આચાર્ય ડો. કમલેશભાઈ જાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સ્વ. પંકજસિંહજી દ્વારા કરવામાં આવેલ સમાજ સેવા અને પરોપકાર પ્રવૃતિને સાચી શ્રધ્ધાંજલી આપવાના ભાગરૂપે આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કેમ્પમાં એકત્ર થનાર રક્ત પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, રાજકોટના દર્દીઓના લાભાર્થે ઉપયોગ કરવામાં આવશે. આ રકતદાન કેમ્પમાં સ્વ. પંકજસિંહજીના પરિવાર, મિત્રો, રાજપૂત સમાજના અગ્રણીઓ, અગ્રગણ્ય નાગરીકો તથા સામાજીક કાર્યકરો પણ આ સ્તુત્ય કાર્યને બિરદાવવા તથા સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરવા ઉપસ્થિત રહેશે.



# જૈનમ નવરાત્રીમાં મુંબઈની ઓરકેસ્ટ્રા ટીમના સુરે યુવાધન હિલોળે ચડ્યું

### પ્યોર જૈન ફૂડ અને સુરક્ષિત પારિવારિક માહોલ વચ્ચે ખેલૈયાઓએ નવીનતમ સેલ્ફી ઝોન અને ફ્રી નેઈલ આર્ટનો લાભ લીધો




**અબતક, રાજકોટ**

નવરાત્રીના ચોથા નોરતે જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવમાં યુવા ખેલૈયાઓએ અદ્ભુત ઉત્સાહ સાથે રાસોત્સવ માણ્યો હતો. નવીનતમ ડેકોરેશન, એન્ટ્રી ગેટ, નાયનરસ્ય મેઈન સ્ટેજ, સેલ્ફીઝોન, લાઈટીંગ, વિશાળ વોટર કોલ, મુંબઈની ઓર્કેસ્ટ્રા ટીમ અને ખ્યાતનામ ગાયક કલાકારોના આકર્ષણોએ જૈન સમાજના યુવા વર્ગમાં ભારે ધમાકો મચાવ્યો છે. પ્યોર જૈન ફૂડ, સુરક્ષિત અને પારિવારિક માહોલને કારણે આ આયોજન સૌની પહેલી પસંદ બન્યું છે. આ મહોત્સવમાં શેઠ પરિવાર મહેમાન બન્યો હતો, જેણે અંબે માની આરતીનો લાભ લીધો હતો. ખેલૈયાઓ માટે ફીમેલ આઈની અને બિનાબેન શાહ, રીનાબેન કામદાર તથા રાહુલબેન સંઘવી દ્વારા સુંદર આર્ટ વર્ક કરવામાં આવ્યું હતું. ગાયક કલાકારોના ગીતો પર યુવાધન ઝૂમી ઉઠ્યું હતું. સિઝન અને ડેઈલી પાસ ધારકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. શૈલેષભાઈ માઢ, અતુલભાઈ શેઠ, દિલીપભાઈ શેઠ, હેમચંદભાઈ પાઢ અને ભાવેશભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધામાં ફ્લેયર, પ્રિન્સ, પ્રિન્સેસ, હીડ્સ અને વેલડ્રેસ કેટેગરીમાં ધાર્મિક શેઠ, અંકિતા વોરા, કુશાલ મહેતા, જત્વા ગાંધી, ધ્રૈવ ભાલાણી, આશવી મહેતા સહિતના ખેલૈયાઓ વિજેતા જાહેર થયા હતા. આ તમામ વિજેતાઓને બુધેલશાહ મહેતા, અમીષભાઈ દેસાઈ, ઉદયભાઈ ગાંધી, જયદત્તભાઈ સંઘાણી, ઉમંગભાઈ ગોસાલીયા, દર્શનભાઈ દેસાઈ, મનીષભાઈ કામદારી, વિરેન્દ્રભાઈ શાહ, જયેશભાઈ ગાંધી, શૈલેષભાઈ માંડ્રુ, કમલેશભાઈ માઢ, હેમચંદભાઈ કોઠારી સહિતના અગ્રણીઓના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૯૦૪મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

શીતલબેન અલકેશભાઈ કામદારનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન કરાવેલ છે. તે ખૂબ જ અનુકરણીય ઉદાહરણ પુરૂ પાડ્યું છે. જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃત્તિ અભિયાનમાં કુલ ૯૦૪મું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન સુધીરભાઈ પાંચાણીના સહયોગથી થયેલ છે.

# એર કંટ્રોલની બેવકૂફી બાદ પાયલોટની સતર્કતાથી વિમાન દૂર્ઘટના ટાળી

### મુંબઈ એટીસીના નવા રડાર સિસ્ટમમાં ખામી સર્જાતા ફ્રેન્કફર્ટથી દિલ્હી આવતી ફ્લાઈટને જયપુર ડાયવર્ટ કરાઈઃ સોફ્ટવેરની ખામી અંગે તપાસ શરૂ

**અબતક, નવી દિલ્હી**

બુધવારે આંતરરાષ્ટ્રીય રૂટ પરથી આવતી એક પેસેન્જર ફ્લાઈટમાં અચાનક હાઈજેકનો એલાર્મ વાગતા સુરક્ષા એજન્સીઓ અને મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. એર ટ્રાફિક કંટ્રોલની સિસ્ટમમાં કોઈ મોટી ટેકનિકલ ખામી સર્જાવાના કારણે પ્લેનના હાઈજેક થયાનો આ ખોટો સંદેશો જનરેટ થયો હતો. આ ગંભીર સંદેશાને પગલે પ્રોટોકોલ મુજબ તાત્કાલિક ધોરણે ફ્લાઈટને અન્ય શહેરના એરપોર્ટ પર ઈમરજન્સી ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ પર કલાકો સુધી મુસાફરો અને સામાનની સઘન સુરક્ષા તપાસ કરવામાં આવી હતી અને તપાસના અંતે આ માત્ર એક ખોટો એલાર્મ હોવાનું સામે આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનામાં ગંભીર બેદરકારી કે સિસ્ટમની ખામી અંગે ઉચ્ચસ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એર ઈન્ડિયાની ફ્રેન્કફર્ટથી દિલ્હી આવતી ફ્લાઈટ બુધવારે ઉડાન ભરી રહી હતી ત્યારે આ મોટી ઘટના બની હતી. આ બોઈંગ ૭૮૭ વિમાનમાં કુલ ૩૦૬ લોકો સવાર હતા. વિમાન જ્યારે હવામાં હતું ત્યારે અચાનક એવી સ્થિતિ નિર્માણ થઈ કે પાયલોટે કોઈ અનિચ્છનીય ઘટના કે હાઈજેક સમયે વપરાતો ગુપ્ત '૭૫૦૦' કોડ દાખલ કર્યો હોવાનો સંદેશો એર ટ્રાફિક કંટ્રોલને મળ્યો હતો. જોકે, પાયલોટ્સ દ્વારા આવો કોઈ જ કોડ દાખલ કરવામાં આવ્યો ન હતો, છતાં સિસ્ટમમાં આ એલાર્મ જનરેટ થતા સુરક્ષા પ્રોટોકોલના ભાગરૂપે વિમાનને દિલ્હીના બદલે જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર ઘટના પાછળ મુંબઈ એટીસી ખાતે તાજેતરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલી નવી રડાર સિસ્ટમની ખામી હોવાનું પ્રાથમિક તબક્કે મનાઈ રહ્યું છે. પશ્ચિમના દેશોમાંથી દિલ્હી તરફ આવતા વિમાનો મુંબઈના લાંબા એરરૂટ પરથી પસાર થતા હોય છે. જ્યારે સિસ્ટમમાં હાઈજેકનો સંદેશો મળ્યો ત્યારે મુંબઈ એટીસીના નવા રડાર સ્ક્રીન પર આ વિમાનનું બિંદુ લાલ રંગનું થઈ ગયુ હતુ અને એલાર્મ વાગવા લાગ્યો હતો. એલાર્મ વાગતા જ મુંબઈ એટીસીએ તાત્કાલિક ફ્લાઈટના પાયલોટ્સ સાથે સંપર્ક સાધ્યો હતો, જેમાં પાયલોટ્સે ફ્લાઈટમાં બધું જ સામાન્ય હોવાનો રિપોર્ટ આપ્યો હતો. પરંતુ આવા સંવેદનશીલ કિસ્સાઓમાં સુરક્ષા નિયમોનું પાલન કરવું ફરજિયાત હોવાથી પ્લેનને જયપુર ઉતારવાનો આદેશ અપાયો હતો.

હાઈજેકના ખોટા એલર્ટ બાદ વિમાનને સવારે ૧૧ વાગ્યાની આસપાસ જયપુર એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવ્યું હતું અને તેને એક રિમોટ બેમાં પાર્ક કરવામાં આવ્યું હતું. શરૂઆતના બે કલાક સુધી તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને વિમાનની અંદર જ બેસાડી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સુરક્ષા એજન્સીઓએ તમામને બહાર કાઢીને મુસાફરો, તેમના સામાન અને આખા વિમાનની સઘન ચકાસણી હાથ ધરી હતી. કલાકો સુધી ચાલેલી આ કડક તપાસમાં કોઈ જ શંકાસ્પદ વસ્તુ ન મળતા અને સુરક્ષા એજન્સીઓ દ્વારા કિલયરન્સ આપવામાં આવતા બપોરે ૨:૩૦ વાગ્યા પછી એ જ ક્રૂ સાથે વિમાન દિલ્હી જવા રવાના થયું હતું.

પાયલોટ્સના મતે વિમાનની અંદર જાતે જ '૭૫૦૦' કોડ સેટ થઈ જાય તેવી શક્યતા લાખોમાં એકાદ હોય છે, કારણ કે આ માટે દરેક આંકડો મેન્યુઅલી દાખલ કરવો પડે છે. આથી, મુંબઈ એટીસીની નવી સિસ્ટમમાં જ કોઈ સોફ્ટવેર ખામી સર્જાઈ હોવાની આશંકા સાથે ઉડ્ડયન અને સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી છે.

આ ઘટનાને પગલે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા માં એર નેવિગેશન સર્વિસિસના સભ્ય સહિતના મહત્વના હોદ્દાઓ ખાલી હોવાનો મુદ્દો પણ સપાટી પર આવ્યો છે. બીજી તરફ, એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતુ કે સુરક્ષાના કારણોસર વિમાનને ડાયવર્ટ કરાયું હતું, પરંતુ મુસાફરોની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને મુસાફરોને પડેલી અગવડતા બદલ અમે ખેદ વ્યક્ત કરીએ છીએ.

# સદ્ગુરૂ સદન ટ્રસ્ટ દ્વારા રાહત દરે મીઠાઈ વિતરણ

**અબતક, રાજકોટ**

પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ શ્રી સદ્ગુરૂ સદન ટ્રસ્ટ રાજકોટ સંચાલિત શ્રી સદ્ગુરૂ સામગ્રી ભંડાર દ્વારા દશેરાના પવિત્ર તહેવાર નિમિતે ઘેર લઈ જવા માટે ખૂબ જ ઓછી ખાંડવાળા ખાજલી મીઠા સાટા એકદમ વ્યાજબી અને રાહતદરે ભાવે ૧ કિલો રૂા.૨૦૦ લેખે વહેલા તે પહેલાનાં ધોરણે તા.૧૭/૧૦/૨૬થી તા.૨૦/૧૦/૨૬ સુધી વેચાણ કરવામાં આવશે.

રસ ધરાવતાઓએ સવારે ૮:૦૦ થી ૧:૦૦ તથા બપોરે ૪:૦૦થી રાત્રિના ૯:૦૦ વાગ્યા સુધી, પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ શ્રી સદ્ગુરૂ સદન ટ્રસ્ટ, રાજકોટ સંચાલિત શ્રી સદ્ગુરૂ સામગ્રી ભંડારનો સંપર્ક સાધવો.

# “અબતક સુરભી રાસોત્સવ”ના આંગણે મોંઘેરા મહેમાનોના સાનિધ્યમાં ખેલૈયાઓ ખીલ્યાં




તસવીરઃ શૈલેષ વાડોલિયા





## ગાયકોએ પોતાના અંદાજ અને અવાજથી ખેલૈયાઓને કર્યા ઓળઘોળ

શક્તિ અને આરાધનાના પર્વ એવા નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. નવરાત્રીના ચોથા નોરતે ‘‘અબતક સુરભી રાસોત્સવ‘‘માં ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા. આ ભવ્ય આયોજનમાં અદભુત સૂર અને તાલના સંગમ સાથે ઉપસ્થિત ગાયક કલાકારો માર્ગી પટેલ, મિલન મહેર, જીતુદાન ગઢવી, શ્યામલ જાદવ, અનિતા શર્મા અને અલંકાર મોહ્તલીયાએ પોતાના અંદાજ અને અવાજથી ખેલૈયાઓને સંપૂર્ણપણે ઓળઘોળ કરી દીધા હતા.ગાયક કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા પ્રાચીન ગરબા, ટ્રેડિશનલ ધૂન અને આધુનિક રીમિક્સ ગીતોએ ગ્રાઉન્ડ પર હાજર હજારો ખેલૈયાઓને થનગનાટ કરવા મજબૂર કરી દીધા હતા. સંગીતના તાલે સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા હતા. નવરાત્રીના ચોથા દિવસે યુવાધન અને ખેલૈયાઓમાં અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલા ખેલૈયાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને મોડી રાત સુધી ગ્રાઉન્ડ ગુંજતું રહ્યું હતું.



તસવીરઃ પ્રવિણ દોંગા

## જિલ એન્ટરટેઈન્મેન્ટનાં સથવારે ખેલૈયાઓ મન-મૂકીને ડોલી ઉઠ્યાં

અબતક-સુરભી રાસોત્સવ’ના આંગણે ઘૂમી માઁ જગદંબાની આરાધના કરવા માટે ખેલૈયાઓમાં જબ્બરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ખ્યાતનામ ગાયક કલાકારો, વિશ્વ પ્રસિદ્ધ સાજીંદાઓ અને રાસરસિકો તથા પ્રેક્ષકોને જકડી રાખતા એન્કર ઉપરાંત જડબેસલાક સિક્યુરિટી વ્યવસ્થાના કારણે ‘અબતક-સુરભી’ રાસોત્સવ માત્ર રાજકોટ કે સૌરાષ્ટ્ર નહિ પરંતુ ગુજરાતભરમાં પોતાની એક અલગ જ ઓળખ ધરાવે છે.

રાજકોટના રાસરસિકોની પહેલી પસંદ વર્ષોથી માત્રને માત્ર ‘અબતક-સુરભી રાસોત્સવ’ રહ્યું છે. ૧ લાખ વોલ્ટના સાઉન્ડનાં સથવારે ઓરકેસ્ટ્રા જિલ એન્ટરટેઈન્મેન્ટનાં ગ્રુપના સથવારે ખેલૈયાઓ મન-મૂકીને ડોલી ઉઠ્યા હતા.



પરંપરા ચોથા દિવસે પણ અકબંધ રહી હતી હૈયે હૈયું દળાય તેવી મેદની અને નાના બાળકથી લઈ યુવાનો અને મોટેરા ખેલૈયાઓએ વિવિધ વેશભૂષા અને પરંપરાગત શણગાર સાથે ‘‘અબતક સુરભી રાસોત્સવ‘‘ની રોનક વધારી હતી.શરૂઆતથી કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધી નિરંતર આનંદ ઉત્સાહ સતત વધતો રહ્યો હતો. ખેલૈયાઓ કલાકારો અને આમંત્રિત મહેમાનો સાથે પ્રબુદ્ધ શ્રોતાઓ દ્વારા અબતક સુરભી પરિવારના રાસોત્સવની વ્યવસ્થા અને પારિવારિક માહોલની સરાહના કરી હતી. અદ્યતન સાઉન્ડ

રાસોત્સવ’ ખેલૈયાઓમાં હોટ ફેવરેટ બની ને પ્રાચીન પરંપરા માતાજીની આરાધના



રાસોત્સવમાં નિર્મલ વાળા, ઘનશ્યામ વાળા, શ્રવણસિંહ, નાથુસિંહ વાળા સહિતના ખાસ ઉપસ્થિત રહ્યા







ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ભાજપ અગ્રણી ચેતન રામાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ અગ્રણી અને જાણીતા ધારાશાસ્ત્રી અશોકસિંહ વાઘેલા સહિતના મહાનુભાવોની ઉત્સાહવર્ધક ઉપસ્થતિથી ખેલૈયાઓનો ઉત્સાહ સાતમા આસમાને

**અબતક, રાજકોટ**

માત્ર રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રના નંબર-૧ રાસોત્સવ ‘‘અબતક સુરભી‘‘ના આંગણે રોજ મોંઘરા મહેમાનોની વિશેષ ઉપસ્થતિમાં રાસવીરોના ઉત્સાહમાં વધારો કરી રહી છે. નવરાત્રિ મધ્યાહને ભારે જમાવટ થઈ રહી છે. નામી સીંગર અને વર્લ્ડ કલાસ ઓરકેસ્ટાથી માહોલ વધુ રંગીન બની રહ્યો છે.ચોથા નોરતે ‘અબતક સુરભી રાસોત્સવ’માં માનવંતા મહેમાનોએ ઉપસ્થિત રહી સમગ્ર આયોજનને ચાર ચાંદ લગાવી દીધું હતું. ચોથા નોરતે ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા,

પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ભાજપ અગ્રણી ચેતન રામાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ અગ્રણી અને જાણીતા ધારાશાસ્ત્રી અશોકસિંહ વાઘેલા સહિતના મહાનુભાવોની ઉત્સાહવર્ધક ઉપસ્થતિથી ખેલેયાઓનો ઉત્સાહ સાતમા આસમાને પહોંચાડ્યો હતો.

રાજકોટ સહિત સમગ્ર ગુજરાત અને દેશભરમાં નવરાત્રી મહોત્સવની આસ્થા પૂર્વક આનંદમય વાતાવરણમાં ઉજવણી થઈ રહી છે ત્યારે રંગીલા શહેર સંસ્કૃત પ્રિય નગર અને દરેક તહેવારોને મન ભરીને માળનાર રાજકોટમાં ’અબતક સુરભી સાથે અર્વાચીન રાસોત્સવના પારિવારિક માહોલથી ‘‘અબતક સુરભી‘‘ ચોથા દિવસે માનવ મહેરામણનુ હૈયુ દડાઈ તેવી મેદની અને ખેલૈયાઓ સાથે શહેરના સામાજિક રાજકીય આગેવાનો સહિત ‘‘અબતક સુરભી‘‘ના દરબારમાં જાણે કે પારિવારિક મેળાવડો જામ્યો હોય તેમ ખેલૈયા થી લઈ મહાનુભાવો આફરીન થઈ ગયા હતા.

‘‘અબતક સુરભી‘‘માં પ્રથમ નોરતાથી જ દરરોજ શ્રોતાઓ અને ખેલૈયાઓની સંખ્યામાં વધારાની સિસ્ટમ પ્રખ્યાત બોલીવુડ ફ્રેમ કલાકારો સિક્યુરિટી બેઠક વ્યવસ્થા ખેલૈયાઓને મોકળું મેદાન અને ફૂડ ઝોન તેમજ તપતા સુરજ જેવી રોશનીથી ‘‘અબતક સુરભી‘‘ ખૈલેયાઓ માટે મનગમતું સ્થળ બની રહ્યું છે.

# સોનમ ગરબામાં રાસવીરોની રંગત

## વિશ્વ વણિક સમાજ સંગઠન અને જૈન વિઝન આયોજિત રાસોત્સવમાં જામતી હકડેઠઠ ભીડઃ અવનવા વસ્ત્રોમાં સજ્જ બાળકો અને યુવાધનને ગરબે રમતા નિહાળવા લ્હાવો





**અબતક, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર શિતલ પાર્ક ચોકડી પાસે નયનરમ્ય ગ્રાઉન્ડમાં વિશ્વ વણિક સમાજીક સંગઠન અને જૈન વિઝન આયોજિત સોનમ ગરબા રાસોત્સવને ખેલૈયાઓ અને દર્શકોએ નંબર -વનનુ બિરુદ આપ્યું છે. નવનાત સમાજના યુવક-યુવતીઓ અને બાળકો માટે યોજાયેલા આ રાસોત્સવની વ્યવસ્થા અને પારિવારિક માહોલને લીધે શહેરના મહાનુભાવો પણ પ્રભાવિત થયા છે અને આ સુંદર આયોજન બદલ આયોજકોને અભિનંદન આપ્યા છે.

આ રાસોત્સવમાં રોજેરોજ પ્રાચીન અને અર્વાચીન ગરબાની જાણે કે હરીફાઈ જામે છે. સિંગરો પણ ખેલૈયાઓની ફરમાઈશના આધારે નવા-જુના ગીતો રજૂ કરીને પોરસ ચડાવતા હોય છે.

આ વખતે ખેલૈયાઓને જોશભેર ગરબા રમાડવા માટે સૌરાષ્ટ્રનું સુપ્રસિધ્ધ ઓર્કેસ્ટ્રા ધમાલ મચાવી રહ્યા છે. એ સિવાય પણ અનેક આકર્ષણ છે. ખાસ કરીને ૧૦૦૦૦૦ વોટ ની અદભુત

(અનુ. આઠમા પાને)

# સહિયર રાસોત્સવમાં નોરતાની રઢિયાળી રાતે ટીટોડાના તાલે યુવાધન ઝૂમી ઉઠ્યું

## સાંસદ પરસોત્તમ રૂપાલા સહિતના અગ્રણીઓએ રાસની રમઝટ માણીઃ આસ્થા વાડોલીયા ગ્રૂપ’ને શ્રેષ્ઠ ગ્રુપનું ઈનામ મળ્યું



**અબતક, રાજકોટ**

સહિયર કલબ દ્વારા આયોજિત રાસોત્સવમાં ચોથા નોરતાની રઢિયાળી રાત્રે ઉત્સાહપૂર્ણ અને સાંસ્કૃતિક રંગત જામી હતી. રાસની રંગતમાં શૌર્ય, પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ જુસ્સાદાર રાહડા, હીંચ, ટીટોડો, ટીમલી અને ડાકલા સાથે ‘શિવાજીનું હાલરડું’ તથા ‘ઘડ ધીંગાણે’ જેવા ગીતો પર ખેલૈયાઓએ રાસડાની રમઝટ બોલાવી હતી. આ ઉત્કૃષ્ટ આયોજન બદલ સુરેન્દ્રસિંહ વાળાને ઉપસ્થિત મહેમાનોએ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે સાંસદ પરસોત્તમ રૂપાલા, પ્રદેશ ભાજપ અગ્રણી ડો. ભરત બોધરા, કમલેશ મીરાણી, પુષ્કર પટેલ, મનિષભટ્ટ, દિલીપ લુણાગરીયા સહિતના વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાહુલ મહેતા, પૂનમ ગોંડલીયા અને તેજસ શિશાંગીયાના સંગીત નિયોજન સાથે ખેલૈયાઓએ મન મૂકીને રાસ માણ્યો હતો.

ચોથા નોરતે સીનિયર પ્રિન્સ તરીકે પારસ મકવાણા અને પ્રિન્સેસ તરીકે ક્રિપા વાછાણી તેમજ જુનિયર અને વેલડ્રેસ શ્રેણીમાં દેવ ગોહેલ, જીયા ડોડીયા, પૂર્વલ દવે અને મહિમા મકવાણા સહિતના પ્રતિસ્પર્ધીઓ વિજેતા જાહેર થયા હતા. આ તમામ વિજેતાઓને માન્યવરો અને કલાકારોના હસ્તે પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શ્રેષ્ઠ ગ્રુપનું ઈનામ ’આસ્થા વાડોલીયા ગ્રૂપ’ને આપવામાં આવ્યું હતું.


A Time
to turn within !
A Time
to experience
INNER PURITY!
Scan to
Register
In Sanidhya of
Param Namramuni Gurudev
SAIYAM
Bhaav Sadhana
(Bhaav Updhan Tapp)
29th NOV - 09th DEC 2026
PARAMDHAM
Paramdham Sadhna Sankul
• Valkas •

# જંગલેશ્વર ડિમોલિશન બિલકાંડમાં બે-ત્રણ અધિકારીઓ સામે આકરી કાર્યવાહીના સંકેત

## તપાસ સમિતિએ મ્યુનિસિપલ કમિશનર તુષાર મહેતા સમક્ષ રિપોર્ટ મૂકી દીધો, હવે ગમે ત્યારે પગલાંની વાકી

**અબતક રાજકોટ**

કોર્પોરેશન દ્વારા ગત ફેબ્રુઆરી માસમાં વોર્ડ નં.૧૬માં જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ડિમોલિશનમાં થયેલા ભોજન, નાસ્તા, પાણીની બોટલ અને ફોટોગ્રાફી સહિતના ખર્ચનો વિવાદ રાજ્યભરમાં ગુંજ્યો હતો.વિવાદ ફાટી નીકળતા છ અધિકારીઓની તપાસ સમિતિએ બનાવામાં હતી.જેને તપાસ રિપોર્ટ મ્યુનિસિપલ કમિશનરને સોંપી દીધો હોવાનું જાણવા મળે છે. આ રિપોર્ટમાં કેટલાક અધિકારીઓની બેદરકારી કે નાણાકીય અનિયમિતતા અંગે નોંધ કરવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે ટૂંક સમયમાં મોટા કડાકા ભડાકા ની શક્યતા જોવા મળી રહી છે.

જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલિશનમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે કરાયેલા ભોજન-નાસ્તાના ખર્ચનું બિલ રૂ. ૨૭ લાખને પાર પહોંચ્યું હોવાનું સામે આવ્યું હતું. પાણીની બોટલ સહિતની કેટલીક વસ્તુઓ ઊંચા ભાવે ખરીદવામાં આવી હોવાના આક્ષેપો પણ થયા હતા. ડિમોલિશન બાદ ભોજન, નાસ્તા, પાણી, ફોટોગ્રાફી સહિતના જુદા-જુદા ખર્ચની રૂ. ૨૭ લાખથી વધુની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી હતી. જોકે, ટેન્ડર પ્રક્રિયાના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હોવાનું જણાવી નવા શાસકોએ આ દરખાસ્ત નામંજૂર કરી હતી. વિવાદ થયા મેયરે ડો.નેહલ શુકલએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવવાનો આગ્રહ કર્યો હતો. આ પગલે કમિશનર તુષાર સુમેરાએ ખાસ તપાસ સમિતિની રચના કરી હતી.પ્રારંભમાં ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણીને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ તટસ્થ તપાસ માટે રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારી અને પીજીવીસીએલના એમ.ડી.ને સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ઉચ્ચ અધિકારીઓની બદલી થતાં સમિતિના અધ્યક્ષ પણ બદલાયા હતા. હાલ પીજીવીસીએલના એમ.ડી. ચુડાસમાના અધ્યક્ષસ્થાને ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, આસિસ્ટન્ટ કમિશનર ભરત કાથરોટિયા, ચીફ એકાઉન્ટન્ટ અમિત સવજિયાણી અને ટેક્નિકલ સિટી ઈજનેર પરેશ અઢિયા સહિત છ સભ્યોની સમિતિએ તપાસ પૂર્ણ કરી હોવાનું જાણવા મળે છે.

સમિતિની તપાસમાં બિલોની ખરાઈ, ખરીદીના દર, ટેન્ડર પ્રક્રિયા, ખર્ચને મંજૂરી આપવાની સત્તા અને સંબંધિત અધિકારીઓની જવાબદારી સહિતના મુદ્દાઓ ચકાસવામાં આવ્યા છે. રેટ કોન્ટ્રાક્ટ મુજબ થયેલા વાજબી ખર્ચને મંજૂરી મળી શકે છે, જ્યારે નિયમભંગ અથવા બેદરકારી સાથે સંકળાયેલા ખર્ચ માટે જવાબદારી નક્કી થઈ શકે છે. તપાસમાં બે-ત્રણ અધિકારીઓની ભૂમિકા સામે સવાલ ઊભા થયા હોવાની અને તેઓને કડક કાર્યવાહીનો સામનો કરવો પડી શકે તેવી ચર્ચા ચાલી રહી છે. જોકે, સત્તાવાર રિપોર્ટ જાહેર ન થાય ત્યાં સુધી કોઈ અધિકારીને દોષિત ઠેરવવો યોગ્ય ગણાશે નહીં.તપાસ સમિતિનો સત્તાવાર રિપોર્ટ મળ્યા બાદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા આગળની કાર્યવાહી નક્કી કરશે. કમિશનર રિપોર્ટ જાહેર કરે તો ડિમોલિશન દરમિયાન કેટલા લોકો માટે અને કેટલા દિવસ સુધી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી, ખરીદી કયા ભાવે થઈ હતી અને ટેન્ડર વિના ખર્ચ કરવાની જવાબદારી કોની હતી તે સહિતની હકીકતો સામે આવી શકે છે.

તપાસ દરમિયાન કોઈ ગેરરીતિ, બેદરકારી, બદઈરાદો કે નાણાકીય અનિયમિતતા જણાશે તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવાની શક્યતા છે. બીજી તરફ, નિયમ મુજબ થયેલા ખર્ચ અંગે પણ રિપોર્ટમાં સ્પષ્ટતા કરવામાં આવે તેવી અપેક્ષા છે. હવે કમિશનર આ રિપોર્ટ ક્યારે જાહેર કરે છે અને જવાબદારો સામે કેવાં પગલાં લે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# એસટી નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો

## મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણીથી કરાશે, હર્ષ સંઘવીની જાહેરાત

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ વધારા બાદ કર્મચારીઓને હવે ૬૦ ટકાના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણી કરાશે. આ પહેલાં જૂન ૨૦૨૬માં મોંઘવારી ભથ્થું ૩ ટકા વધારીને ૫૫માંથી ૫૮ ટકા કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના આ નિર્ણયથી ગુજરાત એસટી નિગમના કર્મચારીઓને આર્થિક રાહત મળશે. મોંઘવારીના સમયમાં પગાર સાથે મળતા ભથ્થામાં વધારો થવાથી કર્મચારીઓની આવકમાં વધારો થશે. એરિયર્સની ચુકવણીથી કર્મચારીઓને વધારાનો નાણાકીય લાભ પણ મળશે.

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર ૬ મહિને એની ગણતરી કરવામાં આવે છે.

એ સંબંધિત પગારધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે. ગુજરાત એસ.ટી. કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગણવામાં આવે છે. સામાન્ય રીતે સાતમા પગાર પંચ હેઠળ તેની ગણતરી એક ચોક્કસ ફોર્મ્યુલા અને સરકારી મંજૂરીના આધારે થાય છે.

એસ.ટી.માં શરૂઆતમાં ફિક્સ પગાર પર જોડાતા કર્મચારીઓને આ મોંઘવારી ભથ્થાનો લાભ મળતો નથી. આ લાભ માત્ર નિયમિત સ્કેલ મેળવતા કર્મચારીઓને જ મળે છે.

# ૧૫ વર્ષીય સગીરા સાથે અડપલા કરનાર કરશન ગમારાની જામીન કોર્ટે ફગાવ્યા

## સગીરાની છેડતી. કરી અન્ય આરોપી સાથે ફ્રેન્ડશીપ રાખવા દબાણ કર્યાનો આરોપ

**અબતક, રાજકોટ**

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા પરિવારની સગીર પુત્રી સાથે અડપલા કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા કરસન ગમારા ની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ ગાંધીગ્રામવિસ્તારમાં રહેતા ફરિયાદીની ૧૫ વર્ષને ૨ માસ વાળીને પુત્રીને જામનગર રોડ પર ન્યુ કોર્ટ બિલ્ડીંગ સામે રહેતો કરશન ડાયા ગમારા નામના શખસે શારીરિક અડપલા કરી અન્ય આરોપી સાથે ફ્રેન્ડશીપ રાખવા માટે દબાણ કરતો હોવાની યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં તારીખ ૧૦-૭-૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે કરશન ડાયાભાઈ ગમારા ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ ગુના ને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.જેલ હવાલે રહેલા કરશન ગમારાએ ચાર્જશીટ બાદ જામીન ઉપર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જામીન અરજી સુનાવણી પર આવતા જેમા બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે કરસન ગમારા સામે સમાજ વિરોધી ગુનો છે અને આરોપીની ઉંમર જોઈએ તો ૪૦ વર્ષની છે જ્યારે સગીરા માત્ર ૧૫ વર્ષ બે માસની છે તેણીની સાથે શારીરિક અડપલા કર્યા હોય અને અન્ય આરોપી સાથે ફ્રેન્ડશીપ રાખવા માટે દબાણ કરતો હોય આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં જે દલીલ ધ્યાને લઈ સેશન્સ જજ પી જે કાયસ્થએ કરશન ગમારાએ ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટસનો રેડી-ટુ-ડ્રિંક ડેરી ક્ષેત્રમાં પ્રવેશ

## ડેરી સામગ્રીઓથી બનેલું જોયલેન્ડ માત્ર રૂ.૨૦માં પોષ્ટિકતા અને સ્વાદ આપશે




**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની એફએમસીજી પેટાકંપની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડએ આજે તમિલનાડુમાં જોયલેન્ડ ફ્લેવર્ડ મિલ્કના લોન્ચિંગ થકી રેડી-ટુ-ડ્રિંક ડેરી માર્કેટમાં પ્રવેશ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. અસલ ડેરી પદાર્થોથી બનેલું અને માત્ર રૂ.૨૦ની કિંમતે મળતું જોયલેન્ડ ગ્રાહકો માટે સ્ટ્રોબેરી અને વનીલા જેવા સ્વાદિષ્ટ ફ્લેવર્સમાં આવ્યું છે.

આ લોન્ચિંગ સાથે કંપનીએ પોતાના ટોટલ બેવરેજ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યો છે, જે ગ્રાહકોને 'વ્યાજબી કિંમતે વર્લ્ડ ક્લાસ પ્રોડક્ટ્સ' આપવાની તેમની નિષ્ઠાને વધુ મજબૂત કરે છે. 'ઓછી કિંમતે વિશ્વસ્તરીય ગુણવત્તા' આપવાના કંપનીના વચનને પૂરું કરતાં જોયલેન્ડ એક રેડી-ટુ-ડ્રિંક પેકિંગમાં અસલી સ્વાદ અને ઉત્તમ ગુણવત્તાનો અનુભવ આપે છે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ડિરેક્ટર ટી. કૃષ્ણાકુમારે જણાવ્યું હતું કે રેડી-ટુ-ડ્રિંક ડેરી માર્કેટમાં અમારો આ પ્રવેશ આરસીપીએલના પોર્ટફોલિયોને વિસ્તારવા અને ગ્રાહકોને વધુ વિકલ્પો પૂરા પાડવાની દિશામાં એક મહત્વનું કદમ છે. જોયલેન્ડ ડ્રીંક થકી અમે ડેરીની અસલ સામગ્રીઓ, શ્રેષ્ઠ ગુણવત્તા અને બધાને પરવડે તેવી કિંમતનો સંગમ લાવી રહ્યા છીએ, જેથી વધુને વધુ લોકો સુધી સર્વશ્રેષ્ઠ વસ્તુ પહોંચાડી શકીએ.

તમિલનાડુથી આ સફરની શરૂઆત થઈ રહી છે અને અમે જોયલેન્ડને એક વિશાળ ડેરી બેવરેજ બ્રાન્ડ તરીકે વિકસાવીશું અને ધીરે ધીરે સમગ્ર ભારતમાં તેનો વિસ્તાર કરીશું.

# હપ્તા ન ભરનાર ચાર લાભાર્થીઓના આવાસ રદ્દ કરતું રૂડા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જુદી-જુદી સાઈટ ખાતે લાભાર્થીઓને આવાસો ફાળવવામાં આવેલ છે. આ પૈકી કેટલાક લાભાર્થી આવાસધારકો દ્વારા રૂડાનાં હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવ્યા નથી. જે આવાસધારકોના આવાસો રદ કરવામાં આવ્યા છે. તેમાં અવધ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, ઓમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી અને આદર્શહાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીનો સમાવેશ થાય છે. આ બાબતે સંબંધિત આવાસધારકોએ કોઈપણ પ્રકારનાં વાંધાવચકા કે રજુઆતો કરવાની હોય તો દિન-૭માં રૂડા કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની આવાસ શાખાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# એસએમસીના દરોડાના પગલે, આડેસર પીઆઈ જે.બી. આચાર્ય લીવ રિઝર્વમાં

## બી.વી. બોરીસાગર બન્યા આડેસરના પી.આઈ , એસઓજીના એમ.સી. વાળાને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ

**અબતક, રાજકોટ**

પૂર્વ કચ્છ જિલ્લામા રાપર તાલુકાના ભીમાસર ગામે બંધ મકાન અને દુકાનમાં વિદેશી દારૂનો સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા ના પગલે ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી કરવામાં આવી છે. સ્થાનિક પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આડેસર પોલીસ મથકના પીઆઈ જે.બી. આચાર્ય લીવ રિઝર્વમાં બદલી કરી તેમના સ્થાને બી.વી. બોરીસાગરની નિમણૂક કરવામાં આવી છે એસઓજી પીઆઈ એમ સી વાળાને સાયબર ક્રાઈમની વધારાની જવાબદારીની ફાળવણીનો હુકમ કરવામાં આવ્યો છે. વધુ વિગત મુજબ પૂર્વ કચ્છ જિલ્લા આડેસર પોલીસ મથક વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ૬૫.૯૫ લાખના વિદેશી દારૂના દરોડાના પગલે જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના ત્રણ અધિકારીઓની આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં આડેસર પોલીસ સ્ટેશનના પી.આઈ જે.બી. આચાર્યની લીવ રિઝર્વમાં બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ હાલ પી.આઈ બી.વી. બોરીસાગરને આડેસર પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૫૧૧ | ૧૯૧૮ | ૩૮૮૨ |
| પપૈયા | ૧૦ | ૧૮૯ | ૩૭૯ |
| ટમેટા | ૩૯૨૧ | ૨૭૮ | ૪૮૬ |
| સુરણ | ૧૫ | ૪૨૨ | ૬૩૧ |
| કોથમરી | ૪૫૭ | ૩૫૪ | ૭૯૩ |
| મુળા | ૭૭ | ૨૧૫ | ૪૨૭ |
| રીંગણા | ૮૪૩ | ૩૧૨ | ૬૮૯ |
| કોબીજ | ૨૬૮ | ૬૫ | ૧૨૮ |
| ફ્લાવર | ૧૩૬ | ૨૧૩ | ૩૯૭ |
| ભીંડો | ૩૨૪ | ૬૧૨ | ૯૭૭ |
| ગુવાર | ૨૪૧ | ૮૧૬ | ૧૫૮૦ |
| ચોળાસીંગ | ૭૨ | ૭૨૩ | ૧૦૧૨ |
| વાલોળ | ૧૪૨ | ૭૭૬ | ૧૧૬૫ |
| ટીંડોળા | ૯૦ | ૩૧૧ | ૬૯૨ |
| દુધી | ૪૫૨ | ૧૩૯ | ૨૬૪ |
| કારેલા | ૧૮૭ | ૩૨૫ | ૫૧૮ |
| સરગવો | ૮૫ | ૬૫૮ | ૧૩૦૫ |
| તુરીયા | ૧૨૯ | ૪૨૩ | ૬૧૯ |
| પરવર | ૧૨૨ | ૬૮૨ | ૮૭૯ |
| કાકડી | ૪૪૧ | ૩૮૭ | ૮૮૫ |
| ગાજર | ૧૨૩ | ૩૧૨ | ૪૮૮ |
| વટાણા | ૧ | ૨૪૧૧ | ૨૯૯૨ |
| તુવેરસીંગ | ૧૮ | ૬૨૧ | ૮૮૩ |
| કંટોળા | ૧૨ | ૧૦૨૪ | ૧૪૩૧ |
| ગલકા | ૨૨૮ | ૩૧૨ | ૫૩૩ |
| બીટ | ૯ | ૩૮૪ | ૫૯૧ |
| મેથી | ૫૫ | ૮૪૯ | ૧૫૫૨ |
| વાલ | ૪૦ | ૮૮૩ | ૧૨૨૫ |
| ડુંગળી લીલી | ૧૪૩ | ૨૭૩ | ૪૯૨ |
| આદુ | ૫૨ | ૧૨૨૫ | ૩૦૧૮ |
| મરચા લીલા | ૪૦૨૬ | ૨૬૨ | ૬૮૮ |
| હળદર લીલી | ૯ | ૬૧૪ | ૮૦૨ |
| લસણ લીલું | ૨ | ૨૦૨૧ | ૨૫૧૧ |
| મગફળી લીલી | ૫૫૮ | ૫૫૪ | ૮૪૪ |
| મકાઈ લીલી | ૩૪૧ | ૧૬૨ | ૩૧૨ |
| બટેટા | ૩૮૪૦ | ૯૫ | ૩૧૬ |
| ડુંગળી સુકી | ૬૧૫ | ૩૫૦ | ૭૭૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૦૦ | ૧૭૫૪ | ૧૯૯૦ |
| ઘઉં લોકવન | ૧૨૦ | ૫૫૦ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૮૦૦ | ૫૫૫ | ૭૦૦ |
| જુવાર સફેદ | ૩૦ | ૧૧૫૧ | ૧૫૦૦ |
| જુવાર પીળી | ૧૦ | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૧૦ | ૪૨૭ | ૪૭૨ |
| મકાઈ | ૧૫ | ૪૫૦ | ૫૪૨ |
| તુવેર | ૩૦૦ | ૧૪૬૦ | ૧૯૨૦ |
| ચણા પીળા | ૭૦૦ | ૧૧૯૦ | ૧૫૦૦ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૪૫૦ | ૨૨૧૦ |
| અડદ | ૩૦૦ | ૧૪૦૦ | ૨૧૧૦ |
| મગ | ૩૦૦ | ૧૫૦૦ | ૧૮૭૫ |
| વાલ દેશી | ૯૦ | ૯૩૦ | ૧૭૦૧ |
| ચોળી | ૧૮૦ | ૯૯૯ | ૨૨૩૫ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ | ૧૧૮૯ |
| રાજમા | ૨૬ | ૧૬૪૦ | ૨૧૮૪ |
| સીંગદાણા | ૨૪૦ | ૧૬૨૫ | ૧૯૯૦ |
| મગફળી જાડી | ૧૬૦૦ | ૧૨૧૧ | ૧૬૮૫ |
| મગફળી જીણી | ૨૪૦૦ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| તલી | ૮૦૦ | ૨૨૫૦ | ૩૨૫૨ |
| એરંડા | ૮ | ૧૦૦૦ | ૧૫૬૦ |
| સોયાબીન | ૩૮૦૦ | ૧૧૬૦ | ૧૪૬૦ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૪૭૫ | ૧૬૪૦ |
| કાળા તલ | ૧૦૦૦ | ૨૭૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૭૬૦ | ૧૧૭૦ | ૨૪૦૦ |
| ધાણા | ૬૦ | ૨૭૦૦ | ૩૦૮૦ |
| ધાણી | ૪૦ | ૨૮૧૦ | ૩૧૫૧ |
| જીરૂ | ૧૦૮૦ | ૪૫૦૦ | ૫૨૦૦ |
| રાય | ૩૦૦ | ૧૪૦૦ | ૨૦૦૧ |
| મેથી | ૧૩૦ | ૧૧૪૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૨૭ | ૧૪૨૧ | ૧૫૦૩ |
| કલોંજી | ૨૪૦ | ૪૪૦૦ | ૪૯૪૫ |
| રાયડો | ૧૪૦ | ૧૩૫૦ | ૧૬૬૫ |
| રજકાનું બી | ૨૦ | ૬૧૦૦ | ૮૮૦૦ |
| ગુવારનું બી | ૨૦૦ | ૧૪૦૦ | ૧૫૬૦ |

# સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિષયક સેમિનાર યોજાયો

## કચરાના યોગ્ય વર્ગીકરણ, નિકાલ તેમજ સ્વચ્છતાના મહત્વ અંગે કર્મચારીઓને જાગૃત કરાયા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં સ્વચ્છતા પખવાડિયું-૨૦૨૬ અંતર્ગત ૧૪ ઑક્ટોબર ૨૦૨૬, બુધવારે સવારે ૧૧:૩૦ કલાકે રાજકોટ કંટ્રોલ કચેરી નજીક આવેલા આપત્તિ વ્યવસ્થાપન ખંડ (ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂમ) ખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૨૬ પર જાગૃતિ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમ યોજાયો હતો.




રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના ના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં તબીબી વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષક મનીષભાઈ ઉપાધ્યાયે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ઉપસ્થિત કર્મચારીઓને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનું મહત્વ, કચરાનું યોગ્ય વર્ગીકરણ, તેનો યોગ્ય નિકાલ અને સ્વચ્છતા જાળવવા અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવી અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની યોગ્ય પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવાનો હતો. કચરાનું યોગ્ય વર્ગીકરણ અને નિકાલ કાર્યસ્થળને સ્વચ્છ રાખવાની સાથે-સાથે પર્યાવરણ પર કચરાની પ્રતિકૂળ અસરો ઘટાડવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

# ઘરેલું હિંસાના કેસમાં પતિ સાસરિયાને નિર્દોષ છોડવાના હુકમને સેશન્સ કોર્ટે કાયમ રાખ્યો

## જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે શંકાનો લાભ આપ્યા સામે સરકાર પક્ષે અપીલ કરી હતી

**અબતક રાજકોટ**

દહેજ માટે પરિણીતા ઉપર શારિરીક માનસિક માનસિક ત્રાસ અને ધમકી અંગેના ઘરેલુ હિંસાના કેસમાં ટ્રાયલ કોર્ટે પતિ સાસરિયાઓને નિર્દોષ થોડી મૂક્યા અંગેના હુકમ સામે સરકાર પક્ષની અપીલ સેશન્સ કોર્ટે ના મંજૂર કરી જેએમએફસી અદાલતનો ચુકાદો કાયમ રાખ્યો છે. આ કેસની હકીકત મુજબ, આ કામના ફરીયાદી પરિણીતા દ્વારા સને ૨૦૨૨માં પતિ ચિરાગ ગોરધનભાઈ મારું સહિતના સાસરીયાઓ વિરુધ મહિલા પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે દહેજ તથા મારકૂટ અંગેની ઘરેલું હિંસા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની ફરિયાદ નોધાવી હતી. આ ફરીયાદ અન્વયેનો કેસ રાજકોટ જે.એમ.એફ.સી. કોર્ટમાં ચાલવા ઉપર આવતા બચાવ પક્ષના વકીલે કરેલી રજૂઆતો, દલીલો અને ઉચ્ચ અદાલતોના રજૂ કરેલા ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે પતિ, સાસરિયાઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

જે હુકમથી નારાજ થઈને સરકાર પક્ષે રાજકોટ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં આપીલ કરી હતી. જે અપીલ ચાલવા પર આવતા કેસને અનુરૂપ કાયદા તેમજ હકીકતની દલીલો તેમજ હાલના કેસને અનુરૂપ ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટ દ્વારા સરકાર પક્ષ દ્વારા કરાયેલ આપીલ નામંજુર કરતો તથા નીચેની કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો કરેલ હુકમ કાયમ રાખતો ચુકાદો આપ્યો છે. પતિ, સાસરિયાઓ વતી એડવોકેટ કિશન ડી. મીઠાપરા તથા તુષાર એચ. વાઘેલા રોકાયા હતા.

## રાજકોટના કુવાડવા રોડ પર

# બે વર્ષની માસુમની હત્યાનો ભેદ ઉકેલાયોઃ નિષ્ઠુર જનેતાએ જ પુત્રીને પતાવી દીધાનો ઘટસ્ફોટ

### ડી માર્ટ પાછળ આવેલી શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં રિસામણે માવતરે રહેતી પરિણીતાએ બીજા લગ્ન કરવામાં આડખીલીરૂપ દીકરીને પાંચમાં માળેથી ફેંકી મોતને ઘાટ ઉતારી દીધાનો ધડાકો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરનાં કુવાડવા રોડ પર આવેલ શહીદ ઉધમસિંહ ટાઉનશીપનાં પાંચમાં માળેથી બે વર્ષની માસુમ બાળકીને નીચે ફેંકી મોતને ઘાટ ઉતારી નાખવામાં આવી હતી. જે મામલે બાળકીની હત્યાની આશંકા પરીવાર દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. બાળકી આકસ્મિક રીતે નીચે પડી ગઈ હોય તે વાત પોલીસને પણ ગળે ઉતરતી ન હોય માટે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી ડિવિઝન પોલીસે ઝીણવટભરી તપાસ આદરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. બીજા લગ્ન કરવામાં આદખીલીરૂપ પુત્રીને નિષ્ઠુર જનેતાએ મોતને ઘાટ ઉતારી દીધાનો ધડાકો થવા પામ્યો છે. હાલ પોલીસે હત્યારી જનેતાને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી આદરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા રોડ ડી માર્ટ પાછળ સી-વિંગમાં પાંચમા માળે ફલેટ નં. ૫૦૪માં રહેતાં જગદીશભાઈ બાબુભાઈ પરસોડાની દોહીત્રી (દિકરીની દિકરી) સ્નેહલ સંજયભાઈ સાકરીયા (ઉ.વ.૨ વર્ષ ૪ મહિના)નું પાંચમા માળેથી નીચે પટકાતાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું છે. સાંજે સાતેક વાગ્યે આ ઘટના જાહેર થતાં સમગ્ર ટાઉનશીપમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.બાળકી જ્યાંથી નીચે પડી તે જગ્યાએ ચારેક ફુટ જેવી ઉંચી દિવાલ છે, આ દિવાલ પર માસુમ બાળકી કોઈ કાળે જાતે ચડી શકે નહિ. આ જોતાં તેણીને કોઈએ ઉંચકીને ફેંકી દીધાની દ્રઢ શંકા નાના જગદીશભાઈ, મામા સહિતે દર્શાવતાં ઘટના સ્થળે બી-ડિવીઝન પીઆઈ જી.આર.ચૌહાણ અને ટીમે પહોંચી ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી.



બનાવ અંગે મૃતક દીકરીના પરીવારે વધુમાં જણાવ્યું હતું કે, તેઓની દિકરી પૂનમબેન સંતકબીર રોડ રાજારામ સોસાયટી પાસે શક્તિ સોસાયટીમાં સાસરે છે. તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા સંજયભાઈ વશરામભાઈ સાકરીયા સાથે થયા છે. જમાઈ સંજયભાઈ ડ્રાઈવીંગ કરે છે. તેણીને સંતાનમાં એક દિકરી સ્નેહલ હતી.

દિકરી પૂનમબેન અને તેણીના પતિ સંજયભાઈ વચ્ચે મનમેળ ન હોય જેથી દિકરી એક વર્ષથી શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં માવતરે રહેતી હતી. પરીવાર આ ટાઉનશીપમાં નવ વર્ષથી રહે છે.

ઘટના બાદ બી. ડિવિઝન પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો. જે બાદ પોલીસની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં દીકરીની હત્યા તેની માતા પૂનમે જ કર્યાનો ખુલાસો થયો હતો.

જે અંગે વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, બે વર્ષની બાળકીની હત્યા બાદ પોલીસે સીસીટીવી સહિતના એંગલથી તપાસનો ધમધમાટ આદર્યો હતો. જોકે આ ઘટના સમયે કે પહેલા કોઈ બહારની વ્યકિત આ ટાઉનશિપમાં અવરજવર કરતી નજરે પડી ન હતી. જેથી તુરંત જ તે રેસીડેન્સીમાં રહેતા આડોશી પાડોશીઓની પણ સઘન પૂછ્તાછ આદરી હતી. તેમાં પણ કોઈ કલુ ન મળતા અંતે દીકરીની માતાની સઘન પૂછ્તા જ કરતા તે ભાંગી પડી હતી અને પોતે જ દીકરીને મોતને ઘાટ ઉતાર્યાની નિષ્ઠુર કબુલાત આપી હતી. તેમજ હત્યાના કારણ અંગે જણાવ્યું હતુ કે, તેણીને હવે બીજે લગ્ન કરવા હોય જેથી આ દીકરી તેને આડ ખીલી રૂપ બને તેમ હોય જેથી તેને હત્યાને અંજામ આપ્યો હતો. હાલ પોલીસે હત્યારી માતાને સકંજામાં લઈ વિશેષ તપાસ હાથ ધરી છે.

### ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી ડિવિઝન પોલીસની સંયુક્ત તપાસને સફળતાઃ ખૂની માતા સકંજામાં


Gujarat Technological University
INTERNATIONAL INNOVATIVE UNIVERSITY
ACCREDITED WITH A+ GRADE BY NAAC
AFFILIATED INSTITUTES 396
STUDENTS 225000+
FACULTY MEMBERS 14000+
Architecture
Engineering
Pharmacy
Management
Computer Applications
Applied Sciences

Courses Offered

GTU - School of Applied Sciences and Technology (GTU - SAST)
- B.Sc. Honors/Honors with Research (Biotechnology)
- M. Sc. (Industrial Biotechnology)
- PG Diploma in Bioinformatics
- PG Diploma in Intellectual Property Rights
- Doctor of Philosophy (Biotechnology)

GTU - School of Engineering and Technology (GTU - SET)
- BE (Computer Engineering)
- BE (Electronics and Communication Engineering)
- ME Computer Engineering (Cybersecurity)
- ME Electronics and Communication (VLSI Design)
- ME (Artificial Intelligence and Data Science)
- ME Civil (Structural Engineering)
- PG Diploma in Data Science
- Doctor of Philosophy

GTU - School of Management Studies (GTU - SMS)
- Bachelor of Business Administration
- MBA (International Business)
- MBA ((Innovation, Entrepreneurship and Venture Development)
- MBA (Fintech)
- MBA (International Business) (Online Mode) for working professionals
- PG Diploma in Digital Marketing
- PG Diploma in Hospital Management
- Doctor of Philosophy

GTU-Institute of Technology & Research (GTU-ITR) - Mehsana
- Diploma in Civil Engineering
- Diploma in Computer Engineering
- Diploma in Mechanical Engineering
- Diploma in Electrical Engineering
- BE (Civil Engineering)
- BE (Computer Engineering)
- BE (Mechanical Engineering)
- BE (Electrical Engineering)
- Integrated M.Sc. (Information Technology)
- PG Diploma in Cyber Security

GTU - School of Pharmacy (GTU-SP)
- Bachelor of Pharmacy
- M. Pharm (Pharmaceutical Regulatory Affairs)
- M. Pharm (Pharmaceutical Quality Assurance)
- M. Pharm (Pharmaceutics)
- M. Pharm (Phytopharmacy and Phytomedicine)
- Doctor of Philosophy

School of Indian Knowledge System-DHAROHAR
- MA (Hindu Studies)



Gujarat Technological University
Nr. Vishwakarma Government Engineering College,
Nr. Visat Three Roads, Visat - Gandhinagar Highway,
Chandkheda, Ahmedabad - 382424 - Gujarat
Phone: + 079-23267521 / 570
E mail: info@gtu.ac.in
registrar@gtu.ac.in
www.gtu.ac.in



વી.વી.પી. પરિવાર તરફથી "અબતક" પરિવારને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા
V.V.P. IPSA KSD
CELEBRATING 30 years of Academic Excellence
વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ ડીગ્રી અને ડીપ્લોમા
ઇન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેકચર ડીગ્રી અને ડીપ્લોમા
તથા કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન, રાજકોટ.
NBA NATIONAL BOARD OF ACCREDITATION Undergraduate (Electrical, EC & Civil)
100% PLACEMENT
ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા ભવિષ્યના એન્જીનીયરો, આર્કિટેક તેમજ ઇન્ટીરીયર ડીઝાઇનરનું નિર્માણ માત્ર વી.વી.પી. માં...
રાજકોટ, જામનગર, ગોંડલ તથા મોરબીના વિદ્યાર્થીઓ માટે કોલેજ આવવા-જવા માટે વી.વી.પી. તરફથી બસની સુવિધા છે તેની ફી માં સેમેસ્ટર દીઠ રૂા. ૨૫૦૦/- ની સહાય.
વિવિધ પ્રકારની પ્રી-પ્લેસમેન્ટ એક્ટીવીટી નામાંકીત રાષ્ટ્રીય તથા બહુરાષ્ટ્રીય કંપનીઓમાં શ્રેષ્ઠ પ્લેસમેન્ટ.
Material Testing Lab | NABL CERTIFIED Environment Audit Lab
: ટ્રસ્ટીશ્રી :
શ્રી કૌશિકભાઈ શુકલ । શ્રી હર્ષલભાઈ મણીઆર । ડો. સંજીવભાઈ ઓઝા । ડો. નરેન્દ્રભાઈ દવે । ડો. નવીનભાઈ શેઠ
પ્રો. (ડો.) પિયુષ વણઝારા આચાર્ય-વી.વી.પી. ઇજનેરી કોલેજ
પ્રો. દેવાંગ પારેખ આચાર્ય-ઇન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર
પ્રો. શૈલી ત્રિવેદી આચાર્ય-કિચ સ્કૂલ ઓફ ડીઝાઇન
વધુ વિગત, કેરીયર કાઉન્સેલીંગ તથા પ્રવેશ માર્ગદર્શન માટે કોલેજ ખાતે સંપર્ક કરવો.
વાજડી-વીરડા, કાલાવડ રોડ, મોટેલ ધી વીલેજ સામે, રાજકોટ-૫.
એન્જીનીયરીંગ : ૯૧૫૭૭ ૧૬૭૮૧, Website : www.vvpedulink.ac.in,
email : vvpedulink@gmail.com, info@vvpedulink.ac.in
આર્કિટેકચર/ઇન્ટીરીયર ડીઝાઇન : મો. ૯૪૨૮૨ ૦૦૬૯૮, Website : www.ipsarajkot.org
email : ipsarajkot@gmail.com, ksdrajkot@gmail.com



આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઇનિંગ મથક



રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઇનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઇનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઇનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઇનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઇ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા
રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન